
: વર્ષ: ૧૫: અંક ૪; જ્યેષ્ઠ—૨૦૧૪ જુન: ૧૯૫૮ :



શ્રી ભોયણીજી (ગુજરાત) તીર્થનું એક અનુપમ દૃશ્ય.
( શ્રી ડાહ્યાલાલ એસ. દોશી મહેસાણાના સૌજન્યથી )

સંપાદક : સોમચંદ ડી. શાહ

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

## વિષય દર્શન


નાની શી વાત — શ્રી મોહનલાલ ધામી ૨૧૧
રાજદુલારી — શ્રી મોહનલાલ ધામી ૨૧૪
મહાસાગરનાં મોતી
પૂ૦ આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ૦ ૨૧૯
પુણ્ય હેય કે ઉપાદેય
મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મ૦ ૨૨૨
જ્ઞાનગોચરી — શ્રી ગવેષક ૨૨૫
આત્માના આઠ પ્રકાર
મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મ૦ ૨૨૯
મધપૂડો — શ્રી મધુકર ૨૩૧
જમાઈને જેલમાં નંખાવ્યા
મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મ૦ ૨૩૫
અજબ શિલ્પ — શ્રી પદ્માનુજ ૨૪૦
જ્ઞાનવિજ્ઞાનની તેજછાયા — શ્રી કિરણ ૨૪૩
સાધનામાર્ગની કેડી — શ્રી પથિક ૨૪૮
પરિમલ — શ્રી શિશિર ૨૫૧
ચહ પુસ્તક ક્યાં
મુનિરાજ શ્રી જયંતવિજયજી મ૦ ૨૫૫
મારો અનુભવ — શ્રી અમૃતલાલ મોદી ૨૫૭
સુવાસ — શ્રી એન બી. શાહ ૨૫૯
પ્રાચીન વરમણ તીર્થ
મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મ૦ ૨૬૧
ચિંતન ધારા — પ્રિયદર્શન ૨૬૨
વહેતાં વહેણો — શ્રી પ્રવાસી ૨૬૪
દ્રવ્યાનુયોગની મહત્તા
પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી મ૦ ૨૬૯
પારિતોષિક યોજના — સં૦ ૨૭૦
સમાચાર સાર — સંકલિત ૨૭૨


*

# સભાષ્ય-તત્ત્વાર્થાધિગમ સૂત્રની મહત્તા

## [પ્રથમાધ્યાય વિવરણની ગૂઢાર્થદીપિકા ટીકા]

### શ્રી કપૂરચંદ રણછોડદાસ વારૈયા-પાલીતાણા

[એક ગ્રન્થરત્નનો ટૂંક પરિચય]

પૂ૦ શ્રી ઉમાસ્વાતિ વાચક પ્રવર વિરચિત શ્રી **તત્ત્વાર્થાધિગમ** સૂત્ર જૈન શાસ્ત્ર ગ્રન્થોમાં અનુપમ સ્થાન ધરાવે છે. દ્વાદશાંગીના સાર રૂપે આ તત્ત્વાર્થસૂત્રની રચના કરી છે. સૂત્રની વ્યાખ્યા એ છે કે-અલ્પાક્ષરૈઃ બહ્વર્થાન્ સૂત્રયતીતિ સૂત્રમ્। અલ્પ અક્ષરોમાં ઘણા અર્થોને ગૂંથે તે સૂત્ર. આ વ્યાખ્યા આ ગ્રંથની રચનાશૈલી જોતાં આપણને સ્પષ્ટપણે સમજી શકાય છે.

આ ગ્રંથમાં જૈન તત્ત્વજ્ઞાન સંબંધી અનેક વિષયો જેવા કે- ચૌદ રાજલોકનું સ્વરૂપ, સાત (નવ) તત્ત્વો, સપ્તભંગી, નય,પ્રમાણ, જડ-ચૈતન્ય-વિજ્ઞાન વગેરે અનેક વિષયોનું હૃદયંગમશૈલિયે વર્ણન કરવામાં આવેલ છે.

આ મૂલ ગ્રન્થ દશ અધ્યાયમાં વહેંચીને રચવામાં આવેલ છે. મૂલ સૂત્ર ૧૯૮ શ્લોક પરિમાણ છે. આ મૂલ સૂત્ર ઉપર પૂ૦ શ્રી ઉમાસ્વાતિ વાચકવર વિરચિત સ્વોપજ્ઞ ભાષ્ય ૨૨૦૦ શ્લોક પ્રમાણ છે, જેની અંદર સૂત્રોના ભાવને સ્પષ્ટ કરવામાં આવેલ છે.

તત્ત્વાર્થાધિગમ સૂત્ર જૈનોના બન્ને સંપ્રદાયોમાં ઉત્તમ સ્થાન ધરાવે છે. દિગમ્બર સંપ્રદાયમાં આ ગ્રંથની મોક્ષશાસ્ત્ર તરીકે પ્રસિદ્ધિ છે.

શ્વેતામ્બર સંપ્રદાયમાં જેમ પ્રથમ ષડાવ-

:: વર્ષ ૧૫ :: :: જુન ૧૯૫૮ :: :: અંક ૪ ::

કલ્યાણ

# નાની શી વાત

વૈદ્ય મોહનલાલ ચુ. ધામી

માનવી પાસે ઇતર પ્રાણીઓ કરતાં જ્ઞાન, બુદ્ધિ અને મન વધારે વિકસ્વર થયેલ હોય છે.

આ ત્રણ વસ્તુમાં જ્ઞાન એ મુખ્ય અને વેધક છે. મન અને બુદ્ધિ એ બે તત્ત્વો ઘણીવાર માનવીને જ્ઞાનના રાહથી દૂર ધકેલી દેતાં હોય છે, પરંતુ જો માનવી જ્ઞાનના પ્રકાશ વડે નિરીક્ષણ કરવાની દૃષ્ટિ રાખે તો તેને મન અને બુદ્ધિ સન્માર્ગના સાથીરૂપે સહાયક બનતાં રહે છે.

આ ત્રણ વસ્તુ માનવીને સહજ રૂપે ઉત્તમ મળેલ હોવા છતાં માનવી જીવનના દરેક પ્રસંગોમાં એનો ઉપયોગ કરતો નથી....ખાસ કરીને જ્ઞાનનો ઉપયોગ કરતો નથી.... કાં તો માનવી બુદ્ધિવાદનો ગુલામ બને છે, અથવા મનનો દાસ બની જાય છે. આમ થવાથી એના નિર્ણયો ઘણીવાર એને પોતાને જ વેદનાભર્યાં અથવા વસમા નિવડતા હોય છે.

આપણા જીવનમાં જ્ઞાન, બુદ્ધિ અને મનનો ત્રિવેણી સંગમ થયેલો હોવા છતાં દરેક પ્રશ્નોનો ઉતાવળે નિર્ણય કરી નાખવાનો રોગ આપણને વળગેલો છે.

મન અથવા બુદ્ધિથી દોરાઇને જ્યારે આપણે નિર્ણય કરતા હોઇએ છીએ ત્યારે પરિણામ એ આવે કે આપણે કરેલો નિર્ણય....જે ખરી રીતે આપણા હિતના વિચારમાંથી જ જન્મેલો હોય છે....છતાં આપણી મુશ્કેલીનું કારણ બની જાય છે. શા માટે? એનો ઉત્તર માત્ર એટલો જ છે કે આપણે જ્ઞાનના પ્રકાશથી નિહાળવાની ખુલ્લી ઉપેક્ષા કરી હોય છે. મન આંધળું છે અને બુદ્ધિ બહેરી છે. અંધ માણસ જેમ પ્રકાશને જોઇ શકે નહિં, તેમ મન જ્ઞાનનાં અજવાળાને જોઇ શકતું નથી. પણ એ જ અંધ મન જો જ્ઞાનનું દોરવ્યું દોરાતું હોય તો જીવનની તમામ વેદનાઓ આપોઆપ નષ્ટ બની જાય.

એ જ રીતે બહેરા માનવી પાસે ઉત્તમમાં ઉત્તમ સંગીત ગવાતું હોય તો પણ તે કેવળ શૂન્ય બને છે. બહેરી બુધ્ધિ જ્ઞાનમાં રહેલા જીવન-સંગીતને સાંભળી શકતી નથી. એ માત્ર પ્રકાશ જોઇ શકે છે....પરંતુ જ્ઞાનનો આદેશ સાંભળવાની તેનામાં શક્તિ ન હોવાથી ઘણીવાર તે પોતાની જાતને જ્ઞાન કરતાંય મહાન માની બેસે છે અને પછી તો એણે કરેલો નિર્ણય માનવીને રઝળપાટ કરાવતો હોય છે. પરંતુ જો બહેરી બુધ્ધિ જ્ઞાનના ઈશારાને પકડી લ્યે તો એની બધિરતા આશીર્વાદ રૂપ બની જાય છે. આમ જીવનમાં રહેલા મુખ્ય તત્ત્વ જ્ઞાનને મન અને બુધ્ધિ અનુકૂળ રહે તો માનવી જે કંઇ નિર્ણય કરે તે કેવળ હિતકારક જ પૂરવાર થાય છે.

પણ આપણે ધૈર્ય ગુમાવી બેઠેલા માણસો છીએ. જ્ઞાન તો સ્વભાવથી જ શાંત અગાધ અને અપાર હોય છે....મન સ્વભાવથી જ વેશ્યા જેવું ચંચળ, આકર્ષક અને દ્રુતગામી હોય છે....બુધ્ધિ કોઇ પર્વત જેવી ઉત્તુંગ હોય છે.

માનવી જ્યારે બુધ્ધિરૂપી પર્વતના ઉંચા શિખર પર વિહરવા માંડે છે ત્યારે એની દૃષ્ટિ વિરાટ રૂપે પડેલા જ્ઞાન સામે ભાગ્યે જ સ્થિર બનતી હોય છે.

આથી માનવી પોતાના નિર્ણયો કરતી વખતે બહુધા બુધ્ધિ અથવા મનને જ અનુસરતા હોય છે અને એનું નામ જ ઉતાવળ કહેવાય છે.

જેમ કોઇ સટોડીયો પોતાના ચંચળ મનને કે બહેરી બુધ્ધિને વશ બની, સ્વપ્ન, રૂખ કે એવાજ કોઈ નિમિત્તનો સહારો લઈ ભાવની અટકળ બાંધી લે છે અને એ અટકળને પોતાના હિતનો ચમત્કાર સમજી ધંધાનો દાવ પણ ખેલી નાંખે છે. અને આ રીતે ખેલાતા દાવ મોટે ભાગે ખેલાડીને જ ધરતી ભેગો કરતા હોય છે. કારણ કે આ રીતનો નિર્ણય કરતી વખતે ખેલાડીના પ્રાણમાં મન અથવા બુધ્ધિનો જ આદેશ થયેલો હોય છે....જ્ઞાનનો કોઇ નિર્ણય તેણે ઝીલ્યો હોત તો તે ખેલાડી બનવાનું કદી પસંદ કરત નહિં. કારણ કે આવા કાર્યમાં જ્ઞાન કદી સહાયક થતું નથી.

એ જ રીતે કોઈપણ નાનું મોટું યુધ્ધ અથવા તો કોઇપણ નાનામોટા શાસન તરફથી આવતાં કર-કાયદા વગેરે પાછળ જ્ઞાનની ખુલ્લી ઉપેક્ષા જ હોય છે...એ બધા નિર્ણયો પાછળ કેવળ આંધળું મન અથવા બહેરી બુધ્ધિનોજ આદેશ પડેલો હોય છે.

જીવનના, સમાજના, સંઘના, પક્ષના, નગરના કે રાષ્ટ્રના કોઈપણ નિર્ણય પાછળ પછી એ નિર્ણય નાનો હોય કે મોટો હોય...જ્ઞાનનો પ્રકાશ નથી હોતો ત્યારે ગમે તેવા ડાહ્યા પુરૂષોએ કે સંસ્થાઓએ કરેલા એ બધા નિર્ણયો ઉતાવળીયા જ પૂરવાર થતા હોય છે.

માનવજીવન એ પુણ્યથી પ્રાપ્ત થયેલા શુભ કર્મની એક મહામૂલી ભેટ હોવા છતાં અથવા તો ભવભ્રમણના મુક્તિદ્વારે પહોંચવાની તક હોવા છતાં આપણે આપણા જીવન તરફ કે આપણા કાર્યો તરફ ગંભીરતાપૂર્વક વિચાર કરતાં નથી; એટલું જ નહિં

પણ મન અને બુધ્ધિના ગુલામ બનીને આપણે ઉતાવળા નિર્ણયો જ કરી નાંખતા હોઇએ છીએ.

અને જ્ઞાનની સદંતર ઉપેક્ષાના પરિણામે આપણે કાંતો પક્ષાંધ બનતા હોઈએ છીએ અથવા તો સહુ કરતા મહાન હોવાના દંભનો શિકાર થતા હોઇએ છીએ.

આપણી વિચારધારા મોટે ભાગે દુઃખનું ઉત્પાદન કરવામાં કારણભૂત રહેલા સુખના ક્ષુદ્ર અને સામાન્ય માર્ગો શોધવામાં રોકાયેલ હોય છે.

આથી ચેતનાના અંતઃસ્થળમાં પડેલા જ્ઞાન પ્રત્યે નિહાળવાની આપણે દરકાર કરતા નથી. અને મન તથા બુધ્ધિના અશ્વો વડે આપણો જીવનરથ ચલાવતા રહીએ છીએ. એનું પરિણામ આપણે ભોગવીએ છીએ :—

—મનને શાંતિ આપનારૂં સુખ દૂર દૂર જતું હોય છે.

—સુખ માટેના માર્ગો જ કંટકમય બનતા હોય છે.

—જીવનની મધુર કવિતા જ્ઞાનના અભાવના કારણે સાવ કંગાલ બની જતી હોય છે.

—સમાજ, રાષ્ટ્ર કે જીવનના કોઇપણ પાસામાં આપણને સંતોષ મળતો નથી.

અને આ બધાં પરિણામો રોજબરોજ આપણી સામે આવતાં હોય છે. છતાં એક નાનીશી વાત આપણા હૃદયને રુચતી નથી.

એ નાનીશી વાત છે:—જ્ઞાનદષ્ટિને આદર આપવો.

પણ ચંચળ મન અને પર્વત જેવી બુધ્ધિ તળે દટાયેલા આપણે આપણા જ જીવનના કલ્યાણની નાનીશી વાત પ્રત્યે નજર સરખી યે કરતા નથી.


## જાહેરખબરના દર આ મુજબ છે.

| | ૧ માસ | ૩ માસ | ૬ માસ | ૧૨ માસ |
|---|---|---|---|---|
| ૧ પેજ | ૩૦ | ૭૫ | ૧૨૫ | ૨૦૦ |
| ૧/૨ ,, | ૨૦ | ૪૫ | ૭૫ | ૧૨૫ |
| ૧/૪ ,, | ૧૨ | ૩૦ | ૫૦ | ૭૫ |
| ૧/૮ ,, | ૮ | ૨૦ | ૩૦ | ૫૦ |

ટાઈટલ પેજ ૨ જું રૂા. ૪૦, ટાઈટલ પેજ ૩ જું રૂા. ૩૫

ટાઈટલ પેજ ૪ થું રૂા. ૫૦, એક જ વખતના

લખોઃ– કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા (સૌરાષ્ટ્ર)

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા........

# રાજદુલારી



લેખક: વૈદરાજ શ્રી. મોહનલાલ ચુનીલાલ ધામી

**પૂર્વપરિચય:** મહારાણી કલાવતી ગર્ભવતી છે, રાણીના પિતા વિજયસેન રાજા, પુત્રીને દેવશાલ બોલાવવા રાજપુરૂષોને મોકલે છે. યુવરાજ જયસેન બ્હેનને સારૂ વજ્ર કંકણુ મોકલે છે. બ્હેન ભાઇના પ્રેમને નિખાલસ શબ્દોમાં આવકારે છે. શંખસેન રાજા રાણી કલાવતીના એ શબ્દો સાંભળતાં શંકાના અગ્નિથી ધૂંધવાય છે. ને વનવિહાર માટે પોતે નીકળી પડયા બાદ ગર્ભના જેને સાત મહિના પૂરા થાય છે, તેવી રાણી કલાવતીને પોતાના સારથિ દ્વારા રથમાં બેસાડી ઘોર જંગલમાં નદી કાંઠે ધકેલી દે છે, ને ક્રૂર હૃદયે રાણીના કંકણોવાળા બે હાથના કાંડા કપાવડાવે છે. રાણી નિર્દોષ, પવિત્ર તથા સ્વામીનિષ્ઠ સતીરત્ન હોવા છતાં સ્વામી તરફની આવી ઘોર વિપત્તિને પોતાના દુષ્કર્મનો ઉદય માની ધીરપણે સહન કરે છે. સારથિ કપાયેલા બે હાથોને રાજા પાસે લઇ જાય છે. હવે વાંચો આગળ

## પ્રકરણ ૨૦ મું

## આંચકો!

રાત વધુ ને વધુ ભેંકાર બની રહી હતી.

ગાઢ વનમાં રઝળતાં નિશાચર પ્રાણિઓનાં હુંકાર વાતાવરણને ધ્રૂજાવતા હતા.

દેવી કલાવતીની મૂર્છિત કાયાની બાજુમાં જ વહેતી નાની સરિતા પોતાના મનોહર સંગીત વડે રાત્રિના ભેંકાર વાતાવરણને જાણ્યે હળવું બનાવી રહી હતી.

આસપાસ વિકટ વન હતું.

ઉપર આભનો ચંદરવો હતો. આભની અટારીએ અસંખ્ય તારાગણો જાણ્યે દેવી કલાવતીના મૂર્છિત દેહને કરુણ નજરે નિહાળી રહ્યા હોય તેમ લાગતું હતું.

જેમ નયનો સજળ બન્યા પછી ઝાંખુ ઝાંખુ દેખાય તેમ તારાઓનાં તેજ ઝંખવાઈ ગયાં હતાં. જાણ્યે તેમના નયનો કરુણતાથી સજળ બની ગયાં હતાં - એમના સ્વાભાવિક તેજ આડે જાણ્યે કારુણ્યનો એક પડદો આવી પડયો હતો.

સંસારની એક શ્રેષ્ઠ નારી કોઈપણ પ્રકારના ગુન્હા વગર કેવળ પોતાના કોઇ કર્મના પ્રતાપે આજ અંધારી રાતે અને લોહી નીંગળતા હાથે ભયંકર અટવીમાં મૂર્છિત બનીને પડી હતી.

એના સ્વામીની આજ્ઞાથી એના બંને કાંડા કપાયાં હતાં પણ કલાવતીના મૂર્છિત વદન પર સ્વામી પ્રત્યેના રોષની કે એવી કોઇ એકાદ રેખા સરખી યે નહોતી ઉપસી આવી.

બાલ્યકાળથી જ તે નવકાર મંત્રનો પ્રભાવ સમજી ગઈ હતી અને દુ:ખના ગમે તેવા પ્રસંગે નવકારમંત્ર જેવો કોઈ સહારો સર્વોત્તમ નથી એમ તે માનતી હતી. તેની આ શ્રદ્ધાએ તેના દર્દને જાણ્યે હળવું કરી વાળ્યું હતું.

રાજા શંખનો સારથિ જે સમયે તેના બંને કાંડા કાપી રહ્યો હતો તે સમયે કલાવતીએ મનમાં નવકારનું સ્મરણ શરૂ કર્યું હતું અને તે મૂર્છિત થઇ ત્યાં સુધી એના મુખમાં નવકારમંત્રનું સ્મરણ ચાલુ રહ્યું હતું.

શ્રદ્ધાપૂર્વક થતા નવકારમંત્રના સ્મરણનો પ્રભાવ અત્યારે અંધારઘેરી રાતે પણ જાણ્યે મહાદેવીના વદન પર પથરાયેલો પડયો હતો.

વનમાં હિંસક પ્રાણીઓના હાકોટા થતા હતા... કોઈ કોઇ હિંસક પ્રાણીઓ જળપાન માટે નદી-કિનારે આવતા અને પાણી પીને ચાલ્યાં જતાં.

આમ ને આમ રાત્રિનો ચોથો પ્રહર શરૂ થયો. પણ રાણી કલાવતીની મૂર્છા ન વળી...જાણ્યે તે ગાઢ નિદ્રામાં પડી હોય તેમ જણાતું હતું.

અને પૂર્વાકાશમાં ઉષાએ પોતાનો પાલવ પાથર્યો.

પંખીઓએ પ્રાતઃગાન શરૂ કર્યું.

મહાદેવી કલાવતીની મૂર્છિત કાયા સહેજ હલી.

અને એજ વખતે એક વૃદ્ધ તાપસ હાથમાં કમંડલ લઇ, ભગવાન પિનાકપાણિનું સ્મરણ કરતો કરતો નદી કિનારે આવી ચડયો.

તાપસ વયોવૃદ્ધ હતો છતાં તેની કાયા સશક્ત હતી. તે ઉચ્ચ સ્વરે ભગવાન શંકરનું સ્મરણ કરતો કરતો નદીમાં ઉતર્યો અને સ્નાન કરવા માંડયો. સ્નાન કરતાં કરતાં તે કંઇક મંત્રોચ્ચાર કરતો હતો...પરંતુ તેની નજર થોડે જ દૂર એક શિલા પાસે પડેલી રાજદુલારી પર નહોતી પડી.

સૂર્યના પ્રથમ કિરણો પૂર્વાકાશમાં ઝળહલવા માંડયાં.

તાપસે સૂર્ય સામે નમસ્કાર કરીને અર્ધ્ય આપવા માંડયો...ત્યારપછી કિનારે આવી કોપિન બદલાવી ગગન સામે જોઈ બે હાથ જોડી તેણે કંઈક પ્રાર્થના કરી.

અને જ્યારે તે પાછા ફર્યા ત્યારે તેની દૃષ્ટિ એકાએક મૂર્છિત રાજદુલારી પર પડી.

ગુલાબના ફુલ જેવી એક નવયૌવના નારીને જોતાં જ વૃદ્ધ તાપસના હૃદયમાં આશ્ચર્ય ઉભરાયું. તે રાજદુલારી તરફ વળ્યો...નજીક આવીને જોતાં જ તેનું આશ્ચર્ય અનેકગણું વધી પડયું. તે જોઇ શકયો કે આ સુંદર નારીના બંને કાંડા કપાયેલા છે...કાંડા પર વીંટેલા વસ્ત્રના પાટા રક્તથી ભીંજાયેલા છે...તેના દેહ પર શોભી રહેલા અલંકારો સૂર્યના પ્રથમ કિરણો સાથે રમી રહ્યા છે...અરે... પણ આ શું ? આ નારી તો સગર્ભા લાગે છે ! આ નારીને અહિં કોણ લાવ્યું હશે ? ક્યા દુષ્ટે તેના કાંડા કાપી નાંખ્યાં હશે ?

વૃદ્ધ તાપસે વાંકા વળી દેવી કલાવતીના નાક પાસે પોતાનો હાથ રાખ્યો. તેને ખાત્રી થઇ કે આ સુંદર નારી જીવિત છે.

વૃદ્ધ તાપસે તરત પોતાના કમંડલમાંનું પાણી અંજલી ભરી ભરીને કલાવતીના મુખ પર છાંટવા માંડયું.

અને થોડી પળો પછી રાણી કલાવતીએ આંખો ખોલ્યાં...તે બેઠી થવા ગઇ પણ કાંડા કપાયેલાં હતાં એટલે ટેકો દઈ શકાય તેમ નહોતું.

વૃદ્ધ તાપસે તેના મસ્તકને ટેકો આપી કલાવતીને બેઠી કરતાં કહ્યું :" મા, ભગવાન મહેશ્વરની કૃપાથી તું બચી ગઈ છે...બેઠી થા...આ વનમાં ભાગ્યે જ કોઇ માનવી આવતું હોય છે...તું કેવી રીતે આવી ? તારા બંને હાથનાં કાંડા કોઈએ કાપી નાંખ્યાં હોય એમ લાગે છે...એવો નરાધમ કોણ છે કે જેણે તારા જેવી સતી સાધ્વી નારી પર..."

વચ્ચેજ કલાવતીએ કહ્યું :

"મહાત્મન્ આપ શાંત રહેજો...મારા સ્વામીની પ્રસન્નતા ખાતર મેંજ મારા કાંડા કપાવ્યાં છે...કોઇને અભિશાપ દેશો નહિં."

નારીના આ શબ્દો સાંભળીને વૃદ્ધ તાપસનું હૃદય પ્રફુલ્લ બની ગયું. એના પ્રાણમાં થયું...ધન્ય છે આર્યનારીને ! મોત વચ્ચે મૂકાવા છતાં પોતાના સ્વામીનો કોઇ દોષ જોતી નથી... સ્વામીનું અમંગળ ઇચ્છતી નથી. વૃદ્ધ તાપસે મૃદુ મધુર સ્વરે કહ્યું :" મા, તારું નામ શું ?"

"મારું નામ કલાવતી..."

"દીકરી, તું એકાદ કોશ ચાલી શકીશ ? મારો આશ્રમ આ વનમાં જ છે, તારો ચહેરો જોતાં મને લાગે છે કે તું માતા થવાની છે."

"હા બાપુ ...હું આપના આશ્રમે આવી શકીશ." કહી કલાવતી ઉભી થઈ.

વૃદ્ધ તાપસ ઘણા જ ભાવપૂર્વક કલાવતીને લઇને વનનાં અભ્યંતર ભાગમાં ચાલતો થયો.

વૃદ્ધ તાપસની પાછળ પાછળ કલાવતી ચાલતી હતી. તેના મનમાં અનેક પ્રશ્નો ઉભા થતા હતા ;" સ્વામીને મારા કાંડાની શી જરૂર પડી હશે? આ રીતે વનમાં મૂકીને કાંડા કાપવા કરતાં તેઓએ માંગ્યાં હોત તો હુંજ હર્ષપૂર્વક મોકલી દેત ! મારો

એવો કયો અપરાધ થયો હશે કે જેના પરિણામે..."

આ બધા વિચારોથી દેવી કલાવતીનું ચિત્ત કંપી ઉઠ્યું : 'ઓહ મારી મૂર્ચ્છા શા માટે વળી? મૃત્યુની મીઠી ગોદમાં હું સમાઈ ગઈ હોત તો..."

આ વિચાર પુરો થાય તે પહેલાં જ આગળ ચાલી રહેલો વૃદ્ધ તાપસ બોલી ઉઠયો:" પુત્રી, મનને સ્વસ્થ રાખજે...તારા ચિત્તમાં અવળો વિચાર કેમ આવ્યો?"

કલાવતીને થયું આ વૃદ્ધ તપસ્વી ખરેખર દ્રષ્ટા છે...પવિત્ર છે. તે બોલી:" બાપુ, કપાયેલા હાથે મા બનીને મારા બાળકને હું કેવી રીતે સાચવી શકીશ? આ ચિંતાના લીધે જ..."

વૃદ્ધ તપસ્વીએ સહાસ્ય વદને ચાલતા ચાલતાં જ કહ્યું: "મા, તારા ઉદરમાં સુંદર, તેજસ્વી અને પુણ્યવાન પુત્રરત્ન બીરાજે છે... આવો પુણ્યવાન જીવ શું આનાં સુખથી વંચિત રહી શકશે? ના, મા ના, એમ બને જ નહિં. અને સતી નારીના અંતરમાં અમોઘ શક્તિ છુપાયેલી પડી હોય છે."

આ શબ્દો સાંભળીને કલાવતીના પ્રાણમાં છુપાયેલું બળ જાણે સજાગ બન્યું...વદન પર અંકિત થયેલી નિરાશાની રેખાઓ જાણે અદ્રશ્ય થઇ ગઈ તેના મનમાં થયું આ વૃદ્ધ દ્દષ્ટાએ આશ્વાસન આપ્યું છે કે ભાગ્ય કહ્યું છે?

ગાઢ વન વચ્ચે પસાર થતી એક પગદંડી પર વૃદ્ધ તપસ્વીની પાછળ પાછળ કલાવતી ચાલી રહી હતી.

મંગલાદેશની રાણી અને દેવશાલ નગરીની રાજદુલારી કલાવતી આજ અડવાણા પગે અને કપાયેલા હાથે વિકટ વનમાર્ગ વચ્ચેથી એક વૃદ્ધ તપસ્વીના આશ્રમે જઇ રહી હતી.

જેના ચરણ કદી પણ ધરતી પર પડયા નહોતા, જેની આસપાસ આજ્ઞાંકિત અને ઉત્તમ દાસીઓનું જુથ સદાય આજ્ઞા ઝીલવા માટે ખડે પગે ઉભું રહેતું, જેના એક બોલ પર સ્વર્ગની સમૃદ્ધિ ચરણ આગળ આવી પડતી હતી, જેના પિતા સમર્થ રાજવી હતા, જેનો ભાઇ બળવાન અને પ્રેમાળ હતો અને જેનો પતિ સદાય પ્રિયતમાના નયનપલ્લવમાં પુરાઈ રહેવામાં સૌભાગ્ય સમજતો હતો તે રાજદુલારી કલાવતી આજ ઉદરમાં રહેલા બાળક સાથે વિકટ વન વચ્ચે જઇ રહી હતી.

પુણ્યનો ઉદય જ્યારે ચાલતો હોય છે ત્યારે માનવી પાપના ઉદયની કલ્પના પણ કરી શકતો નથી.

સુખ અને સમૃદ્ધિની છોળો વચ્ચે માનવીને એવો ખ્યાલ પણ નથી આવતો કે પુણ્યનો ઉદય પુરો થતાં આ બધી માયાજાળ એક સ્વપ્ન માફક વેરણ છેરણ બની જશે!

કલાવતી તો જૈનધર્મના મહાન આદર્શથી રંગાયેલી હતી. તે સમજતી હતી કે મારા પાપોદયનું જ આ પરિણામ છે. જો એમ ન હોય તો પ્યારથી છલકતા હૃદયવાળા સ્વામીના અંતરમાં પોતાની વહાલી પત્નીને વન વચ્ચે હાથ વગરની કરીને મૂકવાનો ભાવ શા માટે જાગે? જે સ્વામી પળે પળે પત્નીના કુશળની ચિંતા સેવતો હોય તે સ્વામી આવું કઠોર કદમ શા માટે ઉઠાવે? ના... ના... ના... સ્વામીનો કોઇ દોષ નથી... દોષ મારા કોઇપણ પૂર્વ કર્મનો જ છે, અને પાપ કર્મનું પરિણામ ભોગવ્યા વગર છૂટકો નથી. પાપ કે પુણ્યનું પરિણામ અનિચ્છા હોય તો પણ વેઠવું પડે છે... ભોગવવું પડે છે. તો પછી શા માટે મનને સ્વસ્થ રાખીને પાપોદયનું પરિણામ ન ભોગવવું? શા માટે ધર્મનું શરણું ન સાચવી રાખવું? પાપ આવે કે પુણ્ય આવે... ધર્મનું શરણ તો એવું વિશાળ છે કે બંનેને આશ્રય આપી શકે છે.

આવા ઉત્તમ વિચારો સાથે કલાવતી વૃદ્ધ તપસ્વીની પાછળ પાછળ જઈ રહી હતી...

અને ચાલતાં ચાલતાં એકાએક વૃદ્ધ તપસ્વીએ કહ્યું: "જો... મા, સામે દેખાય તે મારો આશ્રમ..."

કલાવતીએ સામે નજર કરી. જોયું તો એક નાના પર્વતની ઓથે સુંદર વૃક્ષોથી શોભતું એક નાનકડું મેદાન હતું... એ મેદાનની વચ્ચે બે પર્ણકૂટિરો હતી.. અને એક સુંદર ઝરણું વહેતું હતું... આશ્રમના નાના મેદાનમાં વિધવિધ પ્રકારનાં પશુ પંખીઓ કલ્લોલ કરતાં હતાં.

દ્દશ્ય અતિ મનોહર અને પ્રેરણાદાયક હતું. કલાવતીના મનમાં થયું, શું આ આશ્રમમાં અન્ય કોઇ માનવી નહિ હોય?

કારણ કે અન્ય કોઈ માણસો હોય એવું દેખાતું નહોતું.

તપસ્વીએ કહ્યું: "મા, આજે કેટલાક વરસોથી એકલો રહું છું... આવા વિકટ વનમાં કોણ આવે? આજ ભગવાન નટેશ્વરે આ ગરીબ બ્રાહ્મણની પ્રાર્થના સ્વીકારીને એક મા મોકલી આપી."

આશ્રમ ફરતી કાંટાની મજબુત વાડ હતી. અંદર જવાનો ઝાંપો ખુલ્લો જ હતો બંને અંદર ગયા. કલાવતી વહી રહેલા સુંદર ઝરણા સામે જોઈને બોલી ઉઠી: "બાપુ, ઝરણું તો અતિ નિર્મળ છે."

"હા મા. છતાં હું સ્નાન કરવા તો હંમેશ નદીએ જ જાઉં છું. એમ કરવાથી થોડુંક ચાલી શકાય." વૃદ્ધ તપસ્વીએ કહ્યું.

થોડીવાર પછી એક પર્ણકૂટિર પાસે પહોંચીને વૃદ્ધે કહ્યું: "મા, આ તારી કૂટિર... બાજુની કૂટિરમાં હું રહું છું... આ કૂટિર મારા અભ્યાસનાં છે... તને સુખ મળશે. હું થોડાં ફળ લઇને આવું છું... તું અંદર જઈને આરામ કર."

કલાવતી મનમાં નવકારમંત્રનું સ્મરણ કરીને કૂટિરમાં દાખલ થઈ. વૃદ્ધ તપસ્વી તાજાં ફળો લેવા માટે આશ્રમના ઉપવન તરફ ગયો.

આ સમયે રાજા શંખના પડાવમાં સારથી પહોંચી ગયો હતો. રાજા શંખ સૂર્યોદય પહેલાં શિબિરમાંથી બહાર નીકળીને રાહ જોઇ રહ્યો હતો... પરંતુ વિશ્વાસુ સારથીને આવતાં ઘણો વિલંબ થયો... લગભગ અર્ધ પ્રહર દિવસ વીતી ગયા પછી સારથી આવી પહોંચ્યો. એ વખતે શંખ પોતાની શિબિરમાં બેઠો હતો.

સારથી રાણી કલાવતીના બંને કાંડા એક થાળમાં રાખી, થાળને ઢાંકી ધ્રૂજતા ચરણે રાજા શંખની શિબિરમાં દાખલ થયો. સારથીને જોતાં જ શંખે કહ્યું: "કાર્ય પતી ગયું?"

"હા, કૃપાવતાર!" કહી સારથીએ એક ત્રિપદી પર કાંડાવાળો ઢાંકેલો થાળ મૂકયો.

શંખે પ્રશ્ન કર્યો. "મહાદેવીને નિર્જન સ્થળે છોડેલ છે ને?"

"જી હા."

"કાંડા કાપતી વખતે તેણે કંઇ કારણ પૂછયું હતું?"

"ના મહારાજ..."

"તો વિરોધ કર્યો હતો!"

ના મહારાજ..."

"તો...

"કૃપાવતાર, મહાદેવી નિર્દોષતાની પ્રતિમા હતાં... મેં આપની આજ્ઞા એમને સંભળાવી હતી... પરંતુ સાથે સાથે કાંડા કાપ્યા વગર ચાલ્યા જવાની મેં અનુમતિ માગી હતી..."

વચ્ચેજ રોષભર્યા સ્વરે શંખ બોલ્યો;" એટલે તું કાંડા કાપ્યા વગર ચાલ્યો આવ્યો છે?"

"ના કૃપાવતાર! આ થાળમાં એમના બંને પવિત્ર હાથ પડયા છે. હું તો એમ કહેવા માગતો હતો કે મહાદેવીએ મને અનુમતિ ન આપી અને સ્વામીની પ્રસન્નતા ખાતર હર્ષપૂર્વક કાંડા કાપવાની આજ્ઞા કરી. કંપતા હૃદયે, અને ધ્રૂજતા પગે મારે એમની આજ્ઞાનું પાલન કરવું પડયું."

રાજા શંખ ઉભો થયો અને ત્રિપદી પાસે આવી થાળ પરનું કૌશેય વસ્ત્ર દૂર કર્યું. થાળમાં પ્રિયતમાના બે કોમળ હાથનાં કાંડા પડયાં હતાં...બંને હીરક વલય ચમકતાં હતાં...શાપિત કંકણ!

બંને કાંડા જોઇને પળવારે શંખનું હૃદય ધ્રૂજી ઉઠયું...આ કોમળ હથેળીઓ એક દિવસે રાજા શંખ પર કેટલા વહાલથી ફરતી હતી.

પણ બીજી જ પળે રાજા શંખના ચહેરા પર પ્રસન્નતા ઉભરાણી, અને ગળામાંથી મુક્તાની માળા કાઢી સારથી સામે ધરતાં તે બોલ્યો:" લે આ ઇનામ... !"

"કૃપાવતાર, જો આપ પ્રસન્ન હૃદયે ઇનામ આપવા માગતા હો તો હું એક વસ્તુ માગવા ઇચ્છું છું."

"માગી લે..."

કૃપાવતાર, મને દાસત્વથી મુક્ત કરો."

"તું દાસત્વથી મુક્ત છે."

સારથીએ નમસ્કાર કરતાં કહ્યું: "બસ કૃપાવતાર,

મને ઘણું મળી ગયું...મારે ધન, અલંકાર કે કશું નથી જોઈતું. હું હવે હંમેશ માટે વિદાય થાઉં છું.''

''સારથી...''

''કૃપાવતાર, આપના અંતરમાં મહાદેવી પ્રત્યે કયા પ્રકારનો રોષ છે તે હું જાણતો નથી, અને મને નવાઇ પણ એ વાતની લાગી છે કે આપ આટ-આટલા સહવાસ પછી પણ મહાદેવીને કેમ ઓળખી શકયા નહિ ? હું માત્ર એક જ દિવસના પરિચયથી જાણી શકયો છું કે મહાદેવી ગંગા કરતાંએ પવિત્ર અને નિર્મળ છે, એમના કાંડા કાપીને મેં કદી માફ ન થઈ શકે એવું પાપ કર્યું છે, આ પાપનું પ્રાયશ્ચિત હું કયારે કરી શકીશ તે જાણતો નથી... પણ આપે...''

વચ્ચે જ શંખ બોલી ઉઠયો : ''સારથી...''

'કૃપાવતાર મને ક્ષમા કરજો...હું દાસત્વથી મુક્ત થયો છું એટલે કહી શકું છું કે આપે કદી ક્ષમા ન થઈ શકે એવો ભયંકર અપરાધ કર્યો છે''

''સારથી...તું મારા અંતરની વેદના નથી જાણતો એટલે આમ બોલે છે અથવા તો એ દુષ્ટાના પ્રભાવથી અંજાઇ ગયો છે...''

''કૃપાવતાર હું પ્રભાવથી નથી અંજાયો...મહાદેવીની પવિત્રતાથી અંજાયો છું. આપના અંતરની વેદના શી છે તે હું નથી જાણતો... પણ જે કંઇ વેદના હશે તે કેવળ આપની કલ્પનાએ સર્જેલી જ વેદના હશે એમ મને લાગે છે.''

રાજા શંખે થાળમાં પડેલા બંને કાંડાને વળગેલા હીરક વલય ઉઠાવી લઇ સારથી સામે જોતાં કહ્યું :'' આ શું છે તે તને ખબર છે ?''

''ના મહારાજ...માત્ર એટલું જાણું છું કે એ કોઇ મૂલ્યવાન કંકણ છે,''

''એ છે મહાદેવીના કોઇ પ્રેમીની યાદ... ! મારા ગળામાં જે હાથ કોમળ ફુલોના હાર માફક વીંટાતા હતા તે હાથમાં આ પાપની યાદી સમાં કંકણ પડયાં હતાં...''

''કૃપાવતાર, આપની વાત મને અશકય લાગે છે. મહાદેવીના અંતરમાં આપના સિવાય કોઇની છબી અંકિત થયેલી નથી એમ હું એમના વદન પરથી સ્પષ્ટ સ્વરૂપે જોઇ શકયો છું.'' સારથીએ ગભરાયા વગર કહ્યું.

શંખ પળ માટે વિચારમાં પડી ગયો અને હાથમાં પકડેલાં સર્વશ્રેષ્ઠ હીરક વલય સામે જોવા માંડયો. એકાએક તેની નજર કંકણના અંદરના ગાળાની સપાટી પર લીલારંગથી લખેલા અક્ષરો પર ગઈ... એ અક્ષરો વાંચતા જ રાજા શંખના હૈયા પર આંચકો લાગ્યો... તેની સર્વ શક્તિ હણાઇ ગઈ... તે પડતાં પડતાં બચ્યો અને ત્યાંને ત્યાં નીચે બેસી ગયો. તેણે ફરી વાર અક્ષરો વાંચ્યા...તેમાં લખ્યું હતું ''બંધુ જયની યાદ.''

ઓહ ! રાજા શંખના નયનો આગળ અંધારા ઉભરાવા માંડયાં. તે મહામહેનતે બોલ્યો ; ''સારથિ...''

''જી...''

''તું કૃપા કરીને કયાંય જઈશ નહી...વહેમના વિષથી ભરમાઈ જઈને મેં કદી માફ ન થઇ શકે એવો અપરાધ કરી નાંખ્યો છે... તું મને અત્યારે ને અત્યારે જ્યાં મહાદેવીને છોડયાં છે ત્યાં લઈ જા...''

''કૃપાવતાર...''

''કેમ ?''

''મને ક્ષમા કરો...મહાદેવીને હું કયે સ્થળે મૂકી આવ્યો છું તેની મને ખબર નથી રહી... અંધારી રાત હતી...માર્ગ વિનાનું વિકટ વન હતું.''

''ઓહ !'' કહીને શંખ ત્યાં ને ત્યાં ઢળી પડયો.

તરત સારથિએ બે પરિચારિકાઓને બોલાવી.

થોડીવાર પછી શંખ શુદ્ધિમાં આવ્યો.

અને સાવ ભાંગેલા હૃદયે તે જ વખતે શંખે પોતાનો પડાવ ઉઠાવી લઇ નગરી તરફ પ્રયાણ કરવાની આજ્ઞા આપી.

જતી વખતે શંખે પત્નીના બંને કપાયેલાં કાંડા જીવનની સંપત્તિ માફક જાળવીને પોતાના રથમાં રાખ્યાં.

શું કરવું એ તેને સુઝતું નહોતું. હૃદયમાં આંસુ, વેદના અને સંતાપનો અગ્નિ ઉભરાતો હતો.

જીવનની સઘળી આશાઓ જાણે એક જ આઘાતથી હંમેશ માટે મરી પરવારી હતી.

જીવનની તમામ કવિતાઓ, જીવનના તમામ હાસ્ય અને જીવનની તમામ ઉર્મિઓ જાણે નિશ્ચેત બની ચૂકી હતી.

[ ચાલુ ]

# મહાસાગરનાં મોતી

## પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

**પૂ૦ આચાર્યદેવશ્રીનાં પ્રવચનો ખૂબ જ તાત્ત્વિક તથા ચિંતન-મનનના ઉંડા પરિપાકરૂપ રૂપ હોય છે. આવા પ્રવચનોમાંથી વીણી-વીણીને જે મનનીય વિચારધારા, ટુંકી છતાં અનેકાનેક ભાવભરી અહિં રજૂ થાય છે, તે ખરેખર સર્વકોઇને પ્રેરક તેમજ બોધક છે. 'કલ્યાણ'માં દર અંકે રજૂ થતાં 'અમીઝરણાં' વિભાગ કરતાં વિશિષ્ટ વિચારકર્ણિકાઓ 'કલ્યાણ'ના સંયુક્તાંક માટે તૈયાર થયેલી અમે અહિં પ્રસિદ્ધ કરીએ છીએ.**

**ભૌ**તિક દુઃખો કરતાં સુખ વધારે અહિત કરે છે.

**તપ** કર્યા બાદ પારણે ભોજન ઉપર તેવો ને તેવો પ્રેમ રહે તો માનવું કે તપનું ફળ ઇચ્છાનિરોધ હજી આવ્યું નથી.

મોટાઇ નાશ પામે તો ગુરુતા આવે અને જેમ જેમ ગુરુતા આવે તેમ આત્મા કર્મથી લઘુ થાય.

**અ**નશનાદિ તપ આજે ક્ષુધા વેદનીયના જોરથી નથી થતો કે રસનાનો તીવ્ર રસ વધ્યો છે માટે નથી થતો તે વિચારજો.

**લા**લસાના જોરે તપ થતો નથી. અને પેટ ભરેલું હોવાથી ખાઈ શકાતું નથી. આ સ્થિતિ ખૂબજ દયનીય છે. કારણ કે, શરીરનો પ્રેમ ઘટયા વિના બાહ્ય તપ થઇ શકતો નથી.

**પો**તાની હિંસા કોઈપણ કરે તે જેને ન ગમે તેને કોઇની પણ હિંસા ન થઇ જાય તેની કાળજી રાખવી જોઇએ.

**વાં**ચવું એનું નામ સ્વાધ્યાય નથી, પણ વાંચેલા ગ્રંથોનું પાન કરવું, તેમાં કહેલી વાતો આત્મા સાથે વણી દેવાનું નિશ્ચિત કરવું, તેનું નામ 'સ્વાધ્યાય' છે.

**જી**વનમાં થઈ ગયેલા પાપોને બાળકની જેમ સદ્ગુરુ પાસે સરળભાવે કહી દેવા એ આત્મજાગૃતિ છે.

**પ્ર**ગટ દેખાતું આપણું સારૂં કાર્ય કોઇ આપણને યાદ કરાવે તો કહેવું 'માફ કરો મારામાં ખોટા કામ તમારાથી અજાણ્યા ઘણા છે. હું ખોટા કામથી ભરેલો છું.'

**ગુ**ણસંપન્ન આત્માને દેખી હૈયું નમી જાય તે વિનય.

**ધ**ર્મના સંબંધમાં આજે સૌ બહારના માણસ જેવા બની ગયા છે.

**ધ**ર્મ કરવા માટે આજે 'સારી સામગ્રી નથી કે ધર્મ કરવા જેવું હઇયું નથી ?' આત્માને આટલું પૂછી જોવું.

**દા**ન નહિ દેનારા લક્ષ્મીવાનોએ પુણ્યે મેળવેલી લક્ષ્મીને તીજોરીની જેલમાં નાંખેલી છે, અને તેના તેઓ જેલર છે.

**જૈ**નોના સાધર્મિક વાત્સલ્યો જોઇને જોનારને એમ થવું જોઇએ કે, 'જમાડનારને લક્ષ્મીની પુટી કોડીની કીંમત નથી અને જમનારને જોઇને એમ થવું જોઇએ કે, આ લોકોને જમવામાં રસ નથી'

**સં**સારનાં બાહ્ય સુખો એ દુઃખરૂપ ન લાગે ત્યાં સુધી ધર્મ-સ્થળોએ આનંદ આવવો સંભવિત નથી.

**દુ**:ખ ઉપર દ્વેષ કરવાં કરતાં પૌદ્ગલિક

સુખ ઉપર દ્વેષ કરતાં શીખે એનું નામ જૈનત્વ. ત્યાગ અને વૈરાગ્ય એ જૈનકુળની મિલકત છે.

નિદ્રા ન આવે તો ચિંતા તેને થાય કે, જેને શુદ્ધ વિચારોથી મનને આરામ આપતાં આવડતું નથી.

ધર્મની આરાધના માટે જે સામર્થ્ય એક સામાન્ય મનુષ્યમાં હોય છે તે સામર્થ્ય ઉંચામાં ઉંચા દેવોમાં પણ નથી.

સ્વ અને પરનું જેમાં કાંઈપણ વાસ્તવિક હિત નથી તેવી સઘળી વાતો એ વિકથા કહેવાય.

પેટ ભરવા માટે અન્ન અને પીવા માટે પાણી આ બે સિવાયની આજની જરૂરીયાતો એ નશાખોરી છે.

અનંતકાળ સુધીની સ્વતંત્રતાનું નામ મોક્ષ.

ચોથું ગુણઠાણું આત્માને છટ્ઠે ગુણઠાણે જવાની પ્રેરણા આપ્યા કરે છે.

સમકિતદષ્ટિને સંસાર ન છૂટે એ બને, પણ નથી છુટતો તેનું દુઃખ નિરંતર રહ્યા કરે.

લક્ષ્મીને ખોટી માનનારા કૃપણો, એ જૈન શાસનમાં રહી શકે પણ લક્ષ્મીને સારી માનનારા દાતારો જૈનશાસનમાં ન રહી શકે.

થોડું પણ દાન એ પરિગ્રહ—રોગનું ઔષધ છે.

જગતમાં જે ન હતું તે સર્વથા થતું નથી, ને હતું કે છે તેનો સર્વથા નાશ નથી.

ઔચિત્ય અને અનુકંપા એ બે ધર્મના અલંકારો છે.

પોતાનાં અંતરની પરીક્ષા બહુ દુષ્કર છે.

સંસારની જુગુપ્સા એનું નામ ભાવધર્મ.

જ્ઞાનીની ક્રિયા તથા જ્ઞાનીની નિશ્રાની ક્રિયા એ ક્રિયા જ સમ્યક્ક્રિયા છે.

સારા માર્ગે ખર્ચ્યું બધું ખમાય, અને રહ્યું બધું જ ખટકે તે સાચો ઉદાર.

વૈરાગ્ય હોય ત્યાં જૈનત્વ ન હોય તે બને પણ જૈનત્વ હોય ત્યાં વૈરાગ્ય હોવો જ જોઇએ.

સંસારની સારામાં સારી કોઈપણ પૌદ્ગલિક ચીજ આત્મા માટે ભયરૂપ છે.

પુણ્યોદયની હાજરીમાં કરેલાં પાપ તત્કાલ ફળ ન આપે તો પણ જ્યારે એનો નતીજો ભોગવવો પડશે ત્યારે કોઈ બચાવી શકશે નહિ એ ભૂલવું નહિ.

જેને સર્વવિરતિની ભાવના નથી તે સાચો શ્રાવક નથી.

પુણ્યથી મેળવેલી સામગ્રી ચાલી જવાની છે, અથવા મારે એને મૂકીને જવાનું છે, એ હમેશ યાદ રહેવું જોઇએ.

પુણ્યોદયથી મળેલી ભોગ–સામગ્રીને ભોગવવા જેવી માનવી તે પાપ છે.

આ સંસારમાં રાગ કરાવનારી કોઈપણ ચીજ હોય તો તે પૌદ્ગલિક સુખ.

મહાત્મા (મહાન આત્મા) તે કે આવી પડેલા સંસારનાં દુ.ખને આનંદપૂર્વક ભોગવે, તેમજ આવી પડેલા સંસારનાં સુખને દુઃખ માનીને ભોગવે !

મુનિપણાનો સાચો સ્વાદ ત્યારે જ આવે કે, 'જ્યારે દુઃખને ઉભા કરીને ભોગવવાની તૈયારી કરાય.'

જિનેશ્વરદેવનાં ધર્મને પામેલો દતાર પોતાના આશ્રિતોનો આશ્રયદાતા હોય અને દીન–અનાથનો બેલી હોય છે.

રસનાને ગમે તે આપવું તે પાપ છે.

## સુપ્રસિદ્ધ સાહિત્યકાર ભાઇશ્રી મોહનલાલ ધામીની ઐતિહાસિક નવલ ગ્રંથાવલી

### સિદ્ધ વૈતાલ: ભા. ૧-૨-૩

ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીના ઐતિહાસિક કાળને તેજસ્વી કલમે આલેખતા ત્રણે ભાગો લગભગ ૧૧૦૦ ઉપરાંત પાનાનાં છે. ત્રણે ભાગની કિંમત ૧૫-૮-૦, પોષ્ટેજ અલગ.

### બંધન તૂટયાં: ભા. ૧-૨-૩

ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ પહેલાના સમયથી, તેમના નિર્વાણ સમય સુધીનાં અનેક સુવર્ણપાત્રોને સાંકળી લેતા આ ત્રણ ભાગો હાથમાં લીધા પછી મૂકવાનું મન નહિ થાય. લગભગ ૧૧૦૦ પેજ ઉપરાંતના આ ભાગોની કિં. ૧૩-૮-૦, પોષ્ટેજ અલગ.

### રૂપકોશા: ભા. ૧-૨

મગધ સામ્રાજ્યની નૃત્યાંગના કોશા તથા આર્ય સ્થૂલભદ્રના જીવનની ભોગ તથા ત્યાગના દ્વંદ્વયુદ્ધની રસમય નવલકથા, ૬૦૦ ઉપરાંત પેજ; બે ભાગોનું મૂલ્ય: ૯-૦-૦, પો. અલગ.

### મગધેશ્વરી: ભા. ૧-૨-૩

ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ૧૫૦ વર્ષમાં થયેલા છેલ્લા મગધસમ્રાટ્ ધનનંદના પતન અને મૌર્યવંશના ઉત્થાનની તેજસ્વી કથા. જેમાં ચાણુક્ય, ચિત્રલેખા, આદિ પાત્રોના અદ્‌ભૂત વ્યક્તિત્વના ઉલ્લેખ સાથે ભારતનો ભવ્ય-ભૂતકાલ રજૂ થયો છે.

ત્રણ ભાગ ૯૫૦ પેજ કિં. ૧૩-૮-૦ પોષ્ટેજ જુદું.

**ઉંચો ગઢ ગિરનાર** ભા. ૧-૨ તૈયાર થાય છે.

### વિશ્વાસ :

નવકારમંત્રના મહિમાને વ્યક્ત કરતી એક ઐતિહાસિક કથા, મૂલ્ય: ૬-૪-૦, પો. અલગ.

**નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ** [સૌરાષ્ટ્ર]
**સોમચંદ ડી. શાહ, પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

---

### પ્રારબ્ધ વિના પુરુષાર્થ નકામો છે.

તમારા ભાગ્યમાં શું લખાયું છે તેનું સંપૂર્ણ જ્ઞાન

### રેખા-વિજ્ઞાન-શાસ્ત્રથી

જાણી શકાય છે. જેમાં ભાગ્ય, પુરુષાર્થ, સ્ત્રી, સંતાન, ધન, વૈભવ, આરોગ્ય, ધંધો, વિદ્યા વગેરે અનેક બાબતોનું જ્ઞાન તમારી રેખાઓ પરથી તમે જાતે જ કરી શકો છો.

સંપૂર્ણ માહિતિવાળો દેશી અને ઈંગ્લીશ પદ્ધતિનો આ પહેલો જ ગ્રંથ છે.

સુંદર છપાઇ, ૧૦૧ આર્ટ ફોટાઓ હોવા છતાં કિંમત માત્ર રૂા. ૧૦) ટપાલખર્ચ અલગ.

—: લખો :—

**ડૉ. પી. પી. ટાપર, રવિવારપેઠ, નાશીક**
**સોમચંદ ડી. શાહ — પાલીતાણા**

---

### નવીન પ્રકાશનો

**વિવિધ પૂજા સંગ્રહ ભા ૧ થી ૧૧**

જેમાં પ્રાચીન-અર્વાચીન પચાસ પૂજાઓનો અત્યુત્તમ સંગ્રહ છે. પૃષ્ટ ૮૪૦+૧૨ દ્વિરંગી જેકેટ, મૂલ્ય. રૂા. પાંચ. વધુ નકલો મંગાવનારને યોગ્ય કમીશન આપવામાં આવશે.

| | |
|---|---|
| **નિત્યસ્વાધ્યાય સ્તોત્રાદિ સંગ્રહ** [ ૬૦૦૦, ગાથાઓનો સંગ્રહ | મૂલ્ય- ૪-૮-૦ |
| **જૈન સજ્ઝાયમાળા** [ સચિત્ર ] | ,, ૨-૮-૦ |
| **દેવવંદનમાળા** કથાઓ યુકત | ,, ૨-૪-૦ |
| **પંચપ્રતિક્રમણ વિધિસહિત** | ૨-૦-૦ |
| **નર્મદાસુંદરી કથા** | ,, ૨-૮-૦ |
| **વર્ધમાન દેશના ભાષાંતર** | ,, ૪-૦-૦ |
| **ચારુદત્ત ચરિત્ર** | ,, ૧-૦-૦ |

વધુ માટે સૂચિપત્ર મંગાવો:-

**જશવંતલાલ ગીરધરલાલ શાહ**
૩૦૯/૪ દોશીવાડાની પોળ અમદાવાદ

# પુણ્ય હેય કે ઉપાદેય?

## પૂ૦ મુનિરાજ શ્રી રંજનવિજયજી મહારાજ

ચાર્વાક દર્શન સિવાય બધાં દર્શનો પુણ્યતત્ત્વને માને છે, પરંતુ જૈનદર્શન સિવાય બધાં દર્શનો પુણ્યતત્ત્વના વાસ્તવિક સ્વરૂપથી અજાણ હોવાથી તેને અપૂર્ણ સ્વરૂપે ઓળખે છે.

આજના યુગનો વિજ્ઞાની, દીર્ઘદૃષ્ટિ તથા પોતાની જાતને સુધારક તરીકે ઓળખાવતો વર્ગ તો પુણ્યતત્ત્વની તદ્દન હયાતીને જ ઉડાવી દે છે, છતાં તેમના જીવનમાં પુણ્ય ઉત્તમ ભાગ ભજવે છે. ઘોર હિંસાદિ પાપારંભો તેમજ તેની પ્રરૂપણા કરવા છતાં જગતમાં લક્ષ્મી આદિ સુંદર સામગ્રી પામ્યા છે, તે ચોક્કસ બીના છે કે આ બધો પૂર્વના પુણ્યનો જ પ્રતાપ છે.

જૈન સિવાય બીજાં આર્ય સંસ્કૃતિનાં દર્શનો પુણ્યની ઉપાદેયતા ઉપર ખૂબ જ ભાર આપે છે. છતાં પુણ્યદ્વારા સાંસારિક સુખસાધનોની પ્રાપ્તિ થાય તે રીતે તેઓ પુણ્યની પુષ્ટિ કરે છે.

આજે એક વર્ગ એવો છે કે જે પોતાને જૈનધર્મના એક પેટા વિભાગ તરીકે ગણાવે છે અને અધ્યાત્મવાદી તરીકે પીછાણ કરાવે છે, છતાં નિશ્ચયનયવાદની જ એકાંતે પ્રરૂપણા કરી, પુણ્યતત્ત્વને એકાંતે હેય એટલે તજવા યોગ્ય ગણાવીને તત્ત્વના અજાણ જીવોનાં હૃદયમાં મહાનાસ્તિકતાનું બીજારોપણ કરવાનું કામ તે વર્ગે આરંભી દીધું છે.

અનંતજ્ઞાની પરમોપકારી તીર્થંકર ભગવંતો પોતાના ત્રીજા ભવમાં સર્વ જીવો પ્રત્યે પરમ કારૂણ્યભાવથી ઉપાર્જન કરેલ તીર્થંકર નામકર્મના યોગે કેવળજ્ઞાન થયા બાદ જ જૈનશાસનની સ્થાપના કરે છે. અને તે સમયે ગણધર ભગવંત આદિ પર્ષદા સમક્ષ ધર્મદેશના દ્વારા નવ તત્ત્વ તથા ષડ્ દ્રવ્યને દ્રવ્યગુણ-પર્યાય સહિત સ્યાદ્વાદ દૃષ્ટિથી અર્થ રૂપે પ્રરૂપણા કરે છે. તેમાં પુણ્યતત્ત્વને પણ હેય અને ઉપાદેય રૂપે સાપેક્ષપણે વર્ણવે છે. અને ગણધર ભગવંતો અર્થથી છુટા પુષ્પ રૂપે વેરાયેલાં તત્ત્વોને દ્વાદશાંગી રૂપ માલારૂપે ગૂંથે છે. તે ક્રમ મુજબ આ અવસર્પિણીમાં થયેલ અનંતજ્ઞાની પરમોપકારી ચરમ તીર્થપતિ મહાવીર પરમાત્માએ પણ એ પ્રમાણે જ અર્થથી તત્ત્વની પ્રરૂપણા કરી અને ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામીજીએ દ્વાદશાંગીરૂપ આગમમાલા ગૂંથી હતી પરંપરાથી ચાલતી આવતી અવિચ્છિન્ન પ્રભાવશાલી અકૃત્રિમ આગમ રૂપ પુષ્પમાલાનો નમુનો જૈનસમાજ પાસે આજે પણ મોજુદ છે.

**પ્રશ્ન**–નવ તત્ત્વોમાં કેટલાંક તત્ત્વો જાણવા યોગ્ય છે, કેટલાંક આદરવા યોગ્ય છે, અને કેટલાંક તજવા યોગ્ય છે. પરંતુ પુણ્યતત્ત્વને તો આદરવા યોગ્ય અને તજવા યોગ્ય એમ બે રીતે બતાવેલ છે. તો એક જ તત્ત્વમાં બે વિરોધી ધર્મો કેમ રહી શકે?

**ઉત્તર**–જૈનશાસનનું કોઇ પણ તત્ત્વ સ્યાદ્વાદ દૃષ્ટિથી સમજવામાં આવે તો જ તત્ત્વ બરાબર સમજાશે. તે સિવાય નહિ જ.

**પ્રશ્ન**–સ્યાદ્વાદ એટલે શું?

**ઉત્તર**–જગતમાં રહેલા દરેક પદાર્થોમાં અનેક પ્રકારના ધર્મો રહેલા છે. જેવા કે દ્રવ્યની અપેક્ષાએ નિત્યત્ત્વ અને પર્યાયની અપેક્ષાએ અનિત્યત્ત્વ. તેવી જ રીતે કર્તૃત્ત્વ, પ્રમેય-

ત્વાદિ અનેક ધર્મો દ્રવ્યમાં રહેલા છે. દા. ત. સોનાની બંગડી ભાંગીને વીંટી કરાવી તેમાં બંગડી ભાંગવા છતાં સોનું કાયમ રહ્યું અને ઘાટનો ફેરફાર થયો. એટલે વીંટીમાં સોનારૂપ નિત્યત્વ અને ઘાટ રૂપ અનિત્યત્વ રહેલ છે, તેમ દરેક પદાર્થોમાં પરસ્પર વિરોધી એવા ઘણા ધર્મો રહેલા છે.

**પ્રશ્ન**–વળી કોઇ બીજું દૃષ્ટાંત હશે ?

**ઉત્તર**–એક સ્ત્રી છે. કેટલાક માતા, કેટલાક ભગિની, કેટલાક પુત્રી આદિ તેને કહે છે. હવે વિચારો કે એક જ સ્ત્રીમાં માતાપણું, ભગિનીપણું અને પુત્રીપણું એમ પરસ્પર વિરોધી ધર્મો ઘણા રહેલા છે. છતાં અપેક્ષાએ બધા ધર્મો સ્વીકારવા પડે છે. વ્યવહારમાં પણ અપેક્ષા સ્વીકારવી પડે છે, તો તત્વમાં તો અપેક્ષા વિના ચાલે જ કેમ ?

**પ્રશ્ન**–પુણ્યતત્ત્વ હેય એટલે ત્યજવા યોગ્ય કેમ ?

**ઉત્તર**–પુણ્ય પણ શુભકર્મ છે. આ આત્મા અનાદિકાળથી કર્મના યોગે સંસારચક્રમાં ભમી રહ્યો છે જ્યાં સુધી કર્મનો સંજોગ દૂર ન થાય ત્યાં સુધી આત્મા પોતાના વાસ્તવિક સુખનો ભોક્તા બની શકતો નથી. તે કારણેથી જ આત્મા ચૌદમા ગુણસ્થાનકે શુભ કે અશુભ કર્મથી સર્વથા મુક્ત બને છે. અપેક્ષાએ પુણ્ય પણ ત્યજવું પડે છે.

**પ્રશ્ન**–પુણ્ય જો અંતે પણ ત્યજવું પડે છે તો પ્રથમથી જ ત્યજવામાં શું વાંધો ?

**ઉત્તર**–પુણ્ય એ જીવને મોક્ષમાં જવા માટે માર્ગમાં વોળાવારૂપ છે. જ્યારે માણસને ભયંકર તેમ જ અજાણી અટવીવાળા માર્ગે થઇ બહારગામ જવાનું હોય ત્યારે વોળાવાની ખાસ જરૂર પડે છે, અને ગામની ભાગોળે ગયા પછી વોળાવો એની મેળે પાછો વળી જાય છે. તેવી જ રીતે પુણ્યરૂપ વોળાવો જીવરૂપ માણસને ભયંકર સંસારરૂપ અટવીમાં રાગદ્વેષ રૂપ શત્રુઓથી બચાવીને નિર્વિઘ્નપણે માર્ગ પસાર કરાવીને મુક્તિરૂપી નગરીની ભાગોળે વળાવીને પાછો વળી જાય છે. ગામ પહોંચ્યા પહેલા વોળાવાને છોડી દેવાથી અટવીમાં રખડવું પડે છે, તેમ મુક્તિનગરીની ભાગોળે પહોંચ્યા પહેલા પુણ્ય રૂપ વોળાવાને છોડી દેવાથી સંસારરૂપ અટવીમાં રખડવું પડે છે. તે ભૂલવા જેવું નથી,

**પ્રશ્ન**–પુણ્યતત્ત્વ આદરવા યોગ્ય કેવી રીતે ?

**ઉત્તર**–પુણ્ય બે પ્રકારનું છે. એક પુણ્યાનુબંધી પુણ્ય, બીજું પાપાનુબંધી પુણ્ય. જે શુભ કર્મના યોગે મળેલ સામગ્રીદ્વારા ધર્મની આરાધના કરતાં નવા પુણ્યનો બંધ થાય તે શુભકર્મ પુણ્યાનુબંધી પુણ્ય. જે શુભકર્મના યોગે મળેલ સામગ્રીદ્વારા પાપારંભ કરી નવા પાપનો બંધ પડે તે શુભકર્મ પાપાનુબંધી પુણ્ય. અથવા જે શુભકર્મના યોગે મળેલ સામગ્રીદ્વારા આત્મા ધર્મની સુંદર આરાધના દ્વારા મુક્તિપદને પામે તે શુભકર્મ પણ પુણ્યાનુબંધી પુણ્ય. અને જે શુભકર્મના યોગે મળેલ સામગ્રીદ્વારા પાપકર્મ ઉપાર્જન કરી સંસારની વૃદ્ધિ કરે તે શુભકર્મ પણ પાપાનુબંધી પુણ્ય.

**પ્રશ્ન**–શુભકર્મ પણ જડ છે. તો જડ વસ્તુ આત્માને જડ તત્ત્વથી મુક્ત કરવામાં અને આત્મ-ગુણ નિષ્પન્ન કરવામાં સહાયક કેમ થાય ?

**ઉત્તર**–જડ વસ્તુને દૂર કરવામાં જડ વસ્તુ

જ સહાયક થઈ શકે છે. દા. ત. લોઢાથી જ લોઢું કપાય. ગરમ પદાર્થથી જ આંખની ગરમી દૂર થાય.

**પ્રશ્ન**—આત્મા તો સ્વતંત્ર તેમજ અનંત શક્તિશાલી છે તો આત્માને પુદ્ગલ દ્રવ્યની સહાય શા માટે લેવી પડે ?

**ઉત્તર**—દરેક સંસારી આત્મામાં અનંત શક્તિ રહેલી છે પરંતુ તે સત્તાથી રહેલી છે સંસારી આત્માઓની અનંત શક્તિઓ કર્મના યોગે અવરાયેલી છે. તે બધી શક્તિઓ પ્રગટ કરવામાં પુણ્યકર્મની સહાય ઘણી જ ઉપયોગી થઈ પડે છે. જેમકે દરેક પ્રાણીને વ્યવહારમાં ખોરાકથી જ શક્તિ પ્રાપ્ત થાય છે પરંતુ નબળી પાચનશક્તિવાળા રોગીને ખોરાકને બદલે શક્તિ લાવવા માટે પ્રથમ દવાનો ઉપયોગ કરવો પડે છે. ક્રમે ક્રમે પાચન શક્તિ પૂર્ણ પ્રગટ થયા બાદ ખોરાક અપાય છે. તેવી રીતે આ સંસારમાં પાપકર્મરૂપ રોગ વાળા આત્માને પુણ્યરૂપ દવા જ આત્માની શક્તિ પ્રગટ કરવામાં ઉપયોગી થાય અને જ્યારે પાપકર્મરૂપ રોગ નષ્ટ થઈ જાય ત્યારે આત્મગુણરમણતારૂપ ખોરાક અત્યંત ઉપયોગી નીવડે છે. દવા જેમ રોગી આત્માને ઉપયોગી તેમજ પુણ્ય પણ પાપકર્મરૂપ રોગવાળાને ઉપયોગી છે, માટે પાપાનુબંધી પુણ્ય ત્યજવા યોગ્ય છે. અને પુણ્યાનુબંધી પુણ્ય અવશ્ય આદરણીય છે. એ નિઃસંશય છે. પૂર્વના પુણ્યના યોગે મળેલ સંસાર-સામગ્રી તેમજ ધર્મસામગ્રીનો મુક્તિસુખની પ્રાપ્તિ કરવામાં સદુપયોગ કરવો એજ હિતાવહ છે.

□


## जिनमंदिरोके उपयोगी

रथ, हाथी, इन्द्रध्वजा, गाडी, पालखी, भंडारपेटी, शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकडेका कोतरकाम बनाके ऊसके पर सोने-चांदीके पतरे (चदर) लगानेवाले

चांदीकी आंगीओ और पंचधातुकी प्रतिमाजी और परिकर बनानेवाले, चांदीकी चदर आपके यहां आके लकडे पर लगा देते है.

ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बनाके भेज सकते है.

**मिस्त्री त्रिजलाल रामनाथ मु. पालीताणा.**

ता. कः—मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.

## जैन भाइओने खुश-खबर

केशर, कस्तुरी, अंबर, बरास, कपुर, दशांगधुप, सोना-चांदीना वरख, बादलुं, कटोरी, अगरबती, सुखड तथा दरेक जातना उंचा पीपरामूळ, अेलची, अने माळ-प्रतिष्ठा वगेरे पवित्र अनुष्ठानोमां वपराती वस्तुओ अमारे त्यांथी खात्रीपूर्वक अने व्याजबी भावे मळशे. अेक वखत अमारी दुकाने पधारी खात्री करवा विनंती छे.

टेलीफोन नं. २७५२३

**शाह शांतिलाल ओधवजीनी कुं०** ३१७, जुमामस्जीद, मुंबइ-२.

# જ્ઞાન ગોચરી

## મોટો માનવી-જીવન રાંક

ફક્ત બે દિવસના ત્રણ બનાવો અમે નોંધીએ છીએ.

૧. એક ભાઇના લગ્ન ૧૫ દિવસ પહેલાં લેવાયાં. પતિ-પત્ની એક જ દિવસ સાથે રહ્યાં. પતિ સવારમાં છાપું લઇ નીચે આવ્યો. છાપું વાંચતાં માથું ઢાળી દીધું. ઉંમર ૩૨ વર્ષ.

૨. એક ન્યાયાધીશ સાહેબ. સાંજ સુધી તો કચેરીમાં કામ કર્યું. સાંજે સાજા-સારા આવી ઘેર બેઠા. થોડીવારમાં ઢળી પડયા.

૩. શહેરના એક મશહુર શેઠ. સવારે બહારગામથી આવ્યા. કંઇક છાતીમાં દર્દ થયું. સાંજે ગુજરી ગયા. ઉંમર ૪૯ વર્ષ.

બાદશાહ ઔરંગઝેબ ૫૦ વર્ષ નીચેના માણસને કાચો માનતો ને મહત્ત્વના હોદ્દા ન આપતો. આજ પચાસ વર્ષની મજલ પણ દુશ્વાર બની છે.

અમને આ પ્રસંગે ૮૩ વર્ષના નવયુવાન, અમદાવાદના સેવાભાવી નાગરિક શ્રી મણિકાકા (મણિલાલ મગનલાલ શેરદલાલ) અને તેમના સૂત્રો યાદ આવે છે. આ સૂત્રોનો તેઓ પુસ્તિકાઓ દ્વારા, હેન્ડબીલો દ્વારા ને પોસ્ટરો દ્વારા પ્રચાર કરે છે.

વેદમંત્રો જેવા તે આરોગ્ય મંત્રો છે. અહીં એ ઉતારીએ છીએ.

## જાહેર નોટીસ

હૃદયરોગ (હાર્ટ ફેલ) આજે વધી ગયો છે. કારણ કે પગ નકામા થયા છે. વાહનનો વપરાશ વધી ગયો છે.

પગ ન ચાલે એટલે પેટ બગડે છે. બગડેલા પેટમાં ખોરાક પચતો નથી. ગેસ પેદા થાય છે.

ગેસ બ્લડ પ્રેસર જગાવે છે. આ પ્રેસર હૃદય પર હુમલો કરી માણસને નકામો કરી નાખે છે. માટે અગત્યના આરોગ્યના નિયમો પાળો.

## શહેરીઓ માટે

૧. સવારમાં વહેલા ઉઠો, મળશુદ્ધિ કરો.
૨. મળશુધ્ધિ કરી ખુલ્લી હવામાં ફરો.
૩. બની શકે તેટલું પગે ચાલો.
૪. દિવસમાં એક કલાક હસો.
૫. રાતના ઉજાગરા ઓછા કરો.
૬. બહારના ખાણાં ને પીણાં છોડો.

આમ નહિ કરો તો દર્દ દવા ને દાકતર તમને છોડશે નહિ.

★

## વાલજીભાઇની વાણી

શ્રી વાલજી ગોવિંદ દેસાઈ. ગાંધીજીના નિકટના સહવાસી છે. તેઓ વિદ્વાન છે. સાથે આખાબોલા છે. રોકડું પરખાવતાં ચમરબંધીનીય શરમ રાખતા નથી. બાપુજી સામે પણ તેઓ આકરાં વેણ ઉચ્ચારતા, ને ઉદારચિત્ત બાપુજી એની પાછળ ધબકતું સત્ય નિહાળી ખમી ખાતા ને આનંદ પામતા.

શ્રી વાલજીભાઈનાં કેટલાંક પુસ્તકો હમણાં

નવજીવન કાર્યાલયે પ્રગટ કર્યા છે. એવી રીતે તેમનો એક લેખ 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' માં 'વાચકની વિચાર સૃષ્ટિ' માં પ્રગટ થયો છે, અમને આવડયો એવો સારાંશ નીચે આપ્યો છે. શબ્દશઃ ભાષાંતર માટે મૂળ લેખ જોવો. તેઓ લખે છેઃ-

"હમણાં આપણા વડાપ્રધાન બોલ્યા કે આપણાં રાષ્ટ્રીય સાધનોનો કશો દુર્વ્યય થયો નથી. આ વિધાન બરાબર નથી. એ બતાવે છે, કે તેઓ પરીઓના મહેલમાં વસે છે.

"આપણા જાણીતા અર્થશાસ્ત્રી શ્રી જહોન મથાઇ જ્યારે દિલ્હી દરબાર છોડી ગયા, ત્યારે તેઓ બોલ્યા હતા, કે આપણી આંતરિક તેમજ બાહ્ય પરિસ્થિતિની દૃષ્ટિએ આપણી સાધનશક્તિથી વધુ ખર્ચાળ રીતે આપણે રહીએ છીએ.

"એનાં બે દૃષ્ટાંતો"-

"એક દૃષ્ટાંત રાણેબેણુર ગામના એક વણકરને તેના પોતાના બે વર્ષના પુત્રનું ખૂન કરવાના આરોપસર દેશનિકાલની, અને છ વર્ષના પુત્રનું ખૂન કરવાની કોશિશ, બદલ સાત વર્ષની સજા થઈ હતી.

"ખૂનનું કારણ કુટુંબની આવક પોષણ પૂરતી નહોતી, તે હતું. આ સજા ફટકારનાર ન્યાયાધીશે પણ વરિષ્ઠ સત્તાને સજામાં ઘટાડો કરવાની ભલામણ કરી હતી. ને શેરો માર્યો હતો કે તીવ્ર ગરીબાઇ આ ગુનામાં મુખ્ય ભાગ ભજવનાર છે.

"એક તરફ આ ગરીબાઇ, જે પેટના સંતાનોને કપાવે જ્યારે જેઓના હાથમાં દેશની પંદર અબજ રૂપિયાની તિજોરી છે, એ આગેવાન હાકેમો શું કરી રહ્યા હતા? તેઓ પરદેશમાંથી ઉંચા પ્રકારનું રેશમી ફ્રેંચ સીફોન, જાપાનીઝ જયોર્જેટ, ઇગ્લીશ ઉત્તમ પ્રતિની સાટીન, બાયરીશ લીનન, ઈટાલીયન ટવીલ, જર્મન મખમલ, ૯ રૂપિયે વારનું ઇગ્લીશ વુલન ક્રેપ, સ્વીસ ટાઇઝ, અમેરીકન સોકસ (મોજાં) ફ્રેંચ અત્તરો, ડેનીસ, સ્વીસ, અમેરિકન ને ઇગ્લીશ માછલીઓના પેક ડબ્બા, ચૂસવાનાં હાડકાઓ વગેરે માંસાહારી ખાદ્યપદાર્થો (મૂળ લેખમાં જે નામો છે, તેનો અર્થ અમે જાણતા નથી, તેવા પદાર્થો) ફળના રસો ખરીદી રહ્યા હતા.

"ઉપરાંત તૈયાર વસ્ત્રો, બૂટ વગેરે તથા હળનાં તૈયાર પાના સુદ્ધાં પરદેશથી આ દેશમાં આયાત કરીને આપણા દેશના દરજીઓ, મોચીઓ તથા લુહારોની રોજી ઝુંટવી રહ્યા હતાં.

"અને પોતાના રોજિંદા પેટગુજારા માટે પણ પૈસા ચુકવવાને અસમર્થ એવી પ્રજા નવાં તોલમાપ માટે કરોડો રૂપિયા ખર્ચે, એવું બને ખરૂં! અને તે પણ જ્યારે જુનાં તોલમાપ વસ્તુતઃ દશાંશ પદ્ધતિ પર જ રચાયાં હોય. ત્યારે!"

આ ટીકાથી કોઈ ન અકળાય, વસ્તુનું હાર્દ સમજવાની જરૂર છે. ને એ જ ટીકાકારની અભિપ્રેત વસ્તુ હોય છે.

### હે ભાગ્યદેવ!
### રાષ્ટ્રપતિ-ભવનનો રસોયો
### જન્માવજે-આવતે ભવ.

જોયું તો નથી, પણ જાણ્યું છે.
અમારા માટે તો દિલ્હી હજી દૂર છે.
કહે છે કે દિલ્હીમાં એક મકાન છે.
એમાં રાષ્ટ્રપતિ રહે છે.

એનું નામ રાષ્ટ્રપતિ–ભવન છે.

જગતના રાષ્ટ્રપતિઓના ભવનમાં આ કદાચ વધુ સગવડવાળું ભવન છે.

પાંચ હજાર રહેનારાઓની પૂરી સગવડ જળવાય એવું છે.

આ ભવનમાં ૪૪૫ ઓરડાઓ છે.

તેર મુખ્ય પ્રવેશ દ્વારો છે. ત્યાં ચોકીદારો છે.

છસો બારીઓ ને બારસો બારણાંઓ છે.

૩૩૪ એકરમાં એ વસેલું છે.

આ ભવનમાં જ બધી સગવડો છે. અહીં વીજળિક સ્ટોર, મકાનના બાંધકામની દુકાન, દરજીની દુકાન, કરિયાણાની દુકાન ને સ્વતંત્ર ફાયર બ્રિગેડ છે.

ધોબી–રંગનાર તો હોય જ ને !

અહીં એક રસોડું ચાલે છે, એમાં સ્વીડીશ રસોયો છે. એને પગાર ત્રણ હજારનો છે.

કહે છે, કે નાના નગર જેવું આ ભવન છે.

આ સાંભળી અમને એમ થયું કે ભલે અંગ્રેજોના વખતનું આ ભવન હોય, પણ સ્વરાજ પછી એ ભવનને હરિજનવાસમાં અને હરિજનવાસમાં નાનાં બેઠા ઘાટના મકાનોમાં રાષ્ટ્રપતિભવન રાખવામાં આવ્યું હોત તો આ દેશની પ્રતિષ્ઠાનું સૂચક બનત ! પરદેશી મહેમાનો ગાંધીજીના દેશને વધુ જલદી પિછાની શકત !

આ લખતા હતા, ત્યારે અમારા એક મિત્ર પડખે બેઠા હતા. તેઓ એકાએક બોલી ઉઠયા. ભાગ્ય દેવ ! આવતે ભવે રાષ્ટ્રપતિ-ભવનનો રસોયો જન્માવે તોય સારૂં.

(સંદેશ) ૯–૧–૫૮ (ગુલાબકંટક)

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી** | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | **જંગબાર** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઇ રૂપશી** એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઈ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૬ | **થીકા** |
| **શ્રી મૂલચંદ એલ. મહેતા** | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | **મોગાદીસ્કીઓ** |

# આત્માના આઠ પ્રકારોનું સ્વરૂપ

પૂ૦ મુનિરાજ શ્રી માનતુંગવિજયજી ગણિવર

શ્રી ભગવતીજી સૂત્રમાં, આત્માના આઠ પ્રકાર કહ્યા છે.

૧. નિગોદથી માંડીને અનુત્તર વિમાન સુધીના સર્વ સંસારી જીવો અને સિદ્ધના જીવો, એ સર્વ જીવોમાં આત્મત્વ સરખું છે. એટલે પર્યાય દૃષ્ટિનો વિચાર ન કરતાં ફક્ત દ્રવ્યાર્થિક નયની વિચારણા કરતાં, એક અખંડ અવિચલિત, આત્મદ્રવ્યનું લક્ષ્ય રાખતાં, સર્વ જીવો **દ્રવ્યાત્મા** કહેવાય.

૨. કષાયના ઉદયવાળા જીવો **કષાયાત્મા** કહેવાય. પહેલાથી દશમા ગુણસ્થાનક સુધીના જીવો, કોઇપણ સમયે ચારમાંથી એક કષાયના ઉદયવાળા હોયજ, કોઇને એ ઉદય સૂક્ષ્મ રીતે વર્તતો હોય, કોઇને સ્થૂલ રૂપમાં દેખાતો હોય એ કષાય ઉદયરૂપ, પર્યાયને મુખ્ય ગણીને, કષાયાત્મા કહેવામાં આવે છે. વીતરાગ અકષાયી હોવાથી કષાયાત્મા કહેવાતા નથી.

૩. મનના ચાર યોગ છે, વચનના ચાર યોગ અને કાયાના સાત યોગ છે, એમ પંદર યોગમાંથી કોઇ ને કોઈ યોગમાં પહેલાથી તેરમા ગુણઠાણા સુધીના સર્વ જીવો રહેલા હોય છે. એ યોગની ચંચળતા રૂપ પર્યાયની મુખ્યતા રાખીને કેવલી સુધીના સર્વ સંસારી જીવો **યોગાત્મા** કહેવાય છે. ચૌદમા ગુણઠાણે રહેલા અને સિદ્ધ અવસ્થાને પામેલા જીવોને યોગ ન હોય.

૪. જ્ઞાન અને દર્શનના ઉપયોગમાં, સર્વ જીવો સદાય હોય છે. છદ્મસ્થનો ઉપયોગ એક વિષયમાં અંતર્મુહૂર્ત હોય છે, એક સમયે જ્ઞાનોપયોગ અને બીજા સમયે દર્શનોપયોગ એ પ્રમાણે કેવલીને સમયે સમયે ઉપયોગનું પરાવર્તન થાય છે. કોઈપણ ઉપયોગમાં સર્વ જીવો હોય છે જ એથી સર્વ જીવો **ઉપયોગાત્મા** કહેવાય છે.

૫. મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન એ વિપરીત હોવાથી અજ્ઞાન કહેવાય છે. તેથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ (પહેલા) જ્ઞાન, જ્યાં સુધી જીવ મિથ્યાત્વમાં હોય છે, ત્યાં સુધી એ ત્રણે અજ્ઞાન કહેવાય છે. અજ્ઞાન-મિથ્યાદૃષ્ટિ અવસ્થામાં થયેલું અવધિજ્ઞાન અશુદ્ધ હોય છે. એને વિભંગજ્ઞાન કહેવાય છે. એ અજ્ઞાન ટળીને, જેનામાં, સમકિત સહિત જ્ઞાન આવેલ હોય તે **જ્ઞાનાત્મા** કહેવાય છે. પાંચજ્ઞાનની અપેક્ષાએ, જ્ઞાનાત્માના પાંચ ભેદ પણ કહી શકાય. અથવા ક્ષાયોપશમિક જ્ઞાનાત્મા અને ક્ષાયિક જ્ઞાનાત્મા, એમ બે ભેદ પણ ગણી શકાય. ક્ષાયોપશમિક જ્ઞાનાત્મામાં ચોથા ગુણઠાણાથી બારમા સુધી જીવો ગણાય. ક્ષાયિક જ્ઞાનાત્મા, કેવલજ્ઞાની કહેવાય. બંને ભેગા મળીને જ્ઞાનાત્મા ચોથાથી ચૌદમા ગુણઠાણા સુધીના બધા જીવો કહેવાય.

૬. ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ આ ચાર દર્શનમાંથી કોઈપણ એક દર્શન, સર્વ જીવોનો કોઈપણ અવસ્થામાં હોય છે. નિગોદથી તેઇંદ્રિય સુધીના જીવોને, અચક્ષુ દર્શન હોય છે, ચઉરિંદ્રિય-પંચેંદ્રિય જીવોને, અચક્ષુ

અને ચક્ષુ દર્શન બંને હોય છે, અને પંચેંદ્રિય સંજ્ઞીજીવોને અવધિ-દર્શન પણ હોય છે, કેવળીને અને સિદ્ધને કેવળદર્શન હોય છે. આ રીતે સર્વ જીવોને કોઇને કોઇ દર્શન હોય છે, એથી સર્વ જીવો **દર્શનાત્મા કહેવાય** છે. તેમાં પ્રથમથી બારમા ગુણસ્થાનક સુધીના જીવો, છાદ્મસ્થિક દર્શન—આત્મા અને કેવલી ભગવંત ક્ષાયિક દર્શન આત્મા કહેવાય છે.

૭. ચારિત્ર પાંચ પ્રકારના કહ્યા છે, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ-સંપરાય, યથાખ્યાત, એ પાંચ ચારિત્રમાંથી કોઈપણ ચારિત્ર હોય, તે **ચારિત્રાત્મા** કહેવાય છે. અગીયારમાંથી ચૌદમા ગુણઠાણા સુધીના વીતરાગ અને કેવળીને, યથાખ્યાત ચારિત્ર હોય છે. ચારિત્ર છઠે ગુણઠાણેથી હોય છે. તેથી **ચારિત્રાત્મા** છટ્ઠાથી ચૌદમા ગુણઠાણા સુધી કહેવાય છે. સિદ્ધના જીવોને સ્વરૂપ-રમણતા યથાખ્યાત ચારિત્ર હોય છે. એની વિવક્ષા અહીં કરી નથી. સંસારમાં વર્તતા છટ્ઠા ગુણસ્થાનકથી ચૌદમા સુધીના મુનિવરો, ઉપાધ્યાયો, આચાર્યો, કેવલી, અરિહંતભગવાન વગેરે ચારિત્રાત્મા કહેવાય.

વીર્ય શક્તિવાળા જીવો વીર્યાત્મા કહેવાય. સંસારના સર્વજીવો પહેલાથી ચૌદમા ગુણઠાણા સુધીના આમાં આવી જાય. કોઇ સ્થળે વીર્ય અને યોગનો અર્થ એકજ કરવામાં આવ્યો છે. અહીં કાંઈક ભિન્ન ગણીને, યોગથી વીર્ય જુદું કહેલ છે. આત્માનો અનંત વીર્ય નામનો જે ગુણ છે, એ તો સિદ્ધમાં પણ હોય છે, એની વિવક્ષા અહીં નથી, સંસારી જીવોના વીર્યની વિચારણા કરીને, સર્વ સંસારી જીવોને **વીર્યાત્મા** કહ્યા છે.

દ્રવ્ય[૧] ઉપયોગ[૨]-અને દર્શન[૩] આ ત્રણ સર્વ જીવોનાં હોવાથી, સર્વજીવો એ ત્રણ આત્મા છે. [૪]વીર્યાત્મા સર્વ સંસારી જીવો, એ ઉપરના ત્રણ આત્માથી થોડા ઓછા હોય, કારણ કે સિદ્ધના જીવો એમાં ન ગણાય. [૫]યોગાત્મા તેરમા ગુણઠાણા સુધીના જ હોય એથી વીર્યાત્માની અપેક્ષાએ, ચૌદમા ગુણઠાણાના જીવોની સંખ્યા ઓછી કરીએ એટલા ઓછા યોગાત્મા હોય. કોઇ કાળે, ચૌદમા ગુણઠાણાવાળા જીવો આ સંસારમાં કોઈપણ સ્થળમાં એક પણ ન હોય, એવું બને, ત્યારે વીર્યાત્મા અને યોગાત્માની સંખ્યા સરખી ગણાય. યોગાત્મા કરતા [૬]કષાયાત્મા ઓછા હોય, કારણ કે ૧૧ થી ૧૩ આ ત્રણ ગુણઠાણાના જીવો યોગાત્મા હોય પણ કષાયાત્મા ન હોય, કષાયાત્મા કરતાં [૭]જ્ઞાનાત્મા ઓછા હોય, કારણ કે પહેલા ત્રણ ગુણઠાણાના જીવોની સંખ્યા કષાયાત્મામાંથી બાદ કરીયે એટલા જ્ઞાનાત્મા હોય, જો કે, ઉપરના ચાર ગુણઠાણાવાળા જીવોની તથા સિદ્ધની સંખ્યા એમાં ભળે, પણ એ પહેલા ત્રણની સંખ્યાના અનંતમા ભાગનીજ હોય, જ્ઞાનાત્મા કરતાં પણ [૮]ચારિત્રાત્મા ઓછા હોય, કારણ કે ચોથા—પાંચમા ગુણસ્થાનકવાળા જ્ઞાનાત્મા ચારિત્રાત્મા ન કહેવાય તેમજ સિદ્ધના જીવોને ચારિત્રાત્મા તરીકે અહીં વિવક્ષ્યા નથી.


## ભેટ મળશે

જેઓએ શ્રી વર્ધમાનતપની ૫૦ થી અધિક ઓળીનું આરાધન કર્યું હોય તેઓને અમદાવાદ નિવાસી **શેઠ શ્રી જેચંદભાઇ કેવળદાસ** તરફથી **શ્રી વર્ધમાન તપ માહાત્મ્ય** નામનું ૪૦૦ પાનાનું પુસ્તક ભેટ મળશે. સીરનામું તથા ઓળી કેટલામી છે, તે જણાવવું જરૂરી છે.

**કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા**

યે રાજ્યની આવક કેમ ઘટે છે? રાજ્ય દ્વારા પ્રજા કલ્યાણનાં કાર્યો કરવામાં રાજ્યને ખોટ કેમ આવે છે? મને આ સમજાતું નથી.' આનો સ્પષ્ટ જવાબ અધિકારીઓ પાસે કાંઈ હતો નહિ. સૌ મૂંઝાયા, પણ તે બધાયમાં એક વયોવૃધ્ધ નિવૃત્ત અધિકારી હતો. જે અનુભવી, પ્રામાણિક તથા વર્તમાન રાજ્યવહિવટની લાંચ-રૂશ્વતની બદ્દીથી પૂરો વાકેફ હતો. તેણે નિડરતાથી પ્રશિયાના રાજાને કહ્યું: 'મહારાજા! તમારા પ્રશ્નનો હું જવાબ આપું' આમ કહી તેણે એક બરફનો ટુકડો ઉપાડી સર્વને બતાવ્યો. ને પછી પોતાની જોડે બેઠેલને એ આપી, એક પછી એક હાથે હાથોહાથ રાજાને પહોંચાડવા કહ્યું. કેરી જેવા તે બરફના ટુકડાનું કદ, રાજા પાસે પહોંચતાં વટાણા જેવું થયું હતું. રાજ્યની ઉપજની પણ એક પછી એક અધિકારીથી માંડી, ઠેઠ રાજ્યની તિજોરીમાં કે રાજ્યના કામકાજ સુધી પહોંચતાં કેવી દશા થાય છે, તે તેણે રાજાને સમજાવ્યું. રાજા ફ્રેડરીક પેલા વયોવૃધ્ધ પુરુષની સાચી વાત સાંભળીને તેનો મર્મ પામી ગયો.

—પં૦ કનકવિજયજી ગણિ.

★

## પદ્મ પરાગ

ઉપદેશ આપવો અનેકને ગમે છે. સાંભળવો ઘણાને રૂચે છે, પણ ગ્રહણ કરવો તો કોક વિરલને જ ફાવે છે.

ઠંડે કલેજે અન્યનું અપમાન કરનાર પોતાનું અપમાન થતાં શાને ઉકલી ઉઠતો હશે?

અન્યના દોષ કાઢવામાં માણસને આનંદ આવે છે, પણ અન્ય જ્યારે તેના દોષ કાઢે છે, ત્યારે એનાં અંતરે આગ લાગે છે.

તમે કોઇને ટોચે ન લઈ જઇ શકો તો કાંઇ નહિ, પણ કોઇને તલેટીમાં તો ન જ ધકેલો!

અન્યપર ઉપકાર ભલે કરો, પણ પછી તેના ભારથી એને કચડો નહિ.

ગુણ હશે તો એના પારસસ્પર્શે કુરૂપનું લોહ પણ કંચન બની જશે.

વિજયનું ગુમાન એ પરાજયનું પ્રથમ સોપાન છે.

કોઈની જીવનનૈયા માટે સુકાન ન બની શકો તો કાંઈ નહિ, પણ તુફાન તો ન જ બનો!

માનવીની મોટામાં મોટી શક્તિ કઈ? જીવનનો મોહ તેમજ મૃત્યુનો ભય ત્યાગી શકવાની.

માત્ર ફૂલોની સુગંધ માણવામાં જ નહિ, કિંતુ કંટકિત જીવનપંથના કાંટાના ડંખ સહેવામાં પણ જે સાથે રહે તે સાચો મિત્ર.

આજે માનવી વિજ્ઞાનદ્વારા કુદરત પર કાબૂ મેળવવાનું ગુમાન ભલે કરે, પણ કરૂણતા તો એ છે કે, એમ કરવા જતાં એ પોતાની જાત પરનો કાબૂ ગૂમાવતો જાય છે.

લોભી મન તળીયા વિનાના ખંડિત પાત્ર સમાન છે, એ કદિયે કેમ ભરાય!

કલમનું સાચું કાર્ય કમલ ઉગાડવાનું હોવું જોઇએ. કાદવ ઉડાડવાનું નહિ.

અંતરે છાયેલા મોહ-માયાના પડળ-બંધથી અંધ બનીને માનવો ભૌતિક ભોગ-વિલાસનાં શંખલા-છીપલાં પાછળ વ્યર્થ ફાંફાં મારે છે, એય પાછા રત્નચિંતામણિ સમાન માનવદેહ વેડફીને!

સંયમ એ સાચી રસિકતાનું દ્વાર છે, સંયમ રહિત રસિકતા એ વિલાસ છે, ને વિનિપાત એ વિલાસનું અનિવાર્ય ફલ છે.

પ્રભુ! મે વિપત્તિમાં મૂંઝાઇને તેનો અંત નથી માગ્યો, પણ હું તો માંગું છું, મને શક્તિ દેજે દેવ! કે ધૈર્યપૂર્વક હું વિપત્તિને સમભાવે સહી શકું!

(ફેરફાર સાથે) —**શ્રી નાથાલાલ દત્તાણી**

## તમે જાણો છો? ના, તો જાણો!

ભારત દેશમાં ૧ લાખ ૨૫ હજાર ગ્રેજ્યુએટો બેકાર છે. જેમાં ૭૫ ટકા તો આર્ટસ તથા કોમર્સ ડીપ્લોમા ધરાવે છે. એટલે એમ. સી. તથા એમ. એ. છે....

૬૬ લાખના ખર્ચે પંજાબ સરકારનું ધારાસભાગૃહ હિમાલયની ટેકરી પર બંધાઈ રહ્યું છે.....

પ્રજાસત્તાક દિવસ ઉજવવામાં ભારત સરકારને ૧૯૫૧ માં ૧૮૩૦૦ રૂા. નો ખર્ચ થયેલ. તે ૧૯૫૭ માં ૬ લાખ ને ૧૨ હજાર થયો છે....

મુંબઈની મ્યુ૦ કોર્પોરેશનના સભ્યને માસિક ભથ્થું રૂા. ૧૦૦ ને દર મિટિંગના રોજનું ભથ્થું ૧૦ મલે છે....

ભારત લોકસભાના સભ્યને માસિક ભથ્થું ૪૦૦ મલે છે....

અમેરિકાએ ૧૯૪૫થી ૧૯૫૮ એપ્રીલ સુધીમાં અણુ તથા હાઈડ્રોજન બોંબના ૯૦ અખતરા કર્યા છે. (હીરોશિમા તથા નાગાશિકામાં કર્યા તે પછીના) રશિયાએ ૧૯૪૯–સપ્ટેમ્બરની ૧૩ મી તા. ના પહેલો અખતરો કર્યો, ત્યારથી માર્ચ–૨૨ મી–૧૯૫૮ સુધીમાં ૩૯ ધડાકા કર્યા છે. બ્રિટને ૧૯૫૨ ના ઓકટોબરથી શરૂ કર્યા, તે માર્ચ ૫૮ સુધીમાં ૪ હાઇડ્રોઝન બોંબના ને ૧૨ અણુબોંબના કર્યા છે....

ભારતમાં ૧૯૫૭ ની આખરસુધીમાં ૧૩૪૭૨૧૬ રેડીયો લાઈસન્સો છે....

૫૭ ના એપ્રીલથી ડીસેં૦ સુધીના ૯ મહિનામાં ભારત સરકારે ૧૨૨૮૨૭૦ વાંદરાઓને પરદેશ મોકલી ૮૬ લાખ રૂ૦ ની કમાણી કરી, (ભારત સરકાર નું બીજુ નામ હીંસક સરકાર જ કહી શકાય કે બીજું કાંઇ?)....

સંપત્તિવેરાના પરિણામે ૫૮ ના માર્ચની આખર સુધીમાં ૬ ક્રોડ ૬૯ લાખ ને ૧૮૦૦ રૂા. ની આવક થઈ છે, જેમાં વ્યક્તિઓ પાસેથી ૧૭૩૦૫૪૦૦ ની વસુલાત થઈ છે, ને કંપનીઓ પાસેથી ૪૭૭૫૫૩૦૦ ની વસુલાત થઈ છે, (આ તે કારભાર કે કરભાર?)

મુંબઇ રાજ્યમાં પાંચ વર્ષમાં ૬૨૪૫ બ્હેનોએ આપઘાત કરેલ છે.

ભારત સરકારને બક્ષીસવેરામાંથી ૩ ક્રોડની આવક થશે તેમ સંભવે છે.

અલ્જીરીયામાં ૧૯૫૪–નવેંબરથી ૫૮–એપ્રીલની ૨૩ મી સુધી કુલ ૬૨૦૦૦ બળવાખોરો માર્યા ગયા છે, ને ૬૦૦૦ ફ્રેંચ સૈનિકો માર્યા ગયા છે, (રે સત્તા! તારા પાપે કેવી ભયંકર માનવહત્યા!)

૧૯૫૪-૩૦-જુનથી ૧–૪–૫૮ સુધીમાં લાંચરૂશ્વત કેસમાં ૧૦૨૫ સરકારી અમલદારો સંડોવાયેલા હતા. (કાયદેસર ગુનો કરતાં ન આવડયું હોય તે જ આજે તો મોટે ભાગે પકડાય છે.)

બ્રિટનમાં બેકારોની સંખ્યા ૪ લાખ ૨૫ હજારની છે. આ આંકડો ૧–૩–૫૩ પછીનો છે....

જન નથી, લ્યો આ વેષ. હું તો આ ચાલ્યો. હું હવે તમારો શિષ્ય પણ નથી."

ગૌતમસ્વામીજી કંઇ બોલે તે પહેલાંજ વેષ સમર્પી મુઠ્ઠી વાળી તે તો દોડયો અને સમવસરણ બહાર નીકળી ગયો.

ઈન્દ્રો વગેરે આ વિચિત્ર ચેષ્ટા જોઈ હસવા લાગ્યા.

"વાહ ! ઇન્દ્રભૂતિજી આજે તો કોઈ અજબ શિષ્ય પ્રાપ્ત કરી લાવ્યા !"

શ્રી ગૌતમસ્વામી સ્હેજ ક્ષોભ પામ્યા આમ બનવાનું કારણ પ્રભુને પૂછયું, પ્રભુએ ફરમાવ્યું :

"ગૌતમ ! ખેડુતે અરિહંતના ગુણ ચિંતવનથી ગ્રંથિભેદ કર્યો છે. તારા વડે ખેડુતને ધર્મપ્રાપ્તિનો મહાન લાભ થયો છે મારા પ્રત્યેના દ્વેષનું કારણ સાંભળ. સ્થૂલ ભવની ગણત્રીએ નયસારના ભવથી અઢારમા ભવમાં પોતનપુરના પ્રજાપતિ રાજાનો પુત્ર ત્રિપૃષ્ઠ નામે હું વાસુદેવ હતો.

અશ્વગ્રીવ પ્રતિવાસુદેવને કોઈ નિમિત્તજ્ઞે કહ્યું કે ત્રિપૃષ્ઠના હાથે તારૂં મરણ છે. અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠને મારવા ઘણા પ્રયત્નો કર્યા, પણ તે સફળ ન થયો.

અશ્વગ્રીવના શાલિક્ષેત્રોમાં સિંહ ઉપદ્રવ કરતો. કોઇ તેને હણી શકતા નહિ. અશ્વગ્રીવની આજ્ઞાથી રાજાઓ ક્ષેત્રની રક્ષા કરતા તેમાં પ્રજાપતિનો વારો આવ્યો.

પ્રજાપતિને જતા રોકી ત્રિપૃષ્ઠ રથમાં બેસી સારથિ સાથે ક્ષેત્રરક્ષણ માટે ગયો.

સિંહ ક્ષેત્રમાં ઉપદ્રવ કરવા આવ્યો.

ત્રિપૃષ્ઠને જોતાં તેની સામે તે દોડયો.

ત્રિપૃષ્ઠે હથિયાર તથા રથનો ત્યાગ કર્યો. કારણ ! સિંહ પાસે પણ તે ન હતા.

છીપના બે પડ જેમ હથેળી જુદાં કરે તેમ સિંહનાં બે ઓષ્ઠ પકડી તેણે સિંહને વિદારી નાખ્યો.

ત્રિપૃષ્ઠનો જય-જયારવ થયો.

મનુષ્ય માત્રથી મરણ પામવાથી સિંહ ખેદ પામ્યો.

મધુર વાણીથી સારથીએ સિંહને તે સમયે કહ્યું.

"તને હણનાર વાસુદેવ બનશે. તે માણસ માત્ર નથી. તે મનુષ્યમાં સિંહ છે, તું પશુઓમાં સિંહ છે. સિંહને હસ્તે સિંહ મરાયો છે, માટે ખેદ ન કર."

સિંહ સમાધિપૂર્વક મરણ પામ્યો.

ત્રિપૃષ્ઠ, સિંહ અને સારથિ એ ત્રણ, ભવમાં ભમતાં ત્રિપૃષ્ઠનો જીવ હું, સિંહનો જીવ ખેડુત અને સારથિનો જીવ, હે ગૌતમ! તું બન્યો છે.

તેં મધુર વાચાથી સિંહને શાંત કર્યો હતો, તેથી ખેડુતને તારા પ્રત્યે પ્રેમ થયો. તારૂં વચન તેણે માન્યું.

મેં તે બિચારાને મારી નાંખ્યો હતો તેથી તેને મારા પ્રત્યે દ્વેષ થયો.

આ કૃષીવલ અર્ધપુદ્ગલપરાવર્ત્ત કાલમાં સંસારનો અંત કરી મુક્તિને પામશે. કારણ તેણે બે ઘડી સુધી દર્શન પ્રાપ્ત કર્યું છે.

પ્રભુ બોલતા બંધ થયા.

શ્રી ગૌતમસ્વામીજી પણ વસ્તુસ્થિતિ સમજી ગયા. દેવેન્દ્ર આદિ આ વ્યતિકર સાંભળી દર્શનમાં દૃઢ બન્યા.

ખેડુત ગયો તે ગયો, પણ ભવભ્રમણનો સમય નક્કી કરતો ગયો.

સમ્યગ્દર્શનની એ જ બલીહારી છે.

# જ્ઞાન વિજ્ઞાનની તેજછાયા

શ્રી કિરણ

## શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

પ્રિય કમલ,

તારો પત્ર મળ્યો છે.

કદાચ તને ખબર નહિ હોય કે મને અર્વાચીન વિજ્ઞાનમાં મુદ્દલે રસ નથી. શ્રી જૈનદર્શન પ્રત્યેના અતિરાગથી કારણવશાત્ મારે વિજ્ઞાનની સમજણ મેળવવાનો પ્રયત્ન કરવો પડયો છે.

## મારો વિજ્ઞાનના વિષયમાં રસ

નવી કેળવણી પ્રાપ્ત કરેલા એક મોટા વર્ગના ગાઢ સંપર્કમાં આવવાના પરિણામે એમની ભાષામાં, એમની દલીલોથી પ્રત્યુત્તરો વાળી શકાય એ માટે છેલ્લા ઘણા વર્ષોથી મેં વિજ્ઞાનમાં રસ કેળવ્યો છે.

આ અભ્યાસથી ન જાને કેમ મારો શ્રી જિનશાસન પ્રત્યેનો અતિરાગ શ્રધ્ધામાં, શ્રધ્ધા પ્રતિતિમાં, પ્રતિતિ સૂક્ષ્મ સમજણમાં પલોટાતા જાય છે.

આ અભ્યાસથી જેમ મને અર્વાચીન વિજ્ઞાનનાં દૂષણો સમજાય છે ત્યારે ખેદ થાય થાય છે, તેમ શ્રી જિનાગમના સૂક્ષ્મ શાસ્ત્ર-સંકેતો પ્રાપ્ત થાય છે ત્યારે આનંદ પ્રગટે છે.

મારી પૂર્ણ ખાત્રી છે કે ભૌતિક વિજ્ઞાનના દાવાનળમાંથી આ સંસારને બચાવવાની તાકાત શ્રી જિનશાસનમાં અવશ્ય છે જ.

## બંને જુદા માર્ગ

હું સ્પષ્ટપણે સ્વીકારૂં છું કે વિજ્ઞાનની પદ્ધતિ અને ધર્મની પદ્ધતિ જૂદી છે. ભૌતિક વિજ્ઞાનના પ્રયોગો અને અધ્યાત્મના પ્રયોગોની ભૂમિકા બિલ્કુલ જૂદી છે.

વિજ્ઞાનના ઉપમા-અલંકારોથી આધ્યાત્મિક ભાવો નહિ સમજાવી શકાય.

ભૌતિક વિજ્ઞાનની પ્રયોગાત્મક પદ્ધતિઓ કરતા ધર્મનું વિશિષ્ટ તત્ત્વ અનેકગણું સૂક્ષ્મ અને ઉચ્ચ છે, એ નિર્વિવાદ હકીકત દર્શાવવાનો મારો હેતુ છે.

## સર્વોચ્ચ શાસ્ત્ર ભાષા

મારા લેખનમાં જે અંગ્રેજી શબ્દો હું વાપરૂં છું તે તને ઉપકારક થાય તે માટે છે. ગૂઢ ભાવો સમજવામાં તને સ્હેજ સરળતા થાય તે માટે છે.

શ્રી જિનશાસનના ત્રિકાલાબાધિત સત્યોને પરભાષામાં ઉતારવાનો આ પ્રયત્ન નથી. એવો પ્રયત્ન કોઈ કરી શકે નહિ. એ અશકય છે. પરંતુ આપણી શાસ્ત્રભાષાથી અપરિચિત રહેલા વર્ગને, આ સર્વોચ્ચ શાસ્ત્રભાષામાં રસ જગાડવાનો આ યત્કિંચિત્ પ્રયત્ન છે, આ શ્રેષ્ઠ દર્શનની સૂક્ષ્મતાનો પરિચય નહિ, તેની પ્રત્યે માત્ર અંગુલીનિર્દેશ કરવાનો આ સામાન્ય, અતિ સામાન્ય પ્રયત્ન છે.

મારી આ લેખનપધ્ધતિ સર્વને ઉપયોગી ન પણ હોય, જડવાદના ફલુ જ્વરથી રીબાતા કેટલાકને આવી નિર્દોષ વનસ્પતિની દવાથી અદ્‌ભુત લાભ થયો છે એ હકીકત છે.

સંભવ છે કે જેઓ તંદુરસ્ત છે, તેમને ઉપયોગી કંઇ તત્ત્વ મારા પત્રલેખનમાં કદાચ ન હોય.

પરંતુ મારી શ્રદ્ધા છે, પૂર્ણ શ્રદ્ધા છે કે આવા પ્રયત્નોથી જે વિચારક વ્યક્તિઓ સુદેવ, સુગુરુ અને સુધર્મને શરણે આવશે તેમનું નિઃસંદેહ કલ્યાણ છે.

**શક્તિ અને સમયનું સાર્થકપણું.**

શ્રી નવકાર સંબંધી મારા પત્રો તારી જિજ્ઞાસાને અનુસારીને લખાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર પ્રત્યે તારી અભિરુચિ વધતી જાય છે, તે જાણીને આનંદ. આ મહામંત્રના જાપ પ્રત્યે તારો રસ જાગ્યો છે તેથી વિશેષ આનંદ.

કમલ ! શ્રી નવકારમંત્રના જાપમાં એટલી શક્તિ છે કે જાણે-અજાણે તે રટણ કરનારને સાધનામાર્ગની કેડી સમીપ અવશ્ય લાવી દે, જીવનનાં ઉત્થાન માટે પ્રેરક બળોનો આપોઆપ સમન્વય થાય.

આત્મપ્રકાશ પ્રગટાવવામાં સહાયક તત્ત્વોની જે ખોટ વ્યક્તિના માત્ર સ્વ-પ્રયત્ને પૂરી શકાતી નથી, તે પૂરવાની અચિંત્ય શક્તિ નમસ્કાર મહામંત્રના જાપમાં રહેલી છે.

જો આ સત્ય તને બરાબર સમજાઇ જાય તો આધ્યાત્મિક વિકાસ માટેની મથામણમાં વપરાતી ઘણી શક્તિ અને સમય સાર્થક થાય.

**દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ.**

શ્રી નમસ્કાર મંત્ર સર્વ શ્રેષ્ઠ મંત્ર છે. કહ્યું છે કે,

"नमस्कारसमो मंत्रः, शत्रुञ्जयसमो गिरि : ।
वीतरागसमो देवो, न भूतो न भविष्यति ॥

શ્રી નવકાર સમાન મંત્ર, શ્રી શત્રુંજય સમાન ગિરિ, શ્રી વીતરાગ સમાન દેવ ભૂતકાળમાં થયા નથી, આગામી કાળમાં થશે નહિ.

એવો એકેય મંત્ર નથી જે શ્રી નવકારથી શ્રેષ્ઠ હોય, એવું એકેય તીર્થ નથી જે તીર્થાધિરાજ શત્રુંજયથી શ્રેષ્ઠ હોય.

સર્વ દ્રવ્યોમાં શ્રેષ્ઠ દ્રવ્ય શ્રી વીતરાગ દેવનું છે.

સર્વ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ ક્ષેત્ર શ્રી સિધ્ધક્ષેત્ર છે. સર્વ ભાવોમાં શ્રેષ્ઠ ભાવ શ્રી પંચ પરમેષ્ઠીને નમસ્કારનો ભાવ છે. સર્વ કાળમાં શ્રેષ્ઠ કાળ આવો ભાવ જાગે, આ શ્રેષ્ઠતા સમજાય, તે કાળ છે.

શ્રી નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે; કારણ કે તે વડે શ્રી વીતરાગદેવને નમસ્કાર થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે; કારણ કે શ્રી સિદ્ધક્ષેત્ર દ્વારા મોક્ષગતિ પ્રાપ્ત કરનાર સર્વ આત્માઓએ તેનું શરણ સ્વીકાર્યું છે.

શ્રી નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે; કારણ કે પૂજ્ય પ્રત્યેનો પ્રમોદ ભાવ, શ્રી પંચ પરમેષ્ઠીઓ પ્રત્યેનો સર્વ સમર્પણ ભાવ તેમાં ભર્યો છે.

શ્રી નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે; કારણ કે જે કાળમાં આ ભાવ હૈયામાં પ્રગટે છે, તે કાળે વિસ્મયકારક આત્મશુદ્ધિ પ્રાપ્ત થાય છે.

કમલ ! શ્રી નવકારમંત્ર પ્રત્યે જે અભિરુચિ જાગૃત થઇ છે, તેને જીવંત રાખવા પ્રયત્ન કરજે. વિશેષ પુષ્ટ બનાવવા પ્રયત્ન કરજે.

વિશેષ પછી

સ્નેહાધીન

કિરણ

★

रेंन्सने इस पुस्तकको पाठ्यक्रममें मान्य करनेके पहले सोच लिया होता कि वास्तवमें हमारे सिद्धान्त क्या है ? तो आज यह अवसर न आता। उसके अंदर अनुदित किये गये प्रकरणों से स्पष्टतः विदित हो जाता है कि टीका, भाष्य आदिका सहारा लिये बिना मूल आगमों पर से ही केवल कलम चलाइ जाती है या चलाइ गइ हैं तो इसका क्या परिणाम हुआ हैं ? और उनको देखकर लिखा जाता तो सही स्थितिका ज्ञान नही रहता।

इस के अतिरिक्त इस पुस्तकमें पृष्ठ ७६,७८ ८४ आदिके अन्य प्रकरणों में भी यत्र तत्र यथेष्ट अनुदित करनेका साहस किया गया हैं, वह सर्वथा अनुचित है। इस बातके लिये हम दीर्घ-दृष्टि से सोचते है तो हमारे शास्त्रीय अर्थोका कितना भारी अनर्थ कर दीया है, जिसको हमारे कर्णधारोंने बिना सोचे ही कैसे मान्य कर लिया यह बडे ही आश्चर्य की बात है.

हम विशेष लिखकर समयको व्यर्थ नष्ट करना उचित नही समझते ॥ परंतु जैन कोन्फरेंन्ससे यह अपेक्षा अवश्य रखते है कि इस प्रकार के साहित्यको कदापि अपने अभ्यासक्रममें वह स्थान न दें। साथ ही इस पुस्तकको अपने अभ्यासक्रममें से निकाल कर समाजके दिल में घर करनेवाली असद्भावनाओं से भी बच जाय !

उपर्युक्त पुस्तकके सम्बन्धमें हमारे पास कई प्रश्न आ चूके हैं और उन्हीं प्रश्नोंने हमको इतना लिखनेको बाध्य किया है। यदि हमारी उच्च प्रतिष्ठित संस्थाने हमारे इस अत्यल्प संकेत की ओर ध्यान देकर योग्य कर दिया तो वह निश्चित है इस प्रकार भगवानके सिद्धान्तो से विपरीत प्रचार, और सिद्धान्त हनन के महान पातक से बच जायेंगे। इसके लिये जो भी समाधान हमारे वे कर्णधार करना चाहें संतोषप्रद ढंग से इसी पत्र के द्वारा करें. इस प्रकार की अज्ञताको दूर करनेके लिये बहुत प्रयास किये जा चूके है, अतः इस विषयमें हम अधिक नहीं कहते। फिर भी यदि उचित समझा गया तो हम आगे के अंकोंमें इसका स्पष्टीकरण करेंगे।


## 'કલ્યાણ' માસિકની ફાઈલો

'કલ્યાણ'ને આજે ચૌદ વર્ષ પુરાં થયાં છે. તેમાં પહેલા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી. બાકીના વર્ષની ફાઇલો પણ જુજ છે. પાછળથી વધુ કિંમત ખર્ચતાં પણ મળવી મુશ્કેલ છે.

દરેક ફાઇલમાં ધાર્મિક કથા-વાર્તાઓ, શંકા-સમાધાન, જ્ઞાન-ગોચરી, મધપૂડો, વહેતાં વહેણો, સમયનાં ક્ષીર-નીર વગેરે વિભાગોથી સમૃદ્ધ અવનવું સાહિત્ય પીરસવામાં આવ્યું છે હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય.

દરેક બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂ. પાંચ. પોસ્ટેજ અલગ. જે ફાઇલો હશે તેજ રવાના થશે

કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

## સોના—ચાંદીના વરખ ખરીદવાનું

વિશ્વાસપાત્ર એકજ સ્થળ

# એ. વરખવાળા એન્ડ સન્સ

સોના—ચાંદીના વરખ બનાવનાર તથા બાદલા અને કેસરના વહેપારી

૩૦૪૪, હંસરાજ પ્રાગજી હોલ પાસે, પાનકોરનાકા અમદાવાદ—૧

# પાનસર ખાતેની ઓળીનો મારો અનુભવ :

શ્રી અમૃતલાલ મોદી M. A. B. E. D. સિરોહી (રાજસ્થાન)

નવપદ આરાધક સમાજ મુંબઈ તરફથી દર વર્ષે ચૈત્ર માસમાં કોઈ પણ તીર્થમાં નવપદની આરાધના અર્થે ઓળી કરાવવામાં આવે છે. આ વર્ષે આ ચૈત્ર માસમાં પાનસર તીર્થે ઓળીની આરાધના માટે સમાજ તરફથી જાહેર આમંત્રણ હતું અને ઓળી કરનાર આરાધકોને ત્યાં આવવા વિનંતિ હતી. મેં પણ એવું જ છાપામાં વાંચ્યું અને ત્યાં જવા માટે મનને તૈયાર કર્યું. રજા ન હતી. પણ ગમે તેમ તે મેળવવાનો વિચાર કર્યો અને ચૈત્ર સુદ ૯ ના દિવસે ત્યાં ગયો.

પાનસરમાં લગભગ તે વખતે હજારેક આરાધકો અને થોડાક બીજા માણસો ભેગા થયા હતા અને આખી ધર્મશાળા પૂરી ભરાઈ ગઇ હતી. અરે તે છલકાતી હતી. પાનસરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની મનોહર મૂર્તિ છે મંદિર આગલ સુંદર ચોગાન છે અને ધર્મશાળા પણ સુંદર અને ખૂબ મોટી છે.

સમાજ તરફથી આયંબીલ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી તે સિવાય ઇતરજનને (ઓળી વગરનાને) ખાવા માટે ત્યાંની ભોજનશાળા ચાલૂ હતી. પાનસરમાં પાણી માટે પમ્પ અને વિજલી માટે એક એંજીન હતું અને તેથી લગભગ બધી જ અગવડો ત્યાં હતી, તે સિવાય પરચૂરણ સામાન માટે બહાર એક બે દુકાનો પણ છે જ.

ત્યાં દરરોજ આરાધકોની દિનચર્યા આ પ્રમાણે હતી, સવારમાં વહેલા ઉઠી અને પ્રતિક્રમણ દેવવંદન આદિ દૈનિક ધાર્મિક ક્રિયાઓ કરતા. તે પછી પ્રભુના દર્શન અને ત્યાં કરવાની ક્રિયાઓ કરતા. પછી નવ વાગે વ્યાખ્યાન શરૂ થતું વ્યાખ્યાન પૂર્ણ થયા પછી તરત જ સ્નાત્રપૂજા અને અષ્ટપ્રકારી પૂજા શરૂ થતી અને તે છેક સાંજે ત્રણ ચાર વાગે પૂરી થતી. અમુક લોકો તો તે પછી જ આયંબીલ કરતા. બાકી આમ તો આયંબિલ ૧૧ વાગ્યાથી શરૂ થઈ જતા. છૂટક આયંબિલ, ક્રિયા વગરની ઓળીના, ક્રિયાવાળા પણ પહેલા જમી લેનારા વગેરે પહેલા આયંબિલ કરી લેતાં અને છેલ્લે ખૂબ ભક્તિમાં પરોવાઇ રહેનાર, ખાવા–પીવાની પરવા ન કરનાર, સારી એવી માનસિક અને શારીરિક શક્તિ ધરાવનાર એવા લોકો ચાર પાંચ વાગે આયંબિલ કરતા, તે પછી ફરી દેવવંદન, પ્રભુદર્શન પ્રતિક્રમણ અને રાત્રે રાસ વંચાય અને બીજી બાજુ ભાવના બેસે, આ રીતે ત્યાં આખા જ દિવસનો કાર્યક્રમ રહેતો હતો, ભક્તોને ભક્તિમાં તરબોળ બનવા માટે પૂરો સમય મળતો અને જરા પણ નકામો સમય રહેતો નહીં.

હવે ત્યાંની વિશિષ્ટતાઓ વિષે થોડુંક કહેવા માગું છું. એક દિવસની પૂજામાં એક લીટી હતી– 'આવી રૂડી ભગતિ મેં પહેલા ન જાણી અને ખરેખર મારા માટે તો તે અક્ષરશઃ સાચી વાત હતી. પૂજાના રચયિતા મહાપુરૂષે પોતાનાં અંતરમાં ઉત્પન્ન થયેલ ભક્તિ માટે કદાચ લખ્યું હશે. પણ મારા માટે તે આદર્શ–આવી રૂડી ભક્તિનું–તે ખરેખર નવીન હતું. આટલા બધા લોકો આટલી તન્મયતાથી આટલો વખત બેસી રહે, એ વસ્તુ તદ્દન નવી હતી. તેથી મારા પોતાનાં મનમાં ભક્તિ જરૂર ઉત્પન્ન થતી જ હતી, હું પણ ત્યાં ઓળી કરવા, આરાધના માટે જ ગયો હતો. પણ આ પહેલી જ વખતે હું સમાજ તરફથી થતી ઓળીની આરાધના માટે ગયેલ હોઈ આવો ભક્તિનો રસ ચાખવા મને પહેલો જ વખત મલ્યો. ખરેખર મારૂં મન ખૂબ ખુશ થયું, અરે નાચવા લાગ્યું અને જ્યારે ત્યાં મેળાવડો થયો ત્યારે સ્વયં સ્ફુરણાથી હું તે સમાજના કાર્યકર્તાઓને હૃદયથી ધન્યવાદ આપવા માટે ઉભો થયો.

આખા દિવસના કાર્યક્રમમાં ખાસ આનંદ આપનારો, દિલમાં ભક્તિનો રસ જગાડનાર, ભક્તિના રસમાં તરબોળ કરનાર જે સ્નાત્ર અને અષ્ટપ્રકારી પૂજાનો કાયંક્રમ હતો અને તેમાંય ગાયક લોકો હોવાથી અને જેમના સુંદર અને મધુર સંગીતથી ત્યાંથી ઉઠવાનું મન જ થતું ન હતું. અરે ખરેખર ભૂખ અને તૃષા બધું ભુલાઈ જતું અને તલ્લીન થઇ જવાતું હતું. મને શ્રી શત્રુંજય પર્વત પર પરમાત્મા શ્રી આદિનાથની

યાત્રાર્થે જનાર લોકો અને ત્યાંના પર્વત ઉપરનું વાતાવરણ યાદ આવ્યું અને ત્યાં પણ આ રીતે ભૂખ તૃષા બધું ભુલાઈ જતું હતું. આઠે દિવસ ભણાવવામાં આવેલ અષ્ટપ્રકારી પૂજાઓ આઠે પ્રકારના કર્મ નિવારણ માટેની હતી અને દરેક પૂજા કર્મગ્રંથ પર જ જાણે રચાઈ હોય. કર્મગ્રંથના અભ્યાસીને તેમાં ઓરજ આનંદ આવે. તે સિવાય જો સાર્થ પૂજાની ચોપડી મળી જાય તો તે આનંદમાં ખૂબજ વધારો થાય. સ્નાત્રપૂજામાં પણ અનેરો આનંદ આવતો હતો અને તેથી આ સામૂહિક ક્રિયા બહુ જ આનંદજનક થતી હતી.

છેલ્લા દિવસે શ્રી સિદ્ધચક્ર મહાયંત્રનું મહાપૂજન હતું અને તે ક્રિયા સાંજે છેક પાંચ વાગ્યા સુધી ચાલી. તેમાં પણ એટલો બધો આનંદ આવેલ કે છેક સાંજ સુધી ત્યાંથી ઉઠવાનું મન જ ન થાય. તે પછી વરઘોડો હતો. ચૈત્ર સુદ ૧૩ ને દિવસે પણ પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક પ્રસંગે સાંજે વરઘોડો હતો. અને છેલ્લે પારણાને દિવસે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. ખરેખર જે લોકોએ આ બન્ને પૂજાઓ ભણાવવામાં પોતાની સંપત્તિનો સદુપયોગ કર્યો તેમણે પોતાના દ્રવ્યનું મોટું ભાતું બાંધ્યું હશે. કેમ કે અનેક લોકોને આથી આનંદ મળ્યો, ધર્મપ્રવૃત્તિ થઈ, ભક્તિ થઈ અને અનુમોદન થયું.

આ બધા ઉપરાંત આમાં પ્રાણ પૂરનાર પૂ૦ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ત્યાં હતા અને તેમણે પોતાના દરરોજના વ્યાખ્યાનોમાં ભક્તિ, નવકાર, સિદ્ધચક્ર, તેમનું આરાધન, જપધ્યાન વગેરે વિષયો પર ખૂબ સમજાવટ પૂર્વકનાં વ્યાખ્યાનો આપ્યાં હતાં, જેમાં પ્રભુની ભક્તિથી જ બધું થાય છે અને પ્રભુનો ઉપકાર કોઇ પણ વખતે ભૂલી શકાય જ નહીં, 'કપટ રહિત થઇ આતમ અરપણા રે, એવી ભાવના દરેકમાં આવવી જોઇયે. પ્રભુકૃપાથી જ બધું થાય છે અને તેથી પૂર્ણ સમર્પણભાવથી પ્રભુની ભક્તિ કરવી જોઇએ.

નવકાર મંત્ર સૌથી શ્રેષ્ઠ મંત્ર છે, બીજા કોઇ પણ મંત્ર કરતાં તે વધારે પ્રભાવક છે અને તેને સાધવામાં આવે તો તે આશ્ચર્યજનક ફળ આપે. એવા એક બે દાખલાઓ મને વ્યક્તિગત રૂપે જાણવા પણ મલ્યા હતા. નવકારમાં બધું જ સમાઇ જાય છે. તેમાં બધા જ ઉપકારક આત્માઓને વંદન આવી જાય છે.

દરેક જણે રોજ પૂજન કરવું જોઇયે પણ દ્રવ્યપૂજન પૂરતું નથી, ભાવપૂજન ચોક્કસ હોવું જ જોઇએ. ચૈત્યવંદન કર્યા વગર એકલું પૂજન કેવી રીતે સફળ થાય. ભાવપૂજન પછી પ્રભુના નામનો નવકારનો જાપ હોવો જ જોઇયે. અને છેલ્લે જાપ પછી પ્રભુનું અને સિદ્ધચક્રનું ધ્યાન હોવું જ જોઇયે.

આ બાબતો માટે તેમણે ત્યાં જ પ્રત્યક્ષ જાપ અને ધ્યાન કરાવ્યા હતા. અને તે કરવાથી મનમાં કંઇક પ્રકાશ આવશે અને પ્રભુના ધ્યાનથી, સ્મરણથી, આંખ બંધ કરીને બેસીએ ત્યારે પ્રભુની મૂર્તિ મગજની આંખ આગળ (અલબત્ત ધીરે ધીરે, પ્રયાસથી) આવશે.

એ શિવાય પણ તેમણે જણાવ્યું હતું કે જ્યાં સુધી મનમાં દસ પ્રકારના ધર્મ ન આવે, ક્ષમા માર્દવ, આર્જવ, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ઇત્યાદિ જ્યાં સુધી વસે નહિં, ત્યાં સુધી આ પૂજા, જાપ, ધ્યાન એ બધું સંપૂર્ણ ઉપયોગી ન નિવડે તેથી દરેકે આ દસ પ્રકારના ધર્મને આરાધવો જોઇએ.

એ સિવાય આ સમયે ત્યાંનો દેખાવ બિલકુલ એક તપોવન જેવો હતો. ત્યાં બીજું કંઇ બાહ્ય પૌદ્ગલિક આકર્ષણ ન હોવા છતાં પણ લોકો બધા આમાં જ, ધર્મધ્યાન ક્રિયા વગેરેમાં જ પરોવાઈ રહેતા. એક સ્થલે આટલા બધા તપ કરનાર કયાંય ભેગા થવા અત્યંત મુશ્કેલ છે અને એવું દ્રશ્ય પાનસર સિવાય બીજે કયાં તે સમયે મળી શકે ? ત્યાં રહેનાર આટલા મોટા સમુદાયમાં સામુદાયિક રૂપે બ્રહ્મચર્ય બહુ સહજ રીતે, કંઇ પણ વિશેષ પ્રયત્ન વગર નિર્વિકારપણે પલાતું હતું.

ત્યાં એક વાતની મુશ્કેલી હતી. માણસો બહુ વધારે હોવાથી, અને જાજરૂ માટે વ્યવસ્થા ન હોવાથી જ્યાં ત્યાં ગંદું દેખાતું હતું બીજું કે છેલ્લા એકાદ બે દિવસ અત્યંત વધુ ભીડ થઇ ગઇ હતી અને તેથી

પૂજામાં, નહાવામાં વગેરે બધે ખુબ ભીડ હોવાથી કંઇક મુશ્કેલી અનુભવાતી હતી. છતાં ત્યાં આટલો મોટો સમુદાય હોવા છતાં કોઈપણ ખરાબ અગર અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

જીવનમાં આવા સુંદર અવસરો વારંવાર પ્રાપ્ત થાઓ કે, જેથી તીર્થના દર્શન ઉપરાંત આટલી ભવ્યતાઓ અને આરાધકોનાં દર્શન થાય અને આવી સુંદર રૂડી ભક્તિનો લ્હાવો અને અનુમોદન કરવાનો પ્રસંગ મલે !

ચૈત્ર સુદ ૬ થી લોકો ત્યાં આવ્યા હતા. અને ચૈત્ર વદ ૧ ના રોજ નવકારસી પછી લોકો વિખરાવા લાગ્યા હતા. ત્યાં રહેવાથી આવેલ આનંદ ખરેખર અનેરો હતો અને તેથી એમ પણ વિચાર્યું કે જ્યાં સુધી બને ત્યાં સુધી આવા અવસર ચૂકવા નહીં. ખરેખર ત્યાં આટલા મોટા સમુદાયમાં એક સાથે આયંબિલની ઓળી તથ ભક્તિનો એક ભવ્ય પ્રયોગ હતો અને તે એક અદ્વિતીય સુંદર દ્દશ્ય હતું.

જીવનમાં આવા સુંદર અવસરો વારંવાર પ્રાપ્ત થાઓ કે, જેથી તીર્થના દર્શન ઉપરાંત આટલા ભવ્યાત્માઓ અને આરાધકોના દર્શન થાય અને આવી સુંદર રૂડી ભક્તિનો લ્હાવો અને અનુમોદન કરવાનો પ્રસંગ મલે !

★

## સુવાસ

જીવનની એક ક્ષણ કરોડો સોનામહોરોથી પણ ખરીદી શકાતી નથી. માટે એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો.

આજની કિંમત આવતી કાલથી ડબલ છે. આજે કરવાનું સત્કાર્ય કાલ ઉપર રાખશો નહીં.

વખત કુદરતનો ખજાનો છે. ઘડી અને કલાકો તેની તિજોરી છે. પળો અને ક્ષણો તેના કિંમતી હીરા છે.

જ્ઞાન અને વિવેક એજ ખરી આંખો છે. એના વિના માણસ છતી આંખે આંધળો છે.

ડૉકટર, બેરીસ્ટર કે પ્રોફેસરની ડીગ્રી મેળવવામાં કેળવણીનો હેતુ પુરો થતો નથી પણ આધ્યાત્મિક પ્રગતિ જે જ્ઞાનથી થાય તે જ સાચી કેળવણી છે.

ઇચ્છાઓને કાબુમાં જે રાખી શકતો નથી, તે આત્મા પ્રગતિ સાધી શકતો નથી.

પ્રશંસાની ઇચ્છા રાખો નહિં. પરંતુ બીજા પ્રશંસા કરે તેવાં કાર્યો કરવાની ધગશ રાખો.

સમાજસેવા અને દેશસેવા એ ઉત્તમ છે. પરંતુ આત્મસેવા એ સર્વોત્તમ છે.

જો તમારે મોટા થવું હોય તો પ્રથમ નાના બનો. મોટાઈનું માપ ઉમ્મરથી કે શ્રીમંતાઈથી નહીં પણ વિદ્વત્તાથી અને સદાચારથી થાય છે. માટે વિદ્વાન અને સદાચારી બનો.

એન. બી. શાહ.

# प्राचीन वरमाण [ वर्धमान ] तीर्थ

मुनिराज श्री निरंजनविजयजी महाराज

मैने कुछ समय पहीले जबके जिरावला तीर्थ में आयंबिल कि चैत्री ओली करवाने के लिये ध्रांगध्रा ( सौराष्ट्र ) से मारवाड कि और विहार किया तो बिच मार्ग में वर्धमान तीर्थ (वरमाण) देखा. मुझे आनंद और दु:ख हुआ, हर्ष इस बातसे हुआ कि प्रभु कि प्रतिमाए जो बडे तीर्थो में दृष्टिगोचर नहिं होती अैसी भव्य आकर्षक व सुन्दर प्रतिमा देखनेका सुअवसर प्राप्त हुआ।

जिरावला तीर्थ में आकर प्रभु श्री पार्श्वनाथजी कि प्रतिमा देखकर दु.ख हुआ वर्धमान तीर्थ में देखी हुई श्रमण भगवान महावीर प्रभु की प्रतिमाके साथ मेरे चर्मचक्षुओने प्रभुश्री पार्श्वनाथजी की प्रतिमाकी तुलना कि. सदियो जुना जिरावला पार्श्वनाथ का नाम आज कौन नहि जानता? मूलनायक श्री नेमनाथ प्रभु को बनाये गये है। वो इस हेतु से क्यु न हो? कि जब भगवान श्री पार्श्वनाथजी कि प्रतिमा है ही नहि तो मूलनायक की प्रतिमा सुन्दर मिले उसे क्यों न बनाये? मौजुदा रंगमंडप प्रवेशद्वार मूल व. पबासन जितनी बडी प्रतिमा के लिये होने चाहिये उतनी बडी श्री नेम प्रभुकि प्रतिमा है: छोटी छोटी कुछ प्रतिमांए पार्श्वनाथ प्रभुकि कम ज्यादा सुन्दर वहां देखने मिली है, किन्तु जो भावना व अभिलाषा प्रभु पार्श्वनाथ कि प्रतिमा देखने कि यात्रीगण रखते हैं वो वहां पाइ जाती नहि. अधीक पार्श्व प्रभुकि प्राचीन प्रतिमा जिसे कहते हैं वो कोई विचित्र पदार्थोमें ढकी हुई नजर में आती है और उसको जिरावला पार्श्वनाथ की प्रतिमा मानना पडता है. यात्री, बगीचा, अर्द्ध धर्मशाला व मंदिरजी कि तारिफ करता हुआ अपने घर लौटता है.

वर्धमान तीर्थ में श्रमण प्रभु महावीर भगवान कि प्रतिमा जो दे सकती है वो शायद ही वो चुने मिट्टी व पत्थरे कि बडी दीवाले दें. प्राचीन कलाके अवशेष टुटे फुटे बिखरे पडे हैं. एक मिट्टी का ढेर है भग्नहृदया कि तरह उसमें प्राचीन कलाकृति दृष्टिगोचर होती है दहेरासरजी में देलवाडा की स्पर्धा करे वैसे कलात्मक काम बिस्मार हालत में दिखते है. दो काउस्सग्गीये प्रभु श्री पार्श्वनाथजी के जैन शासन की तरह अडग खडे है. भगवान आदीश्वर प्रभुकी सुन्दर प्रतिमा शनि के पत्थर कि कुरी हुरी हुई नजर आती है. मिलों तक वर्धमान तीर्थ के छत दीवाले व स्थम्भो गुम्बज के टुकडे पाए जाते है. हिमालय कि तरह प्रभु महावीर कि प्रतिमा जिनालय में और प्रतिमाओं की छोटी बनाये अचल खडी है. खुलि आंखो जिसने ये प्रतिमा देख ली हो वो आंखे मुन्दने पर भि भूल नहि सकता, इतर जैनी भि यहां काफि आते है वो इसको क्या समझ कर हाथ जोडते है? छोटासा गाम दारिद्र का नमूना है. फिरभि ये अनमोल रत्न पर मुस्ताक है. आबालवृद्ध सभि भगवान महावीर के चरणो में जाते है. अपने अपने इष्टका नाम लेकर उनको हाथ जोडते है कोइ इसे अवधूत शंकर कहता है वो कोई राम व ब्रह्मादि कहलाता है सभों को सभी रूप से दर्शन देनेवाले हैं. बहूरूप महावीर को भला कैसे भुले गांवमे सिर्फ ३ ही घर जैनों के है. ये स्थान को किसी की सहायता नहि मीला. महावीर को किसकि सहायता कि जरुरत है? बिना प्रतिमाओ के स्थानो कि हिन्दुस्थान में कमी नहीं व एसे स्थानों के लिये चन्दा भि बटोरा जाता है, और भाविक खुले हाथो देते हैं, नहि सोचते आराध्य प्रतिमा कहां से आयगी और कहां से निकलेगी. विना दुलहा कि बरात कोई कोई स्थान पर दृष्टिगोचर होती है।

मैरा ये तीर्थ के लिये कोइ हठाग्रह नहि. ये तीर्थ का जिर्णोद्धार हो जाय इसे मुझे व्यक्तिगत लाभ हानि नहीं. किन्तु ये प्रतिमा जिसके लिये मुझे इतना ममत्व है उसे जैन आलम एक बार देखे. सुव्यवस्थित रूप से बिठाया जाय. धजा दंड इत्यादि आवश्यक किया जाय तो हानी से लाभ

ज्यादा है. जिरावला व मुन्डस्थल (मुगथला) दहने बांये हाथ करके यह तीर्थ कायम हो जाय तो जैनो के लिये श्रेयस्कर है।

ये करने में ज्यादा पैसे की जरुरत नही और गिनीं जाय तो है भी कुछ हजारमे भी काम हो सकता है. आज जबके रुपीया बहोत छोटा हो गया है तो वो रुपया एसे बडे काममें देना जैनो के लिये बिल्कुल स्वाभाविक बात है. धन साथ साथ नहीं जाता पैसा सब चिल्ला चिल्ला कर कहते है और वोही धन के लिये सब बावरे बने फिरते हैं. ये तीर्थ के लिये बावरे. बनने कि कोई जरुरत नहि नियमित पूजा होवे यात्रालु के रहेने सहने के लिये कुछ इन्तजाम हो जाय कुछ मंदिरकि मरम्मत करावें उसे आगे बढनेकि कोइ आवश्यकता नहि देवद्रव्य व साधारण में पैसी रकमे न जमा होनी चाहीये कि जिसे लेने के लिये शासक कि शोसक अपनी नियत बिगाडे चैन कि निंद तभी ले सकते हैं जब किसी बातका भय न हो।

श्रमण प्रभुश्री महावीर कि प्रतिष्ठा सदियों पहेले हो चुकी है. दूनीया की कोइ ताकात उनकी प्रतिष्ठा में बाधा नहि डाल सकती।

अब तो हमें प्रतिष्ठा करनी है हमारी ठीक स्थान पर उनकी प्रतिमा बिठायें धार्मिक मंत्रोच्चार करें और प्रभु के पद पर जाने वाले हम हैं वो सिद्ध कर दिखायें तीर्थराज जिरावला व मुगथला दोनु ही महान तीर्थ हैं उनको खुले हाथों जो देना चाहे दें। पर ये वर्धमान तीर्थ को न भूले।

# ચિંતન ધારા :

'પ્રિયદર્શન'

(૧) मा कार्षीत् कोऽपि पापानि

જ્યારે સ્વાર્થ, શોષણ અને શેતાનીયતમાં વિશ્વ લીન બનેલું દેખા દે છે, ત્યારે મૈત્રીના ભાવનામૃતથી ભાવિત બનેલું હૃદય ધમકી ઉઠે છે, દુઃખદ માર્મિક સંવેદન અનુભવે છે અને એ ગંભીર સંવેદન બોલી ઉઠે છે मा कार्षीत् कोऽपि पापानि કોઈપણ પ્રાણી પાપ ન આચરો.

અહીં આપણે ઉપદેશકની વ્યાસપીઠ પર નથી બેસવું, પરંતુ મૈત્રીસભર એક મહાત્માના આ આંતર સંવેદનને સમજવા આપણે પ્રયત્ન કરવો છે. તે માટે આપણે પાર્થિવ દુનિયા છોડી આંતર પ્રદેશમાં આપણું સ્થાન જમાવશું, કે જ્યાં ખૂબ જ શાન્તિ છે, અનંત આનંદ છે, સુખદ સ્વસ્થતા છે.

એવું તે શું દર્શન થયું ? કે જેના પર હૃદયમાં આંદોલનો પ્રગટયાં....અને 'કોઈપણ પ્રાણી પાપ ન કરો.' એવી કરૂણાભરી ભાવનાનો આવિર્ભાવ થયો ?

હા, મહાપુરુષો, કે જેમના અંતઃકરણમાં વિશ્વના પ્રાણીમાત્ર પ્રત્યે સહાનુભૂતિ....મૈત્રીનો ભાવ અક્ષત છે, તે મહાત્મા પુરુષો જ્યારે વિશ્વના પ્રાણીઓને અનેક પ્રકારનાં દુઃખોમાં પીડાતા જુએ છે, ત્યારે જીવોની એ પીડિત અવસ્થા એમનાં હૃદયને આંદોલિત કરે છે.

ભલે પ્રાણીજગત એ મહાત્માના કરુણા-રસિત અંતઃકરણને સમજવા લાપરવા હોય, પણ મહાત્માનું હૃદય કંઇ થોડુંક જ એ અજ્ઞાન જંતુગણને અવગણવા સમર્થ હોય છે! મૈત્રી-ભાવના અમૃતરસમાં તરબોળ હૃદયની સમક્ષ જ્યારે દુઃખોની આગમાં ભડકે બળતા જીવો દેખા દે છે, ત્યારે તે હૃદય હચમચી ઉઠે છે; મૈત્રીભાવનો હૃદય હિમાલય પાણીપાણી થઈ જાય છે....અને પ્રાણીગણની દુઃખાગ્નિને બુઝાવા સારાયે વિશ્વમાં વહી જાય છે........

દુઃખ....ત્રાસ....બિહામણુ.....રહેંસામણુ..... અજંપો....અશાંતિ....ક્લેશ....દુઃખના આ નર્કા-

ગારનું બિહામણું ચિત્ર મહાત્માહૃદયને વિચારવંતુ બનાવે છે; દુઃખ શાથી ? દુઃખની ઉત્પત્તિ શામાંથી ?

ગંભીર ચિંતનના સાગરમાં તે ડૂબી જાય છે....અને હાથમાં કોઈ એક મહામૂલા રત્નને લઈને તે જ્યારે બહાર આવે છે, ત્યારે રત્નની પિછાન કરાવતાં તે કહે છે :—" मा कार्षीत् कोऽपि पापानि..."

'પાપથી દુઃખ છે, પાપમાંથી દુઃખ જન્મે છે, કોઈ પાપ ન કરો, દુઃખનો જન્મ થશે નહિ.'

'मा कार्षीत् कोऽपि पापानि' આ આંતરસંવેદનની પૂર્વભૂમિકામાં 'दुःखं पापात्' ની નિશ્ચયાત્મક વિચારધારા છે; એ આપણે અહીં સમજવું જોઈએ; અર્થાત્ "પાપથી દુઃખ છે, માટે કોઈપણ પાપ ન કરો."

પાપ....દુઃખદ પાપ.... પાપોની ભયંકર ભેખડોની વચ્ચે જીવન કેવું ઘેરાયેલું છે.... જોખમાયેલું છે....ભયાક્રાન્ત છે, તેનો વિચાર આજના યુગનો માનવી ભૂલે છે....ભૂલી રહ્યો છે...અરે ભૂલી ચૂકયો છે.

પરંતુ....મનુષ્ય જો દુઃખોની બૂમો પાડે છે, તો જરૂર તેણે પાપત્યાગનો વિચાર કરવો પડશે. દુઃખ જો એક સમસ્યા છે તો પાપત્યાગ એ સરળ ઉકેલ છે.

(૨)

(૨) देहस्थ एव भजसे भवदुःखजालम्

શું તમે કોઇ એક દષ્ટાંત બતાવશો કે દેહનો મોહ કરનાર સુખી બન્યો હોય ? શું તમે એકપણ યુક્તિ બતાવશો કે દેહનો મોહ દુઃખનું કારણ ન બની શકે ?....અરે ! તમે તમારા વિશ્વાસુ હૃદયને તો જરા પૂછી જુઓ : "હૃદય ! દેહના મોહથી જ શું તું દુઃખી નથી ?"

કાયાની માયા છોડો, કાયા પરથી તમારી દષ્ટિ ઉઠાવી લો. તમે આત્માનંદની મધુરમસ્તી અનુભવશો; દુઃખની મુશળધાર વર્ષાનું એક બિંદુ પણ તમે જ છો, તેને નહિ સ્પર્શી શકે !

દેહ એ તું નથી, તું છે તે દેહ નથી.

માનવ ! તું જે છે, તેની તેં તપાસ કરી ? એની સંભાળ કરી ? એનાં સુખદુઃખ પૂછયાં ? એનો વિકાસ....એની ઉન્નતિ તેં અંતઃકરણથી ઈચ્છી ?

ના! અનંતકાળથી તેં જે તું નથી, જે તારૂં નથી, એની જ તપાસ કરી છે. સુખદુઃખ પૂછયાં છે....એનો જ વિકાસ....એની જ ઉન્નતિ તેં ચાહી છે....

પરંતુ સાથે એટલું નક્કી સમજી લે, કે એથી જ તારા પર દુઃખની ભયંકર હોનારતો સર્જાઇ છે, એથી જ તું હજુ પણ દુઃખની અનાદિ-જાળમાંથી મુક્ત નથી થયો.

દેહમાંથી મુક્ત થા. દેહને સંસારની સુખશીલતાની ગોદમાંથી ઉઠાવી તપ, ત્યાગ અને સંયમના ચરણોમાં ધરી દે, ભવદુઃખની જાળમાંથી તું મુક્ત બની જશે....અને સ્વતંત્રતાના મધુર ગીત ગાતું અનંતના પ્રવાસનું પંખેરૂં બની જશે !


## जैन भाइओने खुशखबर

केशर [स्पेन, काश्मीर, इरान] कस्तुरी, (नेपाल भूतान) मोतीअंबर, सोना चांदीना वरख, बादलु तथा हींग व्याजबी भावथी मलशे.

मधुप्रमेह तथा पगना वा माटे अमारुं 'सुदर्शन शीलाजीत' वापरो. संथारीआ, कामळी वगेरे दरेक प्रकारनां जैन उपकरणो अमारे त्यांथी मळशे. अेक वखत मंगावी खात्री करो. केशरनां पेकींग अेक आनीथी १ तोला सुधीनां मळशे.

जमनादास इशरदास १८१/८३ सेम्युअल स्ट्रीट
मुंबइ-९

# વિશ્વનાં વહેતાં વહેણો

## શ્રી પ્રવાસી

**'કલ્યાણ' ૧૪ વર્ષ પૂરાં કરી, પંદરમાં વર્ષમાં પ્રવેશે છે, પંદરમા વર્ષનો આ ચોથો અંક છે. અનિવાર્ય કારણોથી 'વહેતા–વહેણો'ના આ કોલમો છેલ્લા ત્રણ મહિનાથી પ્રસિદ્ધ થઇ શકેલ નથી. હવેથી આ વિભાગની નિયમિતતા જાળવવા શકય થશે. પંદરમા વર્ષના પ્રારંભકાલે 'કલ્યાણ'ને અમારા અભિનંદન ! તેના હજારો વાચકો, શુભેચ્છકો તથા તેના પ્રત્યે આત્મીયતા ધરાવનારા સર્વ કોઇને અભિવાદન !**

રાજનગરના આંગણે શ્રમણ સંમેલન ભરાયું, અમદાવાદના જૈન આગેવાનોએ પરિશ્રમ, લાગણી તથા આત્મભોગ આપીને પૂ૦ તપાગચ્છીય જૈનાચાર્યોને પોતાના આંગણે આમંત્રણ આપ્યું ને પૂ૦ આચાર્યદેવાદિ સંખ્યાબંધ મુનિવરો પધાર્યા, અક્ષયતૃતીયાના મહાપવિત્ર દિવસે શ્રમણ સંમેલનનું મહામહોત્સવ પૂર્વક ભવ્ય સમારોહ સાથે ઉદ્દઘાટન થયું, ને તે દિવસે હજારો માનવસમુદાયે દૂર દૂર દેશથી આવેલા જૈન ભાઇ–બ્હેનોએ આ મનોહર દૃશ્યને ઉલ્લાસ તથા ઉત્સાહનાં વાતાવરણ વચ્ચે ભક્તિ અને શ્રદ્ધા પૂર્વક નિરખ્યું હતું, સમસ્ત તપાગચ્છીય જૈનસંઘોએ સંમેલન માટે ખૂબ જ આશા રાખેલી, પણ ભવિતવ્યતા આગળ નિરુપાય બનવાનું હોય છે, તે મુજબ ખરેખર શ્રમણ સંમેલન આજ સુધી આશાસ્પદ ભાવિ નથી આપી શકયું, આમ શાથી ? અને કેમ ? તે પ્રશ્નોની વિચારણા કે ચર્ચાની ઉંડાણમાં ઉતરવાનું આપણું ગજું પણ નથી. ને વર્તમાનકાલે તે શ્રી સંઘના હિતમાં પણ નથી, છતાં એટલું ચોક્કસ છે કે, સંમેલનને અંગેની જ્યારે સર્વપ્રથમ વિચારણા અમદાવાદના આગેવાન જૈન સદ્દગૃહસ્થોએ વિચારી હતી, ત્યારે ફક્ત તપાગચ્છના મહત્ત્વના જવાબદારી ધરાવનારા પૂ૦ આચાર્ય ભગવંતોને વર્તમાનના કેટલાક વિચારણીય પ્રશ્નોપર વિચારવિનિમય કરવા ફક્ત આમંત્રણ આપવાનો નિર્ણય લેવાયો હતો. અને ઠેઠ સુધી આજ હવા હતી. બાદ અમે તે કારણે એ પરિસ્થિતિ પલટાઈ ગઈ. ને આજે જે પરિણામ આવ્યું તે આપણી સામે છે.

સંસાર સમસ્તમાં દુનિયાના દરેક પ્રદેશોમાં આજે આમ જ બનતું આવ્યું છે. બે દેશોના આગેવાનો, બે પ્રદેશોના આગેવાનો, બે રાજકીય સંસ્થાના આગેવાનો, અરે કોઇપણ બે ન્હાની કે મોટી સંસ્થાના આગેવાનો મતભેદોને અંગે વિચારવિનિમય કરવા એકત્ર બને છે. ઘણી ઘણી વાટાઘાટો બાદ પણ એકમતિ પર આવી શકતા નથી. એનું એક જ કારણ વર્તમાન કાલની હવા જ આજે આવી છે. છતાં પૂ૦ પાદ આચાર્ય ભગવંતોનાં ધૈર્ય, ગાંભીર્ય, શાસનના ગૌરવ કાજે સર્વ સમર્પણ કરવાની ધગશ, તથા શાસ્ત્રીય દૃષ્ટિને પ્રાધાન્ય આપવાની દૂરદેશિતા ઇત્યાદિ માટે અમને સમાજના શાસનાનુરાગી ધર્મશીલ સકલસંઘને શ્રદ્ધા છે, આજે અમારી એ શ્રદ્ધા ડગી ન જાય તેમ તેની માવજત કરવાનું કાર્ય તે પૂ૦ પાદ આચાર્યદેવોનું છે. હજુ પણ જ્યાં જ્યાં

દૂરંદેશિતા પૂર્વક સુધારી શકાય તે સુધારી શ્રમણસંમેલન જે ભૂમિકા પર મેલવવાના પ્રયત્નો થયેલા, તે ભૂમિકાપર જ તે દિશામાં પ્રયત્નો કરવાની આવશ્યકતા પર અમે ભાર મૂકીએ છીએ, સાથે એ પણ જણાવવાની જરૂરીયાત અમને ભાસે છે કે, વર્ત્તમાન કાલે દેશ સમસ્તમાં જે વિકટ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ રહી છે, તેનો વિચાર કરતાં આજે જૈન સંઘને અનેક રીતે સુયોગ્ય દોરવણી આપવાની જરૂર છે, તે માટે પૂ૦ પાદ જૈનાચાર્યોએ સંગઠિત બનવની સર્વપ્રથમ જરૂર છે. કોઇ કોઇ પ્રશ્નોમાં કદાચ એકમતિ ન થઈ શકતી હોય તો પણ એકદિલ, એકવાકયતા તથા એક અવાજ રાખી, શાસનનાં ગૌરવકાજે શાસનની શાનની રક્ષા કાજે પ્રયત્નશીલ બનવાની જરૂર છે, હાલ પ્રાસંગિક આટલું નિવેદન કરી આ પ્રશ્ન પરત્વે ભાવિમાં અવસરોચિત જણાવવા જેવું જણાવવાની ભાવના પૂર્વક મૌન રહીએ છીએ.

★

જૈન સમાજની ચોમેર આજે જે રીતે અનેક પ્રશ્નો ઉકળતા ચરૂની જેમ સળગી રહ્યા છે. તેને અંગે સમાજે જાગ્રત રહેવાની જરૂર છે. અંદર-અંદરના ગમે તેટલા મતભેદો હોય, છતાં સમાજની ધર્મભાવના, તેનાં પરમ પવિત્ર તીર્થસ્થાનો, કે ધર્મસ્થાનો અંગે કાંઇપણ કમનશીબ પરિસ્થિતિ ઉભી થાય કે તરત જ સમાજે પડકાર આપવાની જરૂર છે. રતલામ પ્રકરણ એનો તાજો દાખલો છે, આ પ્રકરણનું ગૂંચવાયેલું કોકડું એજ હકીકત સૌ પ્રથમ સાબીત કરે છે કે, ઔરંગઝેબ કે મોગલ શહેનશાહના યુગ કરતાં હજુ હિંદુસ્તાનનું ન્યાયતંત્ર એક ડગલું પણ આગળ વધી શકયું નથી, જે કોંગ્રેસીતંત્ર ન્યાત, કોમ કે ધર્મ યા સંપ્રદાયને માનવાની ના પાડે છે, તે કોંગ્રેસીતંત્રના વહિવટ હેઠળ મધ્ય પ્રદેશના પ્રાંતમાં કોમવાદ તથા ધર્મઝનૂન કેટલું નિર્મર્યાદ રીતે તોફાન મચાવી રહેલ છે કે, પુલબેંચે ચૂકાદો આપ્યા છતાં જૈનમંદિરનો કબજો જૈન સમાજને પાછો મળતો નથી જૈનો ઉપર અત્યાચારો થઇ રહ્યા છે, તેમાંએ એક જૈન ભાઇ પર તો ખૂનીહુમલાનો બનાવ પણ બન્યો, એક જૈનભાઇને કેવલ જૈન હોવાના કારણે, તથા જૈન સંસ્થાના સભ્ય હોવાના કારણે કોંગ્રેસ કમિટિમાંથી સભ્યપદેથી બરતરફ કરવામાં આવ્યા છે, આ બધું શું સૂચવે છે? આજે જૈન સમાજે પોતાના ધર્મ, ધર્મસ્થાનો, અને ધર્મશીલવૃત્તિને ટકાવી રાખવા વર્ત્તમાનતંત્રની આંધલી અને એકતરફી અપ્રામાણિક ગેરવ્યાજબી નીતિ-રીતિ સામે સત્તાની-શરમ, શેહ કે સ્વાર્થથી તદ્દન નિરપેક્ષ રહીને પોતાનું ગૌરવ જે કારણે છે, તે ધર્મનું રક્ષણ કરવા, ધર્મની વફાદારી જાળવવા કાજે પ્રયત્નશીલ બનવાની પહેલી ફરજ છે. કારણ કે, ધર્મો રક્ષતિ રક્ષિતઃ— ધર્મનું રક્ષણ કર્યું હોય તો તે આપણું રક્ષણ કરે છે.

એ જરૂર આનંદની વાત છે કે, રતલામ પ્રકરણમાં સમાજે જાગૃતિ રાખી છે, કોઇપણ દરેક રીતે પહોંચીવળે તેવા સમૃદ્ધ સમાજની હામ-હિમ્મત ભાંગી નાંખે તેવી મધ્યપ્રદેશના રાજકીય આગેવાનોની બેદરકારીભરી અને ન્યાયના સામાન્ય વ્યવહારને પણ બેબ ન આપે તેવી નીતિ હોવા છતાં રતલામના સ્થાનકવાસી જૈનસમાજે, દિગંબર જૈનસમાજે, શ્વે. મૂર્તિપૂજક સમાજને જે પીઠબલ આપ્યું છે, જે સહકાર આપ્યો છે, તે ખરેખર દરેકદષ્ટિએ ગૌરવ લેવા જેવું કાર્ય છે, તદુપરાંત ગામેગામના જૈનસંઘોએ, સમાજના આગેવાનોએ

જે આ પ્રકરણમાં રસ દાખવી તન, મન, તથા ધનનો સદુપયોગ કરવા પ્રયત્નો કર્યા છે. તે અવશ્ય પ્રેરણાદાયી છે. પણ આજે ખરેખર પૂર્વકાલે જેટલી સંગઠ્ઠન તથા ઐક્યની જરૂર ન હતી તેના કરતાં કઈ ગુણી આજની રાજ્યસત્તાની ઢંગધડા વગરની તથા ધર્મના સનાતન સત્યોની સામે અડપલા કરનારી તંત્રવ્યવસ્થાના સમયે ખાસ જરૂરી છે, તે ભૂલવા જેવું નથી.

✻

ભારતના રાજકીય તખ્તા ઉપર હમણાં અનેક નાટકો ભજવાઈ રહ્યા છે, બિહાર તથા ઓરીસામાં કોંગ્રેસ સરકારને ફરી જીવિતદાન મલ્યું છે, ફરી કોંગ્રેસ સ્થિર બની છે, તે પણ કેટ–કેટલી મહેનત તથા ધમાધમ પછી : પંજાબ તથા મ્હૈસુર પ્રાંતમાં કોંગ્રેસ પ્રધાન મંડળને મહામુશ્કેલીએ કોંગ્રેસી કાર્યકરોનો વિશ્વાસ પ્રાપ્ત થયો છે, પણ તે ક્યાં સુધી તે કહેવું મહામુશ્કેલ છે, કેરલની ચૂંટણીમાં કોંગ્રેસતંત્રે ઘણા ઘણા ધમપછાડા કર્યા, મુસ્લીમલીગ, સમાજવાદી પક્ષ વગેરે શંભુમેળાના પક્ષો સાથે અયોગ્ય તથા સિદ્ધાંત વિહોણા જોડાણો કર્યા છતાં દેવીકુલમની પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારને જંગી બહુમતિયે પરાજય મલ્યો છે, ને સામ્યવાદી ઉમેદવારને વિજય પ્રાપ્ત થયો છે, કોંગ્રેસ પક્ષે આ ચૂંટણીમાં પોતના બધા સાધનોનો છેલ્લામાં છેલ્લી રીત પ્રમાણે ઉપયોગ કર્યો હતો. સિદ્ધાંતોનો ભોગ આપી કોમવાદી પક્ષને પણ બાથમાં લીધેલ, જ્યારે સામ્યવાદી પ્રધાન મંડળ કેરલપ્રાંતમાં અધિકાર ઉપર હોવા છતાં તે પ્રધાનોએ સ્વયં નિર્ણય કર્યો હતો કે, ચૂંટણી પ્રચાર માટે અમારે દેવીકુલમ વિભાગમાં પ્રયાસ નહી કરવો, છતાં તે વિભાગમાં ચૂંટણીના પરિણામે સામ્યવાદી પક્ષને બેઠક મલી, આ બેઠક પર જ કેરલની સામ્યવાદી સરકારનું ભાવી જોડાયેલું હતું, તેમાં કેરલ સામ્યવાદી સરકાર આજે તો સ્થીર બની ગઈ છે. આ બધી રાજકીય રમતો પરથી એ ચોક્કસ થાય છે કે કોંગ્રેસ સરકાર પણ પોતાની સત્તાને ટકાવવા માટે વ્યર્થ ફાંફા મારી રહી છે, જે તેના સિદ્ધાંતના ભોગે, ને કોમવાદી તત્ત્વો, તથા અનેક રાજકીય વિરૂદ્ધ પક્ષો સાથેના અપવિત્ર જોડાણને કરીને. તે કેટ–કેટલું બેહુદું કહેવાય ! આજ કારણે ભારતના વડા પ્રધાન પં૦ જવાહરલાલજી સત્તાને ત્યજી પ્રજાનો સંસર્ગ મેળવવા વારંવાર આતુર બને છે. આ વખતે મહાસમિતિની બેઠકમાં તેમણે સ્પષ્ટ કીધું હતું કે, 'કોંગ્રેસમાં સ્વાર્થ, સત્તાની સાઠમારી, તથા અપ્રામાણિકતા પારાવાર ઘૂસી ગઇ છે, કોંગ્રેસનો સડો ખરેખર અતિશય પ્રમાણમાં વધી રહ્યો છે' આજે કોંગ્રેસી આગેવાનોએ આત્મનિરીક્ષણ પૂર્વક પોતાની જાતને જોવાની જરૂર છે. દુનિયાને વારંવાર શિખામણ દેવાનો ઇજારો લઇ રહેલા કોંગ્રેસમેનોએ સ્વાર્થત્યાગ, સચ્ચાઈ તથા પ્રામાણિકતાના ગુણોને અપનાવવા સાથે સેવાભાવી અને કાર્યરત બનવાની જરૂર છે. તેમ જ કોઇ પણ વિષયમાં બોલીને વણમાગી સલાહ આપવા કરતાં પરોપકાર પરાયણ બની, દેશના સર્વ વર્ગોને ઉપયોગી બનવા પ્રયત્યશીલ બનવું જરૂરી છે, તે પણ સત્તા કે મોટાઇ મૂકીને વિનમ્ર બનવા પૂર્વક.

✻

ભારત સરકારના દરેક વ્યવહારમાં શિથિલતા તથા બેજવાબદારી વધી રહી છે, તેનાં દૃષ્ટાંતો તથા પ્રસંગો ઉપરાઉપરી બનતા જ રહ્યા છે, તેમાં યે રેલ્વે તંત્રમાં તો પારાવાર

બેજવાબદારી વધતી રહી છે. છેલ્લા છ મહિનામાં સંખ્યાબંધ અકસ્માતો થયા છે. ને જાનમાલની અગણિત નુકશાની થઇ રહી છે. જાન્યુઆરી મહિનાની પહેલી તારીખથી ભારતસરકારના રેલ્વેતંત્રે અકસ્માતોનો ઇતિહાસ શરૂ કરેલ છે, જેમાં ૨૧-૫-૫૮ ની મધ્યરાત્રીએ સૌરાષ્ટ્ર ખાતે રાજકોટ-સુરેન્દ્રનગર વચ્ચે ચમારજ સ્ટેશન પર કીર્તિ મેલનો અકસ્માત સૌથી વધુ કરૂણ બન્યો છે. જેમાં ડબ્બાઓના ભૂકે ભૂક્કા બોલી ગયા, કેટલાક ડબ્બાઓ ભાંગી ગયા, અને કેટલાક ડબ્બાઓ જમીન પર ઉતરી ગયા, જો કે અકસ્માત જેટલો ગમખ્વાર ને કરૂણ બન્યો છે, તેટલા પ્રમાણમાં સદ્‌ભાગ્યે માનવહાનિ વધુ પડતી થઇ નથી, આ અકસ્માતમાં ૩૨ ઉપરાંત માનવો માર્યા ગયા છે, ને ૬૦ થી ૮૦ માનવોને ઇજા પહોંચી છે. સૌરાષ્ટ્રના ઇતિહાસમાં આ અકસ્માત તદ્દન નવો ગણાય છે. ૧૯૫૬ માં હડમતીયા (જામનગર) ખાતેના અકસ્માતમાં ૭ માણસો માર્યા ગયેલ. મહેબુબનગર અને મદ્રાસ-તુતીકોર એક્ષપ્રેસનો અકસ્માત, ભારતીય રેલ્વેના ઇતિહાસમાં ઘણા જ ગમખ્વાર અને ગંભીર હતા. આ બે અકસ્માતોમાં ટ્રેનો પુલની સાથે જ નદીમાં પડી ગયેલ. જેના પરિણામે ૧૪૦ તથા ૧૨૦ માણસોનાં મૃત્યુ અને અન્ય સેંકડો માણસો ગંભીર રીતે ઘવાયેલા, આવા અનેક અકસ્માતો હમણાં હમણાં થયા જ કરે છે. ચાલુ વર્ષના જાન્યુ૦ માસમાં પહેલી તારીખે અંબાલા નજીક બે પેસેન્જર ટ્રેનો સામ-સામી અથડાતાં ૩૫ માણસો માર્યા ગયા હતા. બાદ થોડા જ દિવસમાં નરસિંગપુર ખાતે ગાડીઓની અથડામણમાં ત્રણ માનવો મૃત્યુ પામ્યા. ને ૪૫ ઇજા પામ્યા, વડોદરા ખાતે જનતા મેલ ફેબ્રુ૦ ની બીજીના રાત્રે શટલ ઇંજીન સાથે ટકરાતાં સ્હેજમાં રહી જતાં ગમખ્વાર અકસ્માત બનતો બચ્યો. અંકલેશ્વર-રાજપીપલા રેલમાં ત્રણ ચાર અકસ્માતો બન્યા. આમ અનેકાનેક અકસ્માતો વારે તહેવારે આજના રેલ્વેતંત્રની બેદરકારીથી સર્જાઇ રહ્યા છે. આ આ રીતે એસ. ટી. ની મોટરોના અકસ્માતો, એર ઇંડીયાના પ્લેનોના અકસ્માતો સંખ્યાબંધ બની રહ્યા છે. એટલે જ કહી શકાય કે, આ યુગ ખરેખર અકસ્માત યુગ બની ગયો છે, માનવનું જીવન એ પણ હવે તો અકસ્માત રૂપ બન્યું છે, ને મૃત્યુ અનિવાર્ય બનેલું છે. પણ આજે કોઇપણ માનવને પોતાની જવાબદારી, પોતાની ફરજ તથા પોતાના કર્તવ્ય પ્રત્યેનો પ્રામાણિક આગ્રહ કે નિઃસ્વાર્થભાવે સેવા કરવાની સચ્ચાઈ રહી નથી. વધારે પડતો સ્વાર્થ તેમજ ઓછા પરિશ્રમે વધુ ને વધુ લાભ લઇ લેવાની અપ્રામાણિકતા આજે સ્વતંત્ર ભારતમાં વધી રહી છે. કૂદકે ને ભૂસકે તેની હરીફાઈ ચાલી રહી છે. જ્યાં સુધી પરલોક પ્રત્યેની શ્રધ્ધા, પાપાચરણ પ્રત્યેનો તિરસ્કાર તથા આધિભૌતિક પદાર્થો પરત્વેની અનાસક્તવૃત્તિ સમજણપૂર્વક નહી કેળવાય ત્યાં સુધીમાં ભારતને જે રીતે ઉન્નત બનાવવાના સ્વપ્નાઓ સેવવામાં આવે છે, તે ફલશે કે કેમ? એ અવશ્ય સર્વ કોઇ વિચારશીલ વર્ગને વધુ વિચારણીય પ્રશ્ન આજનાં વાતાવરણમાં બન્યો છે.

★

ભારતમાં હમણાં હમણા સામુદાયિક અશુભોદય તીવ્રપણે પ્રવર્તી રહ્યો છે, જેના પ્રતીકરૂપે ચોમેર આગ, ગરમી તથા રોગચાળો

અને જલરેલના ઉત્પાતો ઘણા ગંભીર પ્રમાણમાં બની રહ્યા છે, જે ચેતવણી આપે છે કે, ચોમેર અભ્યુદય કે વિકાસના નામે જે ભયંકર હિંસાના પાપો આચરાઈ રહ્યા છે, તેનું પરિણામ સારૂં નહિ આવે! મુંબઇ કોલસા મહોલ્લા ખાતે પાયધુની વિસ્તારમાં લાગેલી ગમખ્વાર આગમાં ૫૦ લાખનું નુકસાન થયું, ને સેંકડો માનવો નિરાધાર બન્યાઃ ત્યારબાદ ૧૧-૫-૫૮ ના દિવસે વિક્ટોરીયા ગોદીમાં ભયંકર આગ લાગતા ૫૦ લાખનું નુકસાન થયેલ. ૪૪ ના ધડાકા પછી આવી આગ પહેલ-વહેલી હતી. ચોમેર નાની-મોટી સંખ્યાબંધ આગો આ બે મહિનાના ગાળામાં ઠેર-ઠેર લાગી છે, ને લાખોની નુકશાની થઇ છે. બંગાળ-બિહારમાં ગરમીના કારણે કોલેરા થઇ જવાથી હજારો માણસો મરી રહ્યા છે. કલકત્તા બાજુ ૧૧૮ ડીગ્રી ગરમી ફાટી નીકળી છે, અને રોગચાળો ફાટી નીકળ્યો છે. આસામમાં દીબ્રુગઢની આજુ બાજુ બ્રહ્મપુત્રાની જલરેલથી પ્રદેશોના પ્રદેશો પાણીમાં ડૂબી રહ્યા છે. આ બધા કુદરતી કારમા ઉત્પાતો આજના સ્વાર્થ, હિંસા ખટપટ, કાવાદાવા તથા વૈર-વિરોધની જ્વાલાઓથી સળગી રહેલા માનવો પોતાની બુધ્ધિ, શક્તિ ને વૈજ્ઞાનિક શોધોથી જે પાપાચારો દુનિયામાં ફેલાવી રહ્યા છે, તેને (આ કુદરતના કોપ) ચેતવણી આપી રહ્યા છે કે, 'માનવ! તું રોકાઈ જા' તારી સ્વાર્થની લીલાને થંભાવી દે, તારા હૈયામાં રહેલી નિર્ઘૃણતાને, સ્વાર્થાંધવૃત્તિને ત્યજી, કાંઇક સમજણો બની, પરમાર્થ કાજે સ્વાર્થને ત્યજતા શીખ, તો જ તું સુખી બનીશ'! પણ પોતાની બુદ્ધિ, ઘમંડ તથા હોંશિયારના મદમાં અંધ બનેલો આજનો સુધરેલો માનવસમાજ આ સાંભળવાને કયાં તૈયાર છે? એના બહેરા કાને આ અવાજ સંભળાય જ શાનો? આજનો સુધરેલો ગણાતો માનવસમાજ જે દિવસે આ સમજણ કેળવશે તે દિવસે સંસારમાં જરૂર શાંતિના પગરણ મંડાઇ ચૂકયા હશે!

તા-૩૧-૫-૫૮

★


પુસ્તક આકારે

## બાર પર્વની કથાઓ

જેમાં

| | |
|---|---|
| ૧ મેરૂ તેરસ | ૭ હોળીકાપર્વ |
| ૨ મૌન એકાદશી | ૮ દિવાળી કલ્પ |
| ૩ ચૈત્રિ પુનમ | ૯ રોહિણી |
| ૪ અક્ષયતૃતીયા | ૧૦ ચાતુર્માસિક |
| ૫ જ્ઞાનપંચમી | ૧૧ પર્યુષણ |
| ૬ પોષ દશમી | ૧૨ કાર્તિક પુનમ |

ઉપર મુજબ બાર પર્વોની કથાઓનો અપૂર્વ સંગ્રહ છે, નવું પ્રકાશન છે. ક્રાઉન સાઈઝ ૨૪૮ પેજ બોર્ડ પટ્ટી બાઈન્ડીંગ છતાં મૂલ્ય રૂ. બે, પોસ્ટેજ ચાર આના. રજિસ્ટર્ડથી મંગાવો તો આઠ આના વધુ મોકલવા.

લખો.

**સોમચંદ ડી. શાહ**

પાલીતાણા [સૌરાષ્ટ્ર]

## शुभ सूचना

उन बहुत बडिया सफेद औघा व चरवला वास्ते

भाव रु. ७-८० रतल

हर प्रकार की रेशमी, मिक्स तथा उनी काम्बली व जेटा सस्ते दाम खरीदें, सूचीपत्र मुफत मंगाओ

बिशेशरदास रतनचंद जैन

लुधियाना (पंजाब)

# દ્રવ્યાનુયોગની મહત્તા

## પૂ. પંન્યાસજી ધુરંધરવિજયજી ગણિવર

( ઢાળ ૧૪ મી ગાથા )

દ્રવ્ય અને ગુણનું વર્ણન કર્યા પછી ક્રમ-પ્રાપ્ત પર્યાયનું વર્ણન કરે છે. પર્યાયના મૂળ બે ભેદ છે. ૧. વ્યંજનપર્યાય. અને ૨. અર્થપર્યાય.

(૧) જે પર્યાય પદાર્થની સાથે અનુગત રહે છે, ત્રણે કાળમાં રહે છે, તે પદાર્થ વ્યંજન-પર્યાય કહેવાય છે. જેમ ઘટ દ્રવ્યનો માટી-પર્યાય કાયમી છે. એટલે તે વ્યંજનપર્યાય છે.

(૨) જે પર્યાય પદાર્થમાં વર્તમાનકાળ પૂરતો ક્ષણમાત્ર રહે છે તે અર્થપર્યાય છે. જેમ ઘટ પદાર્થમાં ક્ષણે ક્ષણે જે પરિવર્તનો થાય છે, તે સર્વ તેના ક્ષણ પૂરતા અર્થપર્યાયો છે.

આ વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એ બન્નેના બે ભેદ છે, ૧, દ્રવ્ય વ્યંજન પર્યાય અને ૨, ગુણ વ્યંજન પર્યાય. એજ પ્રમાણે

૧. દ્રવ્ય અર્થ પર્યાય અને ૨. ગુણ અર્થ પર્યાય. આમ પર્યાયના ચાર ભેદ થયા. વળી ચારના પણ બે ભેદ છે, એક શુધ્ધ અને બીજો અશુધ્ધ. એટલે સર્વ મળી આઠ ભેદ થાય છે. તે આ પ્રમાણે છે.

૧. શુધ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય.
૨. અશુધ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય.
૩. શુધ્ધ દ્રવ્ય અર્થ પર્યાય.
૪. અશુધ્ધ દ્રવ્ય અર્થ પર્યાય.
૫. શુધ્ધ ગુણ વ્યંજન પર્યાય.
૬. અશુધ્ધ ગુણ વ્યંજન પર્યાય.
૭. શુધ્ધ ગુણ અર્થ પર્યાય.
૮. અશુધ્ધ ગુણ અર્થ પર્યાય.

ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં સ્વાભાવિક પણે લાંબાકાળ સુધી જે પર્યાયો રહે છે તે **શુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય** કહેવાય છે. આત્મ-દ્રવ્યમાં જે સિધ્ધ પર્યાય છે તે આ પ્રકારમાં આવે છે. આત્મા એ દ્રવ્ય છે. તેમાં સિધ્ધ પર્યાય રહે છે. અને તે કોઇ અન્ય દ્રવ્યના સમ્બન્ધથી નથી પણ સ્વાભાવિક છે, અને પર્યાય ચેતનદ્રવ્યમાં લાંબા કાળ સુધી રહે છે. આ પ્રમાણે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં પણ વિચારવું. ચેતનમાં જે મનુષ્ય–દેવ–નારક–તિર્યંચ વગેરે પર્યાયો રહે છે, તે લાંબા કાળ સુધી દ્રવ્ય-ગત છે એ બરાબર છે, પણ સ્વાભાવિક નથી. કર્મના સમ્બન્ધ જન્ય છે માટે તે અશુધ્ધ છે. એટલે એ પર્યાયો **અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય** છે. આત્મા આદિ દ્રવ્યોમાં જે પર્યાયો સ્વાભાવિક રહે છે અને ક્ષણમાત્ર સ્થાયી હોય છે. તે **શુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય** છે અને એજ પ્રમાણે કોઇ અન્ય દ્રવ્યના સમ્બન્ધથી ચેતનાદિ દ્રવ્યોમાં ક્ષણસ્થાયી પર્યાયો રહે છે તે **અશુધ્ધ દ્રવ્ય અર્થપર્યાય** છે.

ચેતનાદિ દ્રવ્યોમાં જ્ઞાનાદિ ગુણો છે. તે ગુણમાં કેવલ જ્ઞાન એ જ્ઞાન ગુણનો સ્વાભાવિક ચિરસ્થાયી પર્યાય છે, અને મતિજ્ઞાનાદિ એ ક્ષયોપશમ ભાવે થતાં હોવાથી કર્મ–સાપેક્ષ છે માટે અશુધ્ધ છે. એટલે કેવળજ્ઞાન એ **શુધ્ધ ગુણ વ્યંજનપર્યાય** છે, અને મતિ-જ્ઞાનાદિ **અશુધ્ધ ગુણ વ્યંજનપર્યાય** છે. આ પ્રમાણે ક્ષણમાત્ર સ્થાયી જે શુદ્ધ અને અશુધ્ધ પર્યાયો છે, તે **શુધ્ધ ગુણ અર્થ-પર્યાય** અને **અશુધ્ધ ગુણ અર્થપર્યાય** સમજવા.

ઋજુસૂત્ર નયના આદેશે ક્ષણમાત્ર સ્થાયી જે અભ્યન્તર પર્યાય છે, તે શુધ્ધ અર્થપર્યાય છે.

એક પર્યાય લાંબા કાળ સુધી રહેતો હોય

# સૂત્રલેખન પારિતોષિક યોજનાનું પરિણામ

'કલ્યાણ' માસિક ડીસેમ્બર ૧૯૫૭ ના અંકમાં મુંબઈ નિવાસી શ્રેષ્ઠિવર્ય **શ્રી ગુલાબચંદ ગફૂલભાઇ** તરફથી **સૂત્રલેખન** પારિતોષિક યોજના રજુ કરવામાં આવી હતી. એ ઇનામી હરિફાઈમાં **૬૨ ભાઈ-બ્હેનોએ** ભાગ લીધો છે. જેનું પરિણામ નીચે મુજબ છે.

કેટલાક અનિવાર્ય સંજોગોને લઇને પરિણામ એક-બે મહિના મોડું બહાર પડ્યું છે, કેટલીક બ્હેનોએ સૂત્રો લખવામાં સારો એવો પરિશ્રમ લીધો છે. જાહેર કર્યા મુજબ રૂ.૧૫૧) વહેંચવામાં આવે છે.

જેઓને ઇનામની રકમ મળે છે તેઓએ પુરેપુરૂં સીરનામું કાર્યાલયને જણાવી પોતાની રકમ મંગાવી લેવી.

શેઠ શ્રી ગુલાબચંદ ગફૂલભાઇએ ઈનામની રકમ આપી જે સહકાર આપ્યો છે એ બદલ અમો એમના આભારી છીએ.

| નંબર | નામ | રૂ. |
|---|---|---|
| | **વર્ગ ૧ લો** | |
| ૧ | નિરંજનાબેન કેશવલાલ મુંબઇ | ૨૦ |
| ૨ | પ્રભાવતીબેન ચીમનલાલ શાહ અડોની | ૧૫ |
| ૩ | ઈંદુમતીબેન મનસુખલાલ શાહ મુંબઇ | ૧૧ |
| ૪ | કુમારી સવિતાબેન દીપચંદ શાહ મહુવા | ૮ |
| ૫ | રમણિકલાલ નાથાલાલ શાહ આરબલુંસ | ૬ |
| ૬ | મંજુલાબેન કેશવજી શાહ મુંબઇ | ૬ |
| ૭ | શાંતાબેન દેવસીભાઈ મુંબઈ | ૬ |

પણ તે જો અન્ય પર્યાય કે જે વધુ લાંબા કાળ સુધીનો હોય તેનો વ્યાપ્ય હોય તો તેની અપેક્ષાએ એ અલ્પકાળસ્થાયી બને અને તેથી બીજાને સાપેક્ષ રહેતો હોવાથી અશુધ્ધ અર્થ-પર્યાય કહેવાય છે.

જે પ્રમાણે-જીવ મનુષ્યાદિ ગતિમાં પુરુષ રૂપે જન્મ્યો છે. તે જન્મથી આરંભીને મરણ પર્યન્ત પુરુષ કહેવાય છે. એ પુરુષ પર્યાય ચેતનાનો વ્યંજનપર્યાય છે. અને તેમાં બાલ-યુવાન-વૃધ્ધ વગેરે પર્યાયો છે તે અર્થપર્યાય છે.

આજ હકીકત સમ્મતિ તર્કના પ્રથમ કાંડની ગાથા-૩૨માં આ પ્રમાણે વર્ણવી છે.

पुरिसम्मि पुरिससद्दो, जम्माई मरणकालपज्जंतो ।
तस्स उ बालाइआ, पज्जवभेया बहु विगप्पा ।।३२।।

| નંબર | નામ | રૂ. |
|---|---|---|
| | **વર્ગ ૨ જો** | |
| ૮ | પ્રવીણચંદ ઇશ્વરલાલ શાહ હારીજ | ૫ |
| ૯ | સુશીલાબેન ચીનુભાઈ ઉંઝા | ૪ |
| ૧૦ | હસુમતીબેન પોપટલાલ શાહ ઉંઝા | ૪ |
| ૧૧ | હસુમતીબેન રતિલાલ શાહ ઉંઝા | ૪ |
| ૧૨ | મંજુલાબેન બબલદાસ ઉંઝા | ૩ |
| ૧૩ | રમેશચંદ્ર મગનલાલ ધ્રાંગધ્રા | ૩ |
| ૧૪ | હેમલતાબેન રતિલાલ મુંબઈ | ૩ |
| ૧૫ | ચંદ્રાબેન જેશીંગલાલ શાહ મુંબઈ | ૩ |
| ૧૬ | દીપચંદજી પીતમલજી મુંબઇ | ૩ |
| ૧૭ | કમલાબેન કેશવજી ,, | ૩ |
| ૧૮ | પુષ્પાબેન રાજમલ ,, | ૩ |
| ૧૯ | નિર્મળાબેન બાબુલાલ ઉંઝા | ૩ |
| ૨૦ | સુશીલાબેન બાબુલાલ જૈન ઉંઝા | ૩ |
| | **વર્ગ ૩ જો** | |
| ૨૧ | હીરાચંદજી હુકમીચંદ શાહ મુંબઈ | ૨ |
| ૨૨ | વિજયાબેન દેવશીભાઈ મુંબઇ | ૧॥ |
| ૨૩ | નિર્મળાબેન નેમચંદ સાવલા મુંબઈ | ૧॥ |
| ૨૪ | રંજનબાળા મોહનલાલ પારેખ મુંબઇ | ૧॥ |
| ૨૫ | ટોળીયા શાંતિલાલ મોહનલાલ વાંકાનેર | ૧॥ |
| ૨૬ | વસંતબેન બાબુલાલ શાહ મુંબઇ | ૧॥ |
| ૨૭ | બાબુલાલ હજારીમલજી મુંબઇ | ૧॥ |

૨૮ સુશીલાબેન માધવલાલ ઉંઝા ૧ાા
૨૯ સવિતાબેન મફતલાલ ,, ૧ાા
૩૦ સરોજબેન માધવલાલ ,, ૧ાા
૩૧ મહેન્દ્રકુમાર ભોગીલાલ શાહ ઉંઝા ૧ાા
૩૨ યશોમતીબેન કાંતિલાલ મુંબઈ ૧ા
૩૩ જસવંતીબેન મોહનલાલ મુંબઈ ૧ા
૩૪ પુષ્પાબેન જેઠાલાલ મુંબઈ ૧
૩૫ નરેન્દ્રકુમાર મોહનલાલ મુંબઈ ૧
૩૬ અશ્વિનચંદ્ર ગુલાબચંદ સાવલા મુંબઈ ૧
૩૭ જશવંતીબેન રતિલાલ મુંબઈ ૧

## વર્ગ ૪ થો

નીચેના દરેકને ઉત્તેજનાર્થે બાર આનાની કિંમતનું પુસ્તક ભેટ મળશે. આપને જરૂર હોય તે મંગાવો.

૩૮ સૂર્યકાંત નારણદાસ શાહ મુંબઈ
૩૯ રમણલાલ લાલચંદજી મુંબઈ
૪૦ સુરેશચંદ્ર ચીમનલાલ પરીખ મલાડ
૪૧ રમેશચંદ્ર મોહનલાલ શાહ ,,
૪૨ રમેશચંદ્ર અમૃતલાલ શાહ ,,
૪૩ મૃદુલાબેન મોહનલાલ શાહ ,,
૪૪ પ્રવીણચંદ્ર શીવલાલ શાહ ,,
૪૫ પ્રવીણાબેન ગૌતમલાલ શાહ ,,
૪૬ મહિપતરાય ગૌતમલાલ શાહ મલાડ
૪૭ પ્રમોદરાય મગનલાલ શાહ ,,
૪૮ કીશોરકુમાર ભાઈચંદ શાહ ,,
૪૯ જયાબેન દીપચંદ શાહ ,,
૫૦ મીનાક્ષીબેન છગનલાલ શાહ ,,
૫૧ કીશોરચંદ્ર અમૃતલાલ દોશી ,,
૫૨ ભારતીબેન અભેચંદ શાહ ,,
૫૩ રજનીકાંત કાંતિલાલ વડેચા ,,
૫૪ વિનોદકુમાર મનસુખલાલ શાહ મલાડ
૫૫ ભાનુમતીબેન મનસુખલાલ શાહ ,,
૫૬ સુરેશચંદ્ર ચીમનલાલ શાહ ,,
૫૭ નિર્મળાબેન અમૃતલાલ દોશી ,,
૫૮ ગુણવંતલાલ કાંતિલાલ શાહ ધ્રાંગધ્રા
૫૯ ગજેન્દ્રભાઈ ભીખાલાલ શાહ ,,
૬૦ દલીચંદ ચુનીલાલ શાહ ,,
૬૧ નિર્મળાબેન મોતીલાલ શાહ મુંબઈ
૬૨ ભારતીબેન ચીમનલાલ શાહ મુંબઈ

મલાડ તથા ધ્રાંગધ્રાના ભાઈ બ્હેનોએ ઘણીજ ઓછી સંખ્યામાં સૂત્રો લખ્યાં છે. હરિફાઈના નિયમો પુરેપુરા સાચવ્યા નથી. નિયમો બરાબર વાંચીને હરિફાઈમાં ભાગ લેવો, જેથી ઉંચા નંબરે આવી શકાય.

## જિનભક્તિ પારિતોષિક યોજનાનું પરિણામ

'કલ્યાણ' માસિક ડીસેમ્બર ૧૯૫૭ના અંકમાં **શેઠશ્રી વૃજલાલ સુંદરજી** તરફથી તેઓશ્રીનાં સ્વ. ધર્મપત્ની શ્રી વેણુકુંવર બેનનાં સ્મરણાર્થે પ્રભુભક્તિ કાવ્યની ઈનામી હરિફાઈ પ્રસિધ્ધ થઈ હતી, તેનું પરિણામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ | ધીરજલાલ ઇ. શેઠ શીવ મુંબઈ-૨૨. | રૂા. ૫ |
| ૨ | બાબુલાલ દોશી ઉમણીયાવદર | ૪ |
| ૩ | કુ. સવિતાબેન દીપચંદ શાહ મહુવા | ૪ |
| ૪ | સુરચંદભાઈ શીવજી બિદડા | ૪ |
| ૫ | ઈન્દ્રવદન અમૃતલાલ મોદી પાલીતાણા | ૩ |
| ૬ | બાબુલાલ નાથાલાલ શાહ કુવાળા | ૩ |
| ૭ | કિશોરચંદ્ર ભાયચંદ શાહ મલાડ | ૩ |
| ૮ | મનુભાઈ કાપડીઆ ખંભાત | ૩ |
| ૯ | રંજનબેન વીરચંદ દેશાઈ બોટાદ | ૨ |
| | | રૂા. ૩૧ |

કુલ ૧૧ ભાઈ-બ્હેનોએ આ હરિફાઈમાં ભાગ લીધો છે. તેમાં બે જણાએ નામ કે પોતાનું સીરનામું જણાવ્યું નથી એટલે હરિફાઈમાં કુલ નવ જણા છે. સીરનામું પુરેપુરૂં જણાવી ઇનામની રકમ મંગાવી લેવા ભલામણ છે. ઈનામની રકમ શેઠ શ્રી વૃજલાલ સુંદરજી તરફથી આપવામાં આવે છે, એ બદલ એમના આભારી છીએ.

# સ ૦ મા ૦ ચા ૦ ર — સા ૦ ર

**પ્રતિષ્ઠા મહોત્સવ :** કોલ્હાપુર ખાતે શાહપુરી પેઠમાં એક નવું ભવ્ય જિનાલય તૈયાર થયું છે. પાંત્રીસ વર્ષ પહેલાં પેથાપુરથી શ્રી શાંતિનાથજીનાં પ્રતિમાજી પેથાપુરનિવાસી શ્રી મણીભાઇ ભીખાભાઇએ અત્રે લાવીને ઘરદેરાસરમાં પધરાવેલ. પૂ૦ આ૦ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી લલીતવિજયજી મહારાજના સદ્‌પદેશથી નૂતન જિનમંદિર તૈયાર થયું. મંદિર તૈયાર થતાં પ્રતિષ્ઠાના મુહૂર્ત માટે પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ પાસે ગયા અને વૈશાખ શુદિ ૬ નું મુહૂર્ત આવ્યું, તે દિવસે પ્રતિષ્ઠા કરવાનું સંઘે નક્કી કર્યું અને જોરશોરથી તૈયારીઓ શરૂ કરવામાં આવી આ માંગલિક પ્રસંગ ઉપર પૂ૦ પંન્યાસજી મુક્તિવિજયજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી મહારાજ આદિને પધારવા માટે સંઘના અગ્રેસરો આમંત્રણ કરવા પુના ગયા. પૂ. પંન્યાસજી મહારાજ વિનંતિનો સ્વીકાર કરી ગુરુદેવની આજ્ઞા મુજબ પુનાથી વિહાર કરી કોલ્હાપુર પધાર્યા.

વૈશાખ શુદિ ૧૪ ના શુભ દિને મંદિરમાં ભગવાનને પ્રવેશ કરાવવાનું મુહૂર્ત હોવાથી રથ, મોટરો વગેરેને વિમાન આકારે ફુલોથી શણગારી પ્રભુજીને પધરાવી ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અને પ્રભુજીને મંદિરના ગભારામાં પધરાવ્યા હતા. વૈશાખ શુદિ ૧૪ થી વૈશાખ વદિ ૬ સુધી પૂજા, ભાવના, આંગી રોશની સ્વામિવાત્સલ્ય વગેરે થયું હતું.

પૂજા ભણાવવા માટે અમદાવાદથી સંગીતકાર શ્રી ગજાનંદભાઈ પોતાની સંગીતમંડળી સાથે પધાર્યા હતા.

વૈશાખ શુદિ ૧૪ ના દિવસે ધામધૂમપૂર્વક કુંભ સ્થાપન થયું હતું. વદિ ૪ ના રોજ શ્રી તારૂબેન સાંગાવકર તરફથી નવકારશી થઇ હતી.

વૈશાખ વદિ ૫ ના દિવસે જલયાત્રાનો ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. ઇન્દ્રધ્વજા, મોટરો, ઘોડાગાડીઓ, રથ, બેન્ડો હાથી અને હજારોની માનવ મેદનીથી વરઘોડાનું દૃશ્ય અનુપમ હતું. પૂ૦ મુનિરાજ શ્રી પ્રભાકરવિજયજી મહારાજે પોતાની નાની ઉંમરે આવી સખત ગરમીમાં ૧૧ ઉપવાસ કર્યા હતા.

વૈશાખ વદિ ૬ ના પવિત્ર દિને સવારના મંગળ સમયે શ્રી શાંતિનાથ ભગવાનને મૂલનાયક તરીકે શેઠ શ્રી ફકીરચંદ છનાભાઇએ, શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને શેઠ શ્રી મણીલાલ પરસોતમદાસે, શ્રી પદ્મપ્રભુસ્વામિને શેઠ શ્રી મણીલાલ ભીખાભાઇએ, બીજા શાંતિનાથ ભ૦ ને શેઠ શ્રી અમૃતલાલ હિરાલાલે, અને શ્રી મહાવીરસ્વામિને શ્રી હિરાલાલ મોતીલાલવાળાએ ગાદીએ બિરાજમાન કર્યા હતા. ધ્વજાદંડ બેલગામનિવાસી શેઠ શેઠ શ્રી ચતુરભાઇ નગીનદાસે ચડાવ્યો હતો. શીખર ઉપર સુવર્ણકળશ શ્રી વિનોદભાઇ દલીચંદે ચડાવીને લાભ લીધો હતો, એકંદર ઉછામણીની બોલી સારા પ્રમાણમાં થઇ હતી. સંઘમાં આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસનું વાતાવરણ ખૂબ જ મઘમઘી રહ્યું હતું.

વૈશાખ વદિ ૬ ના રોજ પ્રતિષ્ઠાના દિવસે શ્રી અષ્ટોત્તરી મહાપૂજા શેઠ શ્રી મણીલાલ પરસોતમદાસ તરફથી ભણાવવામાં આવેલ.

વૈશાખ વદિ ૫ ના રોજ શેઠ શ્રી મણીલાલ પરસોતમદાસ તરફથી, વૈશાખ વદિ ૬ ના રોજ શેઠ શ્રી અમૃતલાલ હિરાચંદ તરફથી અને વૈશાખ વદિ ૭ ના રોજ શેઠ શ્રી ચંદુલાલ હંસરાજ તરફથી નવકારશી થઈ હતી.

રાધનપુરના શ્રી રમણિકલાલભાઈ પ્રભુભક્તિથી રોજ ભારે આંગી સુંદર બનાવતા હતા. મહોત્સવના શુભ પ્રસંગે વિવિધ પ્રકારની રચનાઓ કરવામાં આવી હતી. સાંજ પડે હજારો ભાઇ-બ્હેનો દર્શનનો લાભ લેતા હતા.

વૈશાખ વદિ ૯ ના રોજ કોલ્હાપુર અને આજુબાજુ વસતા ગરીબ નિરાધાર માણસોને શેઠ શ્રી ડાહ્યાલાલ ભાઇચંદ તરફથી ભોજન અપાયું હતું.

કોલ્હાપુરના આંગણે પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે ઉજવાયો હતો. પૂ૦ પંન્યાસજી મુક્તિવિજયજી મહારાજની વૈરાગ્ય દેશનાથી જનતા ખૂબ આકર્ષાઈ હતી અને મહોત્સવમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

**શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસા.**

**સાધુ સંમેલન :** સંઘમાં ઐકય જળવાય એ ખાતર અમદાવાદ ખાતે વૈશાખ શુદિ ત્રિજના રોજ પૂ૦ આચાર્યદેવાદિ મુનિવરો એકત્ર થયા હતા. સંમેલન લગભગ ૧૫ દિવસ ચાલ્યું હતું, પણ પરિણામ કશું આવ્યું નથી. એ ખરેખર દુઃખદ બીના છે.

**પ્રતિષ્ઠા મહોત્સવ :** મોટી પાવડ [બનારસ કાંઠા] પૂ૦ મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના સદુપદેશથી નૂતન જિનાલય અને ઉપાશ્રય તૈયાર થયેલ, વૈશાખ વદિ ૬ ના રોજ પૂ૦ મહારાજશ્રીની અધ્યક્ષતામાં પ્રતિષ્ઠા મહોત્સવ ખુબ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો.

**ભાગવતી દીક્ષા :** પાવડ ખાતે ભાભર નિવાસી શેઠ શ્રી નાગરદાસ પોપટલાલની સુપુત્રી શ્રી ભૂરીબેનની દીક્ષા પૂ૦ સુજ્ઞાનવિજયજી મહારાજના વરદ હસ્તે થઇ હતી. દીક્ષાર્થી બેનનું નામ ધર્મપૂર્ણાશ્રીજી રાખવામાં આવ્યું હતું અને સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી સુલોચનાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર થયાં હતાં.

**એક હજાર આયંબિલ :** સાધ્વીશ્રી રક્ષાશ્રીજી મ૦ ને ચાલુ છે. હાલ ૭૨૫ થવા આવ્યા છે, સાધ્વીશ્રી દિવ્યદયાશ્રીજી મ૦ ૫૦૦ આયંબિલ કરી ચૈત્ર શુદિ ૩ ના રોજ પારણું કર્યું છે, શ્રી રામચંદ્ર ગોપાલદાસે ૧૧૧૧ આયંબિલ કરવાનો અભિગ્રહ પૂ૦ આચાર્ય દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે ફાગણ શુદિ ૧૩ ના રોજ લીધો છે, એજ દિવસથી આયંબિલ શરૂ કર્યા છે.

**સ્મારક ઇનામ :** શ્રી મુંબઇ સ્વયંસેવક મંડળ મુંબઇ તરફથી દર વર્ષે એસ. એસ. સી. ની પરીક્ષામાં સૌથી વધુ ગુણો મેળવી ઉત્તીર્ણ થનાર કોઇ પણ એક જૈન વિદ્યાર્થી અગર વિદ્યાર્થિનીને રૂા. ૨૫, અંકે રૂા, પચીસનું ઇનામ આપવામાં આવશે, પાસ થનારે નીચેના સ્થળે પોતાના ગુણો, બેઠક નંબર સાથે તા-૩૦-૬-૫૮ સુધીમાં જૈન સ્વયંસેવક મંડળ ૨૦, પાયધુની ગોડીજીની ચાલ મુંબઇ, ૨, એ સીરનામે જણાવવા વિનંતિ છે.

**સણવાલ :** (થરાદ) ખાતે પૂ૦ મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજ તથા પૂ૦ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. સમય અનુસાર પૂજા, આંગી, ભાવના, પ્રભાવના વગેરે સુંદર થયું હતું, ક્રિયા કરાવનાર શ્રી કાનજીભાઈ પોતાના સ્ટાફ સાથે રાધનપુરથી પધારેલ.

**કાળધર્મ પામ્યા :** સમી ખાતે પૂ૦ આચાર્ય શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજનાં શિષ્ય મુનિરાજ શ્રી કુસુમવિજયજી મહારાજ વૈશાખ વદિ ૩ ના રોજ ૫૯ વર્ષની ઉંમરે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. લીંબડી એ એમનું સંસારી વતન હતું.

**અવસાન :** અમરનગર [સૌરાષ્ટ્ર]ના રહીશ શ્રી પરસોતદાસ નરભેરામ કોચડી ૧૫-૫-૫૮ ના રોજ અવસાન પામ્યા છે, તેઓશ્રી જૈન સંઘના અગ્રેસર હતા. જૈન સમાજ સેવાના કાર્યોમાં સારો એવો રસ ધરાવતા હતા.

**મહોત્સવ બંધ રહ્યો છે. :** સિદ્ધપુર ખાતે અસાડ મહિનામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો હતો. તેની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી. પણ સંઘના અગ્રેસર શેઠ શ્રી જેઠાલાલ ન્હાલચંદના સુપુત્રનું યુવાન વયે અવસાન થવાથી મહોત્સવ ઉજવવાનું મોકુફ રાખવામાં આવ્યું છે, ચોમાસું પૂર્ણ થયે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

**શાંતિચંદ્ર સેવા સમાજ :** સાધર્મિક સહાયક ફંડ ખાતે કાર્તિકમાસથી મહામાસ સુધીમાં રૂા. ૨૩૮૦, ની આવક થઇ અને રૂા. ૧૯૩૭ નો સહાય કરવામાં ખર્ચ કર્યો, નિરાધાર સહાયક ફંડખાતે ૩૨૬૫, રૂા, ની ઉપજ કરવામાં આવી અને રૂા, ૮૬૮ ના ખર્ચે ૨૫ કુટુંબોને સહાય કરવામાં આવી. આ વર્ષે મધ્યમ વર્ગના જૈન તેમજ જૈનેતર કુટુંબોને કાપડ રાહતથી આપવાની યોજના શરૂ કરવાનો નિર્ણય કર્યો છે, તે અંગે એક કમિટિ નિમવામાં આવી છે. યોજના દ્વારા રૂા. ૨૫ હજારનું કાપડ રાહત ભાવે આપવાની વ્યવસ્થા થશે. ગઈ સાલ ૭૨૬ જૈન કુટુંબોને રાહત ભાવે રૂા. ૧૩ હજારનું કાપડ અપાયું હતું. તેમાં જે ખોટ આવી હતી તે રકમ એક ઉદાર સદ્ગૃહસ્થ તરફથી મળી હતી.

**જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ :** અખિલ ભારતીય શિક્ષણ સંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાની જૈન દર્શનની પાંચ પરીક્ષાઓ-પ્રાથમિક, પ્રારંભિક, પ્રવેશ. પરિચય અને પંડિત-ભારતભરના, કેન્દ્રોમાં તારીખ ૨-૩ ઓગસ્ટ ૧૯૫૮ નક્કી કરવામાં આવી છે, પરીક્ષાઓ અપાવવા ઈચ્છતી પાઠશાળાઓ, મંડળો કે ગુરુકુળ અને વિદ્યાલયોએ પરીક્ષાના ઉમેદવારી પત્રો ભરીને તા.-૨૨ જુન ૧૯૫૮ સુધીમાં પૂના હેડ ઓફિસે મોકલવાના રહેશે.

નાત-જાત ને ઉંમરના ભેદ ભાવ વિના સૌકોઈ તત્ત્વ જિજ્ઞાસુઓ કોઈપણ પ્રદેશમાંથી આ પરીક્ષાઓ આપી શકે છે. બોર્ડિંગો, વિદ્યાલયો અને ગુરુકુળોના પરીક્ષાર્થીઓની અનુકુળતા માટે સપ્લીમેન્ટરી પરીક્ષાઓ તા-૨૩- ઓગસ્ટ ૧૯૫૮ રાખવામાં આવી છે. વધુ માહિતી મેળવવા માટે શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ. ૧૫૬-૫૭ રવિવાર પેઠ, પૂના-૨, ના સરનામે સંપર્ક સાધો.

**વર્ષગાંઠ :** જેસર જૈન દહેરાસરની જેઠ શુદિ ૫ ના રોજ ૩૭ મી વર્ષગાંઠ ઉજવવામાં આવી હતી. મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ અત્રે પધારતાં ધર્માનુષ્ઠાનો સારા પ્રમાણમાં થાય છે.

**વાર્ષિકોત્સવ :** પુના ખાતે જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠનો અગીયારમો વાર્ષિકોત્સવ શેઠ શ્રી મણિલાલ માણેકચંદ સંઘવીના પ્રમુખપદે તા-૧૪-૫-૫૮ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. તેમજ જૈન સમાજના અગ્રગણ્ય શેઠ શ્રી હિમચંદભાઈ કપુરચંદ શાહ (જીવણલાલ (૧૯૨૯) લી. ના મેનેજીંગ ડીરેકટર)ના તૈલ ચૈત્રની અનાવરણ વિધિ પણ પ્રમુખશ્રીના વરદ હસ્તે થઈ હતી.

શ્રી બાબુભાઇ મોદીએ સંસ્થાની દશ વર્ષની પ્રગતિનો ખ્યાલ આપતા જણાવ્યું હતું કે વિદ્યાપીઠ સાથે આજે ભારતભરની ૩૦૦ જેટલી પાઠશાળાઓ વગેરે જોડાયેલ છે, અને વિદ્યાપીઠે નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરાવે છે, અને દર વર્ષે લેખિત અને મૌખિક પરીક્ષા લેવામાં આવે છે, સારા ગુણોએ પાસ થયેલાને સંસ્થા તરફથી ઈનામ અપાય છે, વગેરે સંસ્થાની હકીકતનો ખ્યાલ અપાયો હતો.

**અષ્ટાહ્નિકા મહોત્સવ :** અમદાવાદ ખાતે શેઠશ્રી રમણલાલ જેશીંગભાઈ જરીવાળા તરફથી પોતાના સ્વ. પિતાશ્રીએ કરેલા ૪૫ આગમ અને વીશસ્થાનક તપ નિમિત્તે ઉદ્યાપન મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો, તા-૨૧-૫-૫૮ ના રોજ મહોત્સવનો પ્રારંભ થયો હતો. તા-૨૮-૫-૫૮ ના રોજ અષ્ટોત્તરી મહાપૂજા ભણાવવામાં આવી હતી. અને તા-૨૯-૫-૫૮ ના રોજ મહોત્સવની મંગળ સમાપ્તિ થઇ હતી. પૂ૦ આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં ઉત્સવ ઉજવાયો હતો. પૂજા, ભાવના, આંગી, રોશની અને પ્રભાવના વગેરે સુંદર થયું હતું.

**ભ૦ મહાવીરનો આચાર ધર્મ :** નામનું પુસ્તક મુંબઇ એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષામાં રાખવામાં આવ્યું. છે જે પુસ્તકમાં માંસ અંગેનો ઉલ્લેખ છે, જેની વિશેષ માહિતિ 'કલ્યાણ'ના ૨૫૫ પેજ ઉપર રજુ કરી છે, આવા પુસ્તકને બોર્ડની કમિટિએ વહેલાસર પાઠ્યક્રમમાંથી રદ કરવું જોઈએ. આ અંગેનો ઉહાપોહ થવો જરૂરી છે. અને પાઠ્યક્રમમાંથી આ પુસ્તક રદ કરાવવા શક્ય પ્રયત્નો કરવાની દરેકની ફરજ છે.

**કાળધર્મ પામ્યા :** પાલીતાણા ખાતે પૂ૦ આ૦ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પંન્યાસજી સોમવિજયજી મહારાજ જેઠ શુદિ ૮ ના રોજ સાહિત્ય મંદિરમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે, જીવદયાની ટીપ સારા પ્રમાણમાં થઇ હતી.

**ભાગવતી પ્રવ્રજ્યા :** પાલીતાણા ખાતે કચ્છ સાંધણ વાળા શા ખીમજી ઠાકરશીનાં ધર્મપત્ની શ્રી મીઠીબાઈએ અંચલગચ્છીય સાધ્વી શ્રી પ્રધાનશ્રીજી પાસે જેઠ શુદિ ૧૦ ના રોજ દીક્ષા અંગીકાર કરી છે. દીક્ષા પૂ૦ આ૦ શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજે આપી હતી. નરશી નાથા ધર્મશાળામાં તે અંગે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો અને ડો. લાલચંદલાલ એમ. બાવીસીના પ્રમુખપણા નીચે અભિનંદનનો મેળાવડો યોજવામાં આવ્યો હતો.

**કાળધર્મ પામ્યા :** ભાવનગર-વડવા ખાતે મુનિરાજ શ્રી કમળપ્રભવિજયજી મહારાજ જેઠ શુદિ ૬

ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે, તેમનું સંસારી વતન વાંકાનેર હતું. છ વર્ષનો દીક્ષા પર્યાય હતો. ૨૭ વર્ષની ઉંમર હતી.

**યાત્રાટુર:** ખંભાતથી ભટ્ટીબાઈ જૈન કન્યાશાળાની ૫૦ જેટલી નાની-મોટી બ્હેનોને લઇ પંડિત શ્રી છબીલદાસભાઈ વગેરે પોતાના સ્ટાફ સાથે અત્રે યાત્રાયે આવેલ. અત્રે શ્રાવિકાશ્રમની મુલાકાત લીધી અને સંતોષ વ્યક્ત કર્યો હતો. તળાજા, કદંબગિરિ અને શંખેશ્વરની યાત્રા કરી સુખરૂપ ખંભાત પધારેલ છે.

**શોકજનક અવસાન:** થાનગઢ (સૌરાષ્ટ્ર) વાળા શેઠ શ્રી માણેકચંદ પોપટલાલના સુપુત્ર શ્રી ફતેચંદભાઈ યુવાન વયે અમદાવાદ ખાતે હાર્ટફેલથી અવસાન પામ્યા છે, તેમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

**પાઠશાળાનું ઉદ્દઘાટન:** શ્રી સેલમ (મદ્રાસ) ખાતે મદ્રાસ જૈન મીશન સોસાયટીના સેક્રેટરી શ્રી ઋષભદાસજીની શુભ પ્રેરણાથી શ્રી સંઘે જૈન પાઠશાળા [ જૈન સંસ્કૃતિ સમિતિ ] નું ઉદ્દઘાટન તા. ૨૮-૫-૫૮ ના રોજ થયું છે, અધ્યાપક તરીકે શીવગંજ શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલયમાં અભ્યાસ કરીને તૈયાર થયેલાં ભાઇ ભુરમલજી વીરચંદજી આવેલ છે. અધ્યાપકને રહેવા તથા ખાવા-પીવાની છ માસ માટે સગવડતા શેઠ શ્રી રાજમલજી ખીમરાજજીએ આપેલ છે. સંસ્કૃતિ શિક્ષણના સભ્ય શેઠ શ્રી વસ્તિમલજી નેમીચંદજી તથા શેઠ શ્રી રતનચંદજી શેષમલજીના સહકારથી કામ શરૂ થયું છે.

**ઉગ્ર તપશ્ચર્યા:** મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે તથા મુનિરાજ શ્રી પ્રમોધવિજયજી મહારાજે શ્રી વર્ધમાનતપની સો ઓળી પૂર્ણ કરી તેનું પારણું શ્રી શંખેશ્વરજી મહાતીર્થમાં પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સં૦ ૨૦૧૪ ના મહા વદિ ૧ ના રોજ ધામધૂમપૂર્વક થયું હતું. પારણા બાદ બન્ને મુનિવરોએ તપશ્ચર્યા ચાલુ રાખી છે. મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે ફાગણ વદિ ૮ થી અઠ્ઠમના પારણે અઠ્ઠમથી વરસીતપ શરૂ કર્યો છે.

**કાળધર્મ પામ્યા:** ચાણસ્મા ખાતે આ૦ શ્રી ઋદ્ધિસાગરસૂરીશ્વરજીના સમુદાયનાં સાધ્વી શ્રી મૃગેન્દ્રશ્રીજી ૭૨ વર્ષની વયે વૈશાખ શુદિ ૧૧ ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. સાધ્વીજીનું સંસારી વતન પણ ચાણસ્મા હતું. કાળધર્મ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

**ચાતુર્માસ નિર્ણય:** પૂ૦ પંન્યાસજી ધર્મસાગરજી મહારાજ આદિનું ચાતુર્માસ ચાણસ્મા ખાતે નક્કી થયું છે.

**વિદ્યાર્થિની જૈન સ્કોલરશિપ:** માર્ચ ૧૯૫૮ માં લેવાએલ સેકંડરી સ્કુલ સર્ટીફીકેટની પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઈ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલરશિપ" આપવામાં આવશે. નિયત અરજીપત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ ૨૬ની ઓફિસેથી મળશે. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ ૫ મી જુલાઈ ૧૯૫૮ છે.

**શિક્ષણ સંમેલન:** શ્રી માટુંગા જૈન શ્વે. મૂ. સંઘના આમંત્રણથી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ મુંબઇ દ્વારા તા. ૧૫-૬-૫૮ ના રોજ શેઠ શ્રી જીવણભાઇ અબજીભાઈ જૈન જ્ઞાન મંદિરમાં ધાર્મિક શિક્ષણ સંમેલન યોજવામાં આવ્યું હતું. પાઠશાળાના શિક્ષકો, કાર્યકરો અને વિચારકોએ પોતાનાં મંતવ્યો રજુ કર્યાં હતાં અને ધાર્મિક શિક્ષણનો વધુ વિકાસ કેમ થાય એના માટે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

**પારમેશ્વરી પ્રવ્રજ્યા:** ઉંઝા ખાતે શાહ પોપટલાલ છોટાલાલની સુપુત્રી કુ. શ્રી વસંતાબેન જેઠ વદિ ૭ ના રોજ પૂ૦ પંન્યાસજી દક્ષવિજયજી મહારાજના વરદ હસ્તે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. તે અંગે અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. સાધર્મિકવાત્સલ્ય પણ થયું હતું.

**મહોત્સવ:** વાંકડીઆ વડગામ ખાતે પૂ૦ આ૦

શ્રી રંગવિમલસૂરીશ્વરજીની નિશ્રામાં પ્રતિષ્ઠા અંગે અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. પૂજા, ભાવના, પ્રભાવના, આંગી વગેરે સુંદર થયું હતું. સાત નવકારશી, બે વરઘોડા, અને શાંતિસ્નાત્ર વગેરે થવાથી શાસનપ્રભાવના સારી થઇ હતી.

પૂ૦ આચાર્યદેવની શુભપ્રેરણાથી શા પ્રતાપજી ભાણાજી તથા તેમના વારસદારો તરફથી શા દરગાજી પરખાજીની જે રકમ રૂા. ૩૫૦૦ ની હતી તે વડગામના આયંબિલ ખાતામાં આપવામાં આવી છે, પૂ૦ આચાર્યશ્રીનું ચાતુર્માસ કાલંદ્રી નક્કી થયું છે.

**લુણાવા :** (મારવાડ) ખાતે હમણાં હમણાં ત્રણ અઠ્ઠાઇ મહોત્સવો, તથા શાંતિસ્નાત્ર જેઠ શુદિ ૧૦ ના રોજ ભણાવવામાં આવ્યું હતું, પૂ૦ પંન્યાસજી મંગલવિજયજી મહારાજના વરદ હસ્તે શ્રી હજુ બેને જેઠ શુદિ ૧૦ ના શુભ દિને ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી, દીક્ષાર્થી બેનને અભિનંદન આપવા માટે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો, શિક્ષક શ્રી ભોગીલાલભાઇ વગેરેએ પ્રસંગોચિત વકતવ્ય કર્યાં હતાં.


## ભેટ મળશે

પંડિત શ્રી રૂપવિજયજી કૃત પંચકલ્યાણક પૂજા સાર્થ તેમજ નવકાર માહાત્મ્ય (ત્રિરંગી) ભેટ મળશે. ત્રણ આનાની ટીકીટ બીડો.

**ચંદ્ર જ્ઞાનમંદિર**

વાયા–નવાડીસા **ધાનેરા** (બનાસકાંઠા)

## જૈન ભાઇઓ માટે ખુશ ખબર

દહેરાસરમાં સાદો રંગ કે ચિત્રકામ, ઉપસર્ગના ચિત્રો, પટ્ટો, તીર્થંકરના ભવો, રચનાઓ, કાચમાં મીનાકારી કામ, એનલાર્જ ફોટા, ફ્રેન્ચ પોલીસ વગેરે સંતોષકારક કામ કરી આપીએ છીએ.

લગ્નપ્રસંગ વખતે મંડપ વગેરે માટે રૂબરૂ મળો યા લખો

**પેઇન્ટર એચ. કે. નાયક**

જોગીવાડો, શામળાજી **પાટણ** (ઊ. ગુ)

## ૦:—પ્રતિષ્ઠા કરવાનો અમૂલ્ય લાભ—:૦

સિધ્ધપુર આપણું ઘણું પ્રાચીન જૈન તીર્થધામ છે. તેમાં પ્રથમ ૨૯ જિનમંદિરો હોવાના પુરાવા મળેલા છે. હાલ ત્યાં મોટા વિશાળ બે સુંદર મંદિરો બે માળનાં છે, તેમાં ઘણા જ પ્રાચીન, સુંદર ચમત્કારિક ૧૦૦ ઉપરાંત પાષાણનાં પ્રતિમાજીઓ છે.

હાલમાંજ શ્રી અમદાવાદ દહેરાસર જીર્ણોધ્ધાર કમીટી મારફત હજારોના ખર્ચે બંને દહેરાસરોનો જીર્ણોધ્ધાર કરાવેલ છે, જેનું કામ હાલ ચાલુ જ છે. ચોમાસુ પુરૂં થયે સારા મુહૂર્તે પ્રતિષ્ઠા કરવાની છે. તેમાં પ્રતિમાજીઓ નીચેના નકરાથી બેસાડવા આપવાનાં છે.

૧ બે દહેરાસરજીના મુખ્ય ગભારામાં બોલી ન કરાવવાના છ છ ભગવાન રહે છે. તે દરેકનો નકરો રૂા. ૪૦૧) સંઘે ઠરાવેલ છે.

૨ બે દહેરાસરજીના મેડા ઉપર બેસાડેલા ભગવાન બોલી સિવાયનો નકરો રૂા. ૩૦૧.

| નકરો | પ્રતિમાજીનું માપ | નકરો | પ્રતિમાજીનું માપ | નકરો | પ્રતિમાજીનું માપ |
|---|---|---|---|---|---|
| રૂા. ૧૫૧) | ૭, ૮, ૯, | રૂા. ૨૦૧) | ૧૦, ૧૧, ૧૨. | રૂા. ૨૫૧) | ૧૩, ૧૪, ૧૫. |
| રૂા. ૩૦૧) | ૧૬, ૧૭, ૧૮. | રૂા. ૩૫૧) | ૧૯, ૨૦ ૨૧. | રૂા. ૪૦૧) | ૨૨, ૨૩, ૨૪, ૨૫ |

**શ્રી જૈન શ્વે. મૂ. સંઘ** C/o **દોલતરામ વેણીચંદ** ગંજબજાર **સિધ્ધપુર**

# ❀ નવા સભ્યોનાં શુભ નામો ❀

રૂા. ૧૦૧) શ્રી નીતિશકુમાર મફતલાલ સાંગલી
રૂા. ૨૫) શ્રી ગોકળદાસ ચીમનલાલ સોનાવાળા માહિમ
રૂા. ૨૫) શ્રી જયંતિલાલ પાનાચંદ અમદાવાદ
શ્રી દીપચંદભાઈ ટી. શાહની શુભ પ્રેરણાથી
રૂા. ૨૫) શ્રી પુનમચંદ ભાઇચંદ શાહ કોલ્હાપુર
શ્રી ચીમનલાલ રતનચંદ સાંડસાની શુભ પ્રેરણાથી
રૂા. ૨૫) ચુનીલાલ ક્રીષ્નાચંદ કોલ્હાપુર
ઉપર મુજબની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧) શ્રી સી. કે. જશવા અનકાપલ્લી
શ્રી જયંત પી. શાહની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧) શ્રી વાડીલાલ લલ્લુભાઇ મોગરી
રૂા. ૧૧) શ્રી પાર્શ્વ જિન મંડળ ભદ્રાવળ
રૂા. ૧૧) શ્રી ગેલાભાઇ ખાયશી ભોજાય
રૂા. ૧૧) શ્રી ચંદુલાલ પોપટલાલ મુંબઇ-૯
રૂા. ૧૧) શ્રી અનીલકુમાર સી. શાહ અમદાવાદ
રૂા. ૧૧) શ્રી જૈન સંઘ સમી પૂ. આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજની શુભ પ્રેરણાથી

**શ્રી વેલજીભાઇ મેઘજી ગુઢકાની શુભ પ્રેરણાથી થયેલા સભ્યો નીચે મુજબ**

રૂા. ૧૧) શ્રી ભાણજી વિઘુ સાવલા મુંબઈ-૯
રૂા. ૧૧) શાહ લાલજી ઘેલાભાઇ કુર્લા
રૂા. ૧૧) શાહ કેશવજી દેવજી મુંબઈ-૯
રૂા. ૧૧) શાહ મણીલાલ શામજી ,,
રૂા. ૧૧) શાહ કેશવજી કાનજી ,,
રૂા. ૧૧) શ્રી જયસુખલાલ ગાંગજી ,,
રૂા. ૧૧) શ્રી મેરાજ પ્રેમચંદ પારેખ ,,
રૂા. ૧૧) શ્રી પુલચંદ મેઘજી શાહ મુંબઇ-૩
રૂા. ૧૧) શ્રી ખીમજી પૂંજાભાઇ મુંબઇ-૯
રૂા. ૧૧) શ્રી રામજી ભગવાનજીની કું. મુંબઈ-૩
રૂા. ૧૧) શ્રી હીરજી કલ્યાણજી મુંબઇ-૯
રૂા. ૧૧) શ્રી ભાણજી પુનશી ,,
રૂા. ૧૧) શાહ દેવશીભાઈ ડાયાભાઈ ,,
રૂા. ૧૧) શ્રી પરમાણંદ ઓધવજી ,,
રૂા. ૧૧) શા ગણશીભાઇ પ્રેમજી શાંતાક્રુઝ
રૂા. ૧૧) શા હંસરાજ વજપાર મુંબઇ-૯
રૂા. ૧૧) શા પાશુભાઇ નથુભાઇ ,,
રૂા. ૧૧) શ્રી ઉત્તમ જનરલ સ્ટોર્સ દાદર
રૂા. ૧૧) શ્રી લીલાધર પી. શાહ ,,
રૂા. ૧૧) શ્રી વાલજીભાઈ દેવજી ઘાટકોપર
રૂા. ૧૧) શ્રી માધવલાલ વાસુદેવ જોષી મુંબઇ-૪
રૂા. ૧૧) શાહ વેલજીભાઈ લખમશી મુંબઇ-૩
રૂા. ૧૧) શાહ હીરજી કરમશી માટુંગા
રૂા. ૧૧) શાહ મોહનલાલ લાલજી મુંબઇ-૧૬
રૂા. ૧૧) શાહ નાથાલાલ પદમશી મુંબઇ-૧૬
રૂા. ૧૧) શ્રી માલદે પ્રોવીજન સ્ટોર્સ માટુંગા
રૂા. ૧૧) શાહ રમણીકલાલ તેજશી મુંબઈ-૯
રૂા. ૧૧) શ્રી શામજી લીલાધર ,,
રૂા. ૧૧) શાહ મણીલાલ ખીમજી ,,
રૂા. ૧૧) શ્રી નવીનચંદ્ર એન્ડ કું. મુંબઈ-૨
રૂા. ૧૧) શ્રી કુરલા મેડીકલ સ્ટોર કુર્લા
રૂા. ૧૧) શ્રી મોરારજી હીરજી મારૂ મુલુંડ
રૂા. ૧૧) શ્રી અમૃતલાલ દેવચંદ મુંબઇ-૧૦
રૂા. ૧૧) શાહ નાગશી રતનશી મુંબઈ-૧૨
રૂા. ૧૧) શ્રી એન. કે. શાહ મુંબઇ-૨૨
રૂા. ૧૧) શ્રી નરશી સોજપાલ મુંબઇ-૧૦
રૂા. ૧૧) શાહ મેઘજીભાઈ દેવજી મુંબઇ-૧૪
રૂા. ૧૧) શ્રી હરિયા પ્રોવીજન સ્ટોર માટુંગા
રૂા. ૧૧) શાહ કરમશી ધારશી મુંબઇ-૧૫
રૂા. ૧૧) શાહ મુળજીભાઇ જેઠાભાઇ મુંબઈ-૧૬
રૂા. ૧૧) શાહ હેમરાજ વીરપાળ દાદર
રૂા. ૧૧) શાહ લીલાધર મેઘજી મુંબઇ-૨૨

રૂ. ૧૧) શાહ હંસરાજ વીરજી મુલુંડ
રૂ. ૧૧) શાહ જેઠાભાઈ કેશવજી હિંગસર
રૂ. ૧૧) શાહ ગાંગજી કુંવરજી મુંબઈ-૧૭

**મુંબઈ નિવાસી શ્રી દેવચંદ જેઠાભાઈની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં નામ નીચે મુજબ છે**

રૂ. ૧૩) શાહ પૂંજાભાઈ ખીમજી મોમ્બાસા
રૂ. ૧૧) શાહ વેલજીભાઈ ભારમલ મુંબઈ-૨૮

**પૂ. પંન્યાસજી કનકવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ છે.**

રૂ. ૧૧) શ્રી જૈન સંઘ ફણસા
રૂ. ૧૧) શ્રી મોહનલાલ રમેશચંદ્ર દહાણુરોડ

**દારેસલામવાળા શ્રી દામોદર આશકરણ શાહની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ.**

રૂ. ૩૦) પટવા કરશનજી મુલચંદ જંગબાર
રૂ. ૩૦) શાહ જેચંદ તારાચંદ જંગબાર
રૂ. ૧૩) શ્રી તારાચંદ ધરમચંદ શેઠ જંગબાર
રૂ. ૧૩) શ્રી નવલચંદ ધરમશી શાહ વેટેપેમ્બા
રૂ. ૧૩) શ્રી વનરાજ દામજી દોશી જંગબાર
રૂ. ૧૩) શ્રી મેઘજીભાઈ કચરા હરિઆ મોશી
રૂ. ૧૩) શ્રી જેતશીભાઈ દામજી શાહ દારેસલામ
રૂ. ૧૩) શ્રી પ્રભાત ટ્રેડીંગ કું. દારેસલામ
રૂ. ૧૩) શ્રી લીલાધર ડી મહેતા ,,
રૂ. ૧૩) શ્રી પ્રાણુલાલ નાનચંદ શાહ ,,
રૂ. ૧૩) શ્રી કાંતિલાલ એન્ડ કું. ,,
રૂ. ૧૩) શ્રી કાંતિલાલ દામજી દોશી ,,
રૂ. ૧૩) શ્રી ચુનીલાલ ભગવાનજી મહેતા ,,
રૂ. ૧૩) શ્રી વાઘજી વેલજી એન્ડ કું. ,,
રૂ. ૧૩) શ્રી ત્રંબકલાલ ત્રીકમજી બજરીયા ,,

★

ॐ Is the voice of silence
ॐ એ

અગાધ શાંતિના સામ્રાજ્યમાંથી ચાલી આવતો એક સુંદર મનોહર સૂર છે.

એ સૂરને જે ભજે છે તે શાન્તિને પામે છે.

ॐમાં વસ્તુતઃ પાંચ અક્ષરો છેઃ—અ, અ, આ, ઉ, મ: આના સંયોજનથી ॐ પ્રણુવાક્ષરનું સ્વરૂપ બને છે.

અ=અરિહંત
અ=અશરીરી (સિધ્ધ)
આ=આચાર્ય
ઉ=ઉપાધ્યાય
મ=મુનિ (સાધુ)

ॐ is the essence of everything

અર્હંને ભજવો એટલે, જેણે રાગ ને દ્વેષ; મોહ ને માયા; લોભ ને તૃષ્ણા; આદિ ગણાતાં જીવમાત્રના દુશ્મન સમા દુર્ગુણોને હણ્યા છે, અને જેમણે પોતાના આત્માનું પ્રભુત્વ તેમના પર સ્થાપી મહત્તા મેળવી છે એવા એક ઉચ્ચ પરમાત્માને હું ભજું છું, એવી એક ઉચ્ચ મહાશકિતનો આરાધક છું.

**સં. દલીચંદ ભુદરભાઈ ગાંધી**

---


## ધાર્મિક શિક્ષકની જરૂર છે

અભ્યાસ સંસ્કૃત બે બુક તેમજ સંગીતનો જાણકાર. ઉંમર ૩૫ થી ૪૦ ના અનુભવી ધાર્મિક શિક્ષકની જરૂર છે. નીચેના સીરનામે અનુભવ, અભ્યાસ, વગેરે જણાવો.

**જૈન શ્વે. મૂ. સંઘની પેઢી**
વાયા : નવાડીસા **વાવ** (બનાસકાંઠા)

---

## જા હે ર ખ બ ર

ઉપાશ્રય આદિના ઉપયોગ માટે જુના ચંદરવા પુંઠીયા ભેટ આપવાના છે. જરૂર હોય તેમણે નીચેના સરનામે રૂબરૂ મળવું.

**ઝવેરચંદ કપુરચંદ મહેતા**
મુનીમ
શેઠ મોતીશાહની ધર્મશાળા **પાલીતાણા**

શ્યક સૂત્રોનું અધ્યયન કરાવવામાં આવે છે, તેમ દિગમ્બર સંપ્રદાયમાં પ્રથમ તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અધ્યયન કરાવવામાં આવે છે.

તત્ત્વાર્થસૂત્રની મહત્તા વર્ણવતાં જણાવેલ છે કે- આ ગ્રંથનો એક વખત પાઠ કરવાથી એક ઉપવાસના ફલની પ્રાપ્તિ થાય છે.૧

જૈનશાસનમાં સમ્મતિતર્ક તથા તત્ત્વાર્થ સૂત્રને પ્રભાવક શાસ્ત્ર તરીકે વર્ણવેલ છે. પ્રતિદિન એકાગ્રચિત્તથી આ બન્ને ગ્રંથોનો સ્વાધ્યાય કરનાર આત્માર્થી સાધુ આના કારણે આધાકર્મી આહાર આદિ વાપરે તો પણ પાપનો ભાગી નથી, તેમ પંચકલ્પ સૂત્રમાં ફરમાવેલ છે.

આ ગ્રન્થ ઉપર શ્વેતામ્બર તથા દિગંબર સંપ્રદાયના આચાર્યાદિ વિદ્વાનોએ અનેક પ્રકારનું ટીકા આદિ સાહિત્ય જુદી જુદી ભાષાઓમાં લખેલ છે. પૂ૦ ઉમાસ્વાતિ વાચક વિરચિત સ્વોપજ્ઞ ભાષ્ય ઉપર ન્યાયવિશારદ ન્યાયાચાર્ય **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ તત્ત્વાર્થ વિવરણ** નામનો ટીકા ગ્રંથ રચેલ છે, તે વિવરણનો પ્રથમ અધ્યાય પર્યંતનો ભાગ હાલ ઉપલબ્ધ છે, જે શાસનસમ્રાટ્ પૂ૦ આ૦ શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજશ્રીના સદુપદેશથી અમદાવાદનિવાસી શેઠ માણેકલાલ મનસુખલાલભાઈએ પ્રકાશિત કરેલ છે.

આ વિવરણમાં પૂ૦ ઉપાધ્યાયજીએ તત્ત્વ-ાન-સંબંધી અનેક વિષયો જેવાં-કે-સમ્યગ્ ર્શન-જ્ઞાન ચારિત્રનાં દોષ રહિત લક્ષણો, યાખ્યાઓ, જીવાદિ સાત તત્ત્વોનું યુક્તિઓ ૂર્વકનું વિવરણ, નિક્ષેપાઓનું સ્વરૂપ તથા નુગત લક્ષણો, નયોનું અનુગત લક્ષણ પૂર્વક વેચન, પ્રમાણ અને નયોનો ભેદ, નયના દ-પ્રભેદો, દરેક ભેદ-પ્રભેદોનું વિવેચન અને ષ્ટીકરણ, પાંચ જ્ઞાન તથા તેના પ્રતિભેદો ાદિ અનેક બાબતો ઉપર સુંદર પ્રકાશ પાથર્યો છે. ભાષ્યના દરેક પદ ઉપર સુંદર વિવેચના કરેલ છે, જે વિદ્વાનોને અનેક નવીન યુક્તિઓ પૂરી પાડે છે.

આ તત્ત્વાર્થ-વિવરણ ટીકા અતિવિષમ નયવાદથી ભરેલી હોવાથી અત્યંત કઠીન જણાયાથી સામાન્ય વિદ્વાનોને પૂ૦ ઉપાધ્યાયજીના વિવરણનો સહેલાઈથી લાભ મળી શકે તે હેતુથી એ વિવરણનો ચીવટભર્યો અભ્યાસ કરી ન્યાયવાચસ્પતિ શાસ્ત્રવિશારદ-પૂ૦ આ૦ શ્રી **વિજયદર્શનસૂરીશ્વરજી** મહારાજશ્રીએ પ્રથમાધ્યાયના વિવરણ ઉપર ૧૭૦૦૦ શ્લોક પ્રમાણ **તત્ત્વાર્થ વિવરણ ગૂઢાર્થ દીપિકા** નામે વિદ્વત્તાપૂર્ણ નવ્ય ન્યાયશૈલીએ ટીકા રચી છે. આ ટીકામાં તેઓશ્રીએ તત્ત્વાર્થ વિવરણમાં ભરેલો ભાવ અત્યંત સ્પષ્ટ કરી બતાવેલ છે. સરલ સંસ્કૃત ભાષામાં દરેક વિષયોની સુંદર છણાવટ કરી છે. જૈન તત્ત્વજ્ઞાન સંબંધી અનેક વિષયોનું વિવરણ રસમય બનાવેલ છે.

આ વિષયના જિજ્ઞાસુ મહાનુભાવો આ ગ્રંથનો રસપૂર્વક અભ્યાસ કરશે તો તેઓને જૈન તત્ત્વજ્ઞાન સંબંધી ઘણી નવીન હકીકતો જાણવા મળશે, એ નિઃશંક છે.

પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રી વિરચિત વિવરણનો હાલમાં અપ્રાપ્ય બાકીનો ભાગ પ્રયત્ન કરતાં કોઈ ગ્રંથભંડારમાંથી મળી આવે તો તત્ત્વજ્ઞાનને લગતી અનેક હકીકતો જાણવા મળશે. આ અંગે આ વિષયમાં રસ ધરાવતા વિદ્વાનો યોગ્ય પ્રયત્નો કરશે, એવી આશા છે.

## સૂચના

સંયોગવશાત્-શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન ગ્રંથમાલાનું કામકાજ બંધ છે; નવી સૂચના થાય ત્યારે જ પત્ર વ્યવહાર કરવો.

દ. માસ્તર **હીરાલાલ રણછોડભાઈ.**
ગોપીપુરા—**સૂરત**

૧ दशाध्याय-परिच्छिन्ने तत्त्वार्थे पठिते सति ।
फल स्यादुपवासस्य भाषितं मुनिपुङ्गवैः ॥

REGD. NO. B. 4925 KALYAN

# —:૦ કથા—વાર્તાનાં અનુપમ પ્રકાશનો ૦:—

## શ્રી મોહનલાલ ધામી કૃત

| | |
|---|---|
| મગધેશ્વરી ત્રણ ભાગ | ૧૩–૮ |
| બંધન તુટયાં ત્રણ ભાગ | ૧૩–૮ |
| રૂપકોશા બે ભાગ | ૯–૦ |
| સિદ્ધ વેતાલ ત્રણ ભાગ | ૧૫–૮ |
| વિશ્વાસ | ૬–૪ |
| પચરંગી ફુલો | ૩–૦ |
| અમર બલિદાન | ૧–૮ |

## પંન્યાસજી કનકવિજયજી ગણિ કૃત

| | |
|---|---|
| કથારત્ન મંજુષા | ૩–૦ |
| સંપત્તિનો નશો | ૦–૧૨ |
| પવિત્રતાના પથ પર | ૦–૧૨ |
| સંસ્કાર દીપ | ૨–૦ |
| દીપમાળ | ૧–૪ |
| ધર્મની દિશા | ૨–૦ |

## જયભિક્ખુ

| | |
|---|---|
| ભ૦ મહાવીર | ૩–૦ |
| [ વીશ ચિત્રો સાથે ] | |
| સદ્‌વાંચનમાળા સેટ બે | ૫–૦ |
| [ ૨૨ બળ પુસ્તિકાઓ ] | |
| બાળ ગ્રંથાવલિ ત્રણ સેટ | ૯–૦ |
| [ ૪૮ પુસ્તિકાઓ ] | |
| જૈનધર્મની પ્રાણીકથાઓ | ૧–૪ |
| લાખેણી વાતો | ૨–૦ |
| વીરધર્મની વાતો | ૩–૦ |
| મલ્લીનાથ | ૨–૮ |
| અંગના | ૩–૮ |
| સતની બાંધી પૃથ્વી | ૨–૦ |
| ચક્રવર્તી ભરતદેવ | ૪–૮ |

## આત્માનંદ સભા

| | |
|---|---|
| આદિનાથ ચરિત્ર | ૧૦–૦ |
| પાર્શ્વનાથ ચરિત્ર | ૧૩–૦ |
| શાંતિનાથ ચરિત્ર | ૭–૮ |
| તીર્થંકર ચરિત્ર | ૬–૮ |
| [ ૨૪ ફોટા સાથે ] | |
| શ્રેયાંસનાથ ચરિત્ર | ૭–૮ |
| દમયંતી ચરિત્ર | ૭–૮ |
| સંઘપતિ ચરિત્ર | ૬–૮ |
| કથારત્નકોષ ભા. ૧ | ૧૦–૦ |
| કથારત્નકોષ ભા. ૨ | ૭–૮ |
| આદર્શ સ્રીરત્નો | ૨–૦ |
| અનેકાંતવાદ | ૧–૦ |
| નમસ્કાર માહાત્મ્ય | ૧–૦ |

## શ્રી ચંદુલાલ એમ શાહ

| | |
|---|---|
| તેજતર્પણ | ૪–૦ |
| [જગડુશાહનું જીવન] | |
| ઇલાચીકુમાર | ૩–૦ |
| કયવન્ના શેઠ | ૩–૪ |
| મયણાસુંદરી | ૩–૦ |
| અમરકુમાર | ૪–૦ |
| શાલિભદ્ર | ૪–૦ |

## સારાભાઇ નવાબ

| | |
|---|---|
| પુરીષાદાણી પાર્શ્વનાથ | ૪–૦ |
| કથામંજરી ભા ૧ લો | ૨–૮ |
| કથામંજરી ભા. ૨ | ૨–૮ |
| શ્રીપાલ કથા | ૪–૦ |

## હિન્દી પ્રકાશનો

| | |
|---|---|
| રાજા ભીમકુમાર | ૦–૮ |
| ત્રિષષ્ઠિ·શલાકાપુરૂષ | ૭–૮ |
| ભ૦ મહાવીર | ૪–૦ |
| સંભવનાથ | ૦–૧૦ |
| વિક્રમચરિત્ર | ૫–૦ |
| વીરધર્મકી કહાનીયાં | ૨–૦ |
| જનધર્મકી પ્રાણીકથાએ | ૧–૮ |
| રાજા તેજસિંહ | ૦–૬ |

## વાર્તાના જુદાજુદા લેખકોના પ્રકાશનો

| | |
|---|---|
| નર્મદાસુંદરી | ૨–૮ |
| સૌરભ | ૨–૦ |
| કુમારપાળ ભૂપાળ ભા. ૧–૨ | ૪–૮ |
| મોતીશા શેઠ | ૨–૮ |
| વિક્રમચરિત્ર | ૪–૦ |
| સુદર્શના ચરિત્ર | ૫–૦ |
| ગુણસેન અગ્નિશર્મા | ૨–૦ |
| શૌર્યનાં તેજ | ૨–૪ |
| વર્ધમાન દેશના | ૪–૦ |
| સમરાદિત્ય કેવલી | ૫–૦ |
| સતી રત્ન કથા સંગ્રહ | ૪–૦ |
| વાર્તાવિહાર | |
| ગંગાપ્રવાહ | ૧- |
| જીવનની દિશા | ૧- |
| ભાવડ–ભાવડ | ૭ |

## તીર્થ અંગેના પ્રકાશનો

| | |
|---|---|
| શત્રુંજય માહાત્મ્ય | ૮– |
| શત્રુંજય મહાતીર્થોદ્ધાર વર્ણન ૨ | |
| શત્રુંજય તીર્થદર્શન | ૧- |
| શત્રુંજય દિગ્દર્શન | ૧–૦ |
| શત્રુંજય [આલ્બમ] | ૧- |
| ભારત જૈન તીર્થદર્શન | ૧– |
| શંખેશ્વર મહાતીર્થ | ૨–૦ |
| તીર્થરાજ આબુ | ૫– |
| અચલગઢ | ૨–૦ |
| રાણકપુર પંચતીર્થિ | ૨– |
| ઉપરીયાળા તીર્થ | ૦- |
| પ્રાચીન તીર્થભૂમિઓ | ૨- |
| આબુ પ્રદક્ષિણા | ૦ |
| ચાર તીર્થો | ૧ |

## અધ્યાત્મનાં પ્રકાશનો

| | |
|---|---|
| કર્મયોગ | ૧૨–૮ |
| નિશ્ચય–વ્યવહાર | |
| અધ્યાત્મ કલ્પદ્રુમ | |
| આનંદઘન પદો | |
| આનંદઘનપદસંગ્રહ | ૧૨ |
| આંતરજ્યોતિ | ૫- |

**સોમચંદ ડી. શાહ** ઠે૦ જીવનનિવાસ સામે **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

:: મુદ્રક :: કાંતિલાલ ડી. શાહ :: કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ :: પાલીતાણા (સૌરાષ્ટ્ર)
:: પ્રકાશક :: કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા ::